## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન- જૂનાગઢ


નિર્મિત

### રાષ્ટ્રીય સર્વેક્ષણ

# પરખ

# પ્રશ્નબેંક

વર્ષ: 2026-27



## ધોરણ- 5

# PARAKH Rashtriya Sarvekshan 2024

## શિક્ષણની ગુણવત્તા તરફ આગળ વધતો

# જૂનાગઢ જિલ્લો

ગુણવત્તાયુક્ત શિક્ષણ
સશક્ત ગુજરાત
ઉજ્જવળ ભવિષ્ય

## PARAKH REPORT CARD 2024 ANALYSIS – JUNAGADH DISTRICT

### ધોરણ 3
FOUNDATION STAGE

જૂનાગઢનો રેન્ક
રેન્ક 19
(54%)

#### ધોરણ ત્રણ નું વિષયવાર પરિણામ

| વિષય | રાજ્ય સરેરાશ | જૂનાગઢ જિલ્લો | તફાવત |
|---|---|---|---|
| ભાષા (Language) | 57% | 58% | ↑ +1% |
| ગણિત (Maths) | 52% | 50% | ↓ -2% |
| એકંદર સરેરાશ | 54% | 54% | 0% |

**મુખ્ય તારણ:**
ભાષામાં રાજ્ય કરતાં 1% વધુ,
ગણિતમાં 2% ઓછું.
એકંદર સરેરાશ રાજ્ય જેટલું જ (54%).

### ધોરણ 6
PREPARATORY STAGE

જૂનાગઢનો રેન્ક
3
(49%)

#### ધોરણ 6 નું વિષયવાર પરિણામ

| વિષય | રાજ્ય સરેરાશ | જૂનાગઢ જિલ્લો | તફાવત |
|---|---|---|---|
| ભાષા (Language) | 51% | 55% | ↑ +4% |
| ગણિત (Maths) | 40% | 44% | ↑ +4% |
| આપણી આસપાસની દુનિયા (The World Around Us) | 45% | 48% | ↑ +3% |
| એકંદર સરેરાશ | 45% | 49% | ↑ +4% |

**મુખ્ય તારણ:**
ત્રણેય વિષયોમાં જૂનાગઢ જિલ્લો
રાજ્યના સરેરાશ કરતાં આગળ.
એકંદર સરેરાશ રાજ્ય કરતાં 4% વધુ.

## એક નજરે સરખામણી

| ધોરણ | રાજ્ય સરેરાશ | જૂનાગઢ સરેરાશ | સ્થિતિ |
|---|---|---|---|
| ધોરણ 3 | 54% | 54% | સમાન = |
| ધોરણ 6 | 45% | 49% | જૂનાગઢ +4% ↑ |

**સાથે મળીને ગુણવત્તાયુક્ત શિક્ષણ તરફ આગળ વધીએ,**
**દરેક બાળકને ઉત્તમ ભવિષ્ય આપીએ.**

## પ્રેરક

**ડૉ.આશાબેન રાજ્યગુરુ - પ્રાચાર્ય**

## માર્ગદર્શક

**કંચનબેન ભૂત - સિનીયર લેક્ચરર**
**ભરતભાઇ મેસિયા - લેક્ચરર**
**કાશ્મીરાબેન ભટ્ટ - લેક્ચરર**
**મોનિકાબેન ગોસ્વામી -લેક્ચરર**
**દેવાંગભાઈ જોશી - સંશોધન સહાયક**

## ગુજરાતી વિષય કન્વીનર

**મેઘનાથી પરેશગિરિ**
**વિસણવેલ પ્રા.શાળા, તા. માળીયા**

## ગણિત વિષય કન્વીનર

**મારવણિયા કૃણાલકુમાર**
**પી.એમ.શ્રી શાળા શાપુર, તા.વંથલી**

## પર્યાવરણ વિષય કન્વીનર

**ભટ્ટ ભરતકુમાર**
**બોડકા પ્રા.શાળા, તા. વંથલી**

## લેખન અને સમીક્ષા

### ગુજરાતી

**ભટ્ટ નિલેશભાઈ**
મોટા હડમતીયા પ્રાથમિક શાળા, તા. વિસાવદર
**પઠાણ મોહસીનખાન**
રામેશ્વર પ્રાથમિક શાળા, તા. જુનાગઢ

### ગણિત

**રાઠોડ ચંદુભાઈ**
ઢોળવા પ્રા. શાળા, તા. ભેંસાણ
**આસોદરીયા જિજ્ઞાસાબેન**
ગોરવિયાળી પ્રા. શાળા, તા. ભેંસાણ

### પર્યાવણ

**વડુકુળ જયકુમાર**
ભોલર સીમશાળા, તા. માળીયા
**ચુડાસમા પરાગભાઈ**
લાલબાગ પ્રા.શાળા, તા. માંગરોળ

પ્રિય શિક્ષકમિત્રો

ગુણવત્તાયુક્ત શિક્ષણ એ સમૃદ્ધ અને સશક્ત રાષ્ટ્રના નિર્માણનો આધારસ્તંભ છે. પ્રાથમિક કક્ષાએ વિદ્યાર્થીઓમાં ભાષા, ગણિત અને પર્યાવરણીય અભ્યાસની પાયાની સમજ સાથે તાર્કિક વિચારશક્તિ, સમસ્યા ઉકેલાની ક્ષમતા તથા જીવનોપયોગી કૌશલ્યોનો વિકાસ થાય તે આજના શિક્ષણની અનિવાર્ય આવશ્યકતા છે.

રાષ્ટ્રીય સર્વેક્ષણ **પરખ**ના અનુસંધાને ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓની અધ્યયન નિષ્પત્તિઓનું અસરકારક મૂલ્યાંકન થઈ શકે અને તેઓ આત્મવિશ્વાસપૂર્વક સર્વેક્ષણમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરે તે હેતુથી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢ દ્વારા આ વિશેષ **પ્રશ્નબેંક** તૈયાર કરવામાં આવી છે.

આ પ્રશ્નબેંક માત્ર મૂલ્યાંકનનું સાધન નથી, પરંતુ વર્ગખંડમાં નિયમિત મહાવરા, પુનરાવર્તન અને નિદાનાત્મક મૂલ્યાંકન માટેનું એક અસરકારક પથદર્શક પણ છે. મને વિશ્વાસ છે કે તમામ શિક્ષકમિત્રો તેનો સર્જનાત્મક અને અસરકારક ઉપયોગ કરીને વિદ્યાર્થીઓને વધુ સક્ષમ બનાવશે.

આ પ્રશ્નબેંકના નિર્માણમાં નિષ્ઠાપૂર્વક યોગદાન આપનાર DIETના તમામ વ્યાખ્યાતાશ્રીઓ, વિષય નિષ્ણાતો, લેખકવૃંદ તેમજ આયોજન સાથે જોડાયેલા તમામ સહયોગીઓનો હું હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. તેમના સમર્પણ અને પરિશ્રમના પરિણામે શિક્ષકો અને વિદ્યાર્થીઓને એક ઉપયોગી શૈક્ષણિક **પ્રશ્નબેંક** પ્રાપ્ત થઈ છે.

આવો, સૌ સાથે મળીને ગુણવત્તાસભર શિક્ષણના ધ્યેયને સાકાર કરીએ અને આપણા જિલ્લાના દરેક વિદ્યાર્થીને રાષ્ટ્રીય સર્વેક્ષણમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે સજ્જ બનાવીએ. એ જ આપણા સૌના સંયુક્ત પ્રયાસોની સાચી સફળતા ગણાશે.

**ડો. આશાબેન રાજ્યગુરુ, પ્રાચાર્ય**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,જૂનાગઢ**

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પાનાં નબર |
|---|---|---|
| 1. | ભાષા | 1 to 28 |
| 2. | ભાષા- Answer Key | 29 to 32 |
| 3. | ગણિત | 33 to 59 |
| 4. | ગણિત- Answer Key | 60 to 63 |
| 5. | પર્યાવરણ | 64 to 116 |
| 6. | પર્યાવરણ- Answer Key | 116 to 127 |

# ભાષા

## ૧. પાણીની મુસાફરી (જળચક્ર)

પૃથ્વી પરનું પાણી ક્યારેય એક જગ્યાએ સ્થિર રહેતું નથી, તે સતત પોતાની મુસાફરી ચાલુ રાખે છે જેને 'જળચક્ર' કહેવાય છે. સૂર્યની ગરમીને કારણે નદી, તળાવ અને સમુદ્રના પાણીનું વરાળમાં રૂપાંતર થાય છે, જેને બાષ્પીભવન કહે છે. આ વરાળ આકાશમાં ઊંચે જઈને ઠંડી પડે છે અને તેનાથી વાદળો બંધાય છે, જેને ઘનીભવન કહેવાય છે. જ્યારે આ વાદળો ખૂબ ભારે થઈ જાય છે, ત્યારે તે વરસાદ સ્વરૂપે ફરી પૃથ્વી પર પાછા ફરે છે. આ કુદરતી ચક્રને લીધે જ પૃથ્વી પર પીવાનું શુદ્ધ પાણી સતત મળી રહે છે.

**1. પૃથ્વી પર પાણીની સતત મુસાફરીને શું કહેવાય છે?**

(A) વરસાદચક્ર (B) જળચક્ર

(C) હવાચક્ર (D) ઋતુચક્ર

**2. સૂર્યની ગરમી અને બાષ્પીભવન વચ્ચે કયો સંબંધ છે?**

(A) સૂર્યની ગરમીને કારણે પાણી વરાળમાં ફેરવાય છે.

(B) સૂર્યની ગરમીને કારણે વાદળો વરસાદમાં ફેરવાય છે.

(C) સૂર્યની ગરમીને કારણે વરાળ ઠંડી પડે છે.

(D) સૂર્યની ગરમીને કારણે વરસાદ જમીનમાં જતો નથી.

**3.કોઈ તળાવનું પાણી સૂર્યની ગરમીથી ધીમે ધીમે ઓછું થતું જોવા મળે છે. ફકરાની માહિતીના આધારે તેનું મુખ્ય કારણ શું હોઈ શકે?**

(A) ઘનીભવન (B) બાષ્પીભવન

(C) વરસાદ (D) વાદળનું નિર્માણ

**4. જો સૂર્યની ગરમી ન મળે તો જળચક્રમાં સૌથી પહેલાં કઈ પ્રક્રિયા પર અસર પડશે?**

(A) વાદળોનું વજન (B) વરસાદ

(C) ઘનીભવન (D) બાષ્પીભવન

**5. ધારો કે વાદળોમાં પાણીની વરાળ ઘનીભૂત ન થાય, તો શું થવાની શક્યતા છે?**

(A) વરસાદની પ્રક્રિયા મુશ્કેલ બનશે.

(B) બાષ્પીભવન સંપૂર્ણપણે વધી જશે.

(C) સમુદ્રનું પાણી તરત જ પીવાલાયક બની જશે.

(D) જળચક્ર વધુ ઝડપથી પૂર્ણ થશે.

**6. જળચક્રની નીચેની કઈ ક્રમબદ્ધ પ્રક્રિયા સાચી છે?**

(A) વરસાદ → બાષ્પીભવન → ઘનીભવન

(B) ઘનીભવન → વરસાદ → બાષ્પીભવન

(C) બાષ્પીભવન → ઘનીભવન → વરસાદ

(D) વરસાદ → ઘનીભવન → બાષ્પીભવન

**7. એક ગામમાં વરસાદનું પ્રમાણ ઘટી ગયું છે. જળચક્રની સમજના આધારે ગામના લોકો કયો ઉપાય કરી શકે?**

(A) વરસાદી પાણીનો સંગ્રહ કરી તેનો યોગ્ય ઉપયોગ કરવો.

(B) પાણીનો બગાડ વધારવો.

(C) તળાવનું પાણી વેડફી નાખવું.

(D) જળાશયોમાંથી પાણી કાઢી નાખવું.

**8. નીચેના પૈકી કયું નિવેદન જળચક્રનું સૌથી યોગ્ય મહત્વ દર્શાવે છે?**

(A) તે માત્ર સમુદ્રનું પાણી ગરમ કરે છે.

(B) તે માત્ર વરસાદી ઋતુમાં જ કાર્ય કરે છે.

(C) તે માત્ર વાદળોનું નિર્માણ કરે છે.

(D) તે પૃથ્વી પર પાણીના કુદરતી પરિભ્રમણમાં મદદ કરે છે

## ૨. સૂર્યમંડળ

આપણું સૂર્યમંડળ એ બ્રહ્માંડનો એક નાનો પણ ખૂબ જ રસપ્રદ ભાગ છે. તેના કેન્દ્રમાં 'સૂર્ય' છે, જે એક વિશાળ અને અત્યંત ગરમ તારો છે. સૂર્યની આસપાસ આઠ મુખ્ય ગ્રહો પોતાની ચોક્કસ કક્ષામાં સતત ચક્કર લગાવે છે. સૂર્યની સૌથી નજીકનો ગ્રહ 'બુધ' છે, જ્યારે સૌથી મોટો ગ્રહ 'ગુરુ' છે. આપણી પૃથ્વી ત્રીજા નંબરે આવે છે, જ્યાં અનુકૂળ તાપમાન, હવા અને પાણી હોવાને કારણે જીવન શક્ય બન્યું છે. ચંદ્ર એ પૃથ્વીનો એકમાત્ર કુદરતી ઉપગ્રહ છે જે પૃથ્વીની આસપાસ ફરે છે.

**1. સૂર્યમંડળના કેન્દ્રમાં શું આવેલું છે?**

(A) પૃથ્વી (B) ચંદ્ર

(C) સૂર્ય (D) ગુરુ

**2. સૂર્ય અને આઠ ગ્રહો વચ્ચે કયો સંબંધ છે?**

(A) આઠ ગ્રહો સૂર્યની આસપાસ પોતાની કક્ષામાં ફરે છે.

(B) સૂર્ય આઠ ગ્રહોની આસપાસ ફરે છે.

(C) આઠ ગ્રહો માત્ર પૃથ્વીની આસપાસ ફરે છે.

(D) સૂર્ય અને ગ્રહો એક જ કક્ષામાં ફરે છે.

**3. કોઈ વિદ્યાર્થી સૂર્યની સૌથી નજીક આવેલા ગ્રહ વિશે માહિતી મેળવવા માંગે છે. તેણે કયા ગ્રહનો અભ્યાસ કરવો જોઈએ?**

(A) પૃથ્વી (B) ગુરુ

(C) ચંદ્ર (D) બુધ

**4. ધારો કે પૃથ્વી પર પાણી અને અનુકૂળ તાપમાન ન હોત, તો શું અનુમાન કરી શકાય?**

(A) પૃથ્વી સૂર્યની આસપાસ ફરવાનું બંધ કરે.

(B) પૃથ્વી પર જીવનનું અસ્તિત્વ મુશ્કેલ બને.

(C) ચંદ્ર પૃથ્વીથી પરથી અદૃશ્ય થઈ જાય.

(D) ગુરુ સૌથી નાનો ગ્રહ બની જાય.

**5. જો પૃથ્વી સૂર્યની આસપાસ પોતાની કક્ષામાં ફરતી ન હોત, તો ફકરામાં આપેલી માહિતીના આધારે કયો નિષ્કર્ષ સૌથી યોગ્ય છે?**

(A) સૂર્યમંડળની ગોઠવણીમાં મોટો ફેરફાર થાy.

(B) પૃથ્વીનો ચંદ્ર તરત જ મોટો બની જાy.

(C) ગુરુનો આકાર બદલાઈ જાy.

(D) બુધ પૃથ્વીની આસપાસ ફરવા લાગે.

**6. નીચેના પૈકી કયો ક્રમ સૂર્યથી ગ્રહોની શરૂઆત દર્શાવે છે?**

(A) પૃથ્વી → બુધ → ગુરુ

(B) ગુરુ → પૃથ્વી → બુધ

(C) બુધ → પૃથ્વી → ગુરુ

(D) પૃથ્વી → ગુરુ → બુધ

## 3. લોકવાર્તાનું મહત્વ

લોકવાર્તાઓ એ પેઢી દર પેઢી મૌખિક રીતે ચાલી આવતી રસપ્રદ વાર્તાઓ છે, જે આપણી સંસ્કૃતિનો અમૂલ્ય વારસો છે. આવી વાર્તાઓમાં રાજા-રાણી, પ્રાણીઓ, સાહસિક બાળ વિરો અને સામાન્ય માણસોની ચતુરતાના પ્રસંગો હોય છે. લોકવાર્તાઓ માત્ર મનોરંજન પૂરતી સીમિત નથી હોતી, પરંતુ તેમાંથી આપણને પ્રામાણિકતા, દયા, સાહસ અને મુશ્કેલ સમયમાં બુદ્ધિનો ઉપયોગ જેવા મૂલ્યવાન જીવનાદર્શો શીખવા મળે છે. તે બાળકના કલ્પનાશક્તિ અને વિવેકબુદ્ધિના વિકાસમાં મહત્વનો ભાગ ભજવે છે.

**1. લોકવાર્તાઓ મુખ્યત્વે કેવી રીતે એક પેઢીથી બીજી પેઢી સુધી પહોંચે છે?**

(A) લખાણ દ્વારા (B) મૌખિક રીતે

(C) ચિત્રો દ્વારા (D) જાહેરાતો દ્વારા

**2. લોકવાર્તાઓ અને આપણી સંસ્કૃતિ વચ્ચે શું સંબંધ છે?**

(A) લોકવાર્તાઓ આપણી સંસ્કૃતિનો અમૂલ્ય વારસો છે.

(B) લોકવાર્તાઓ સંસ્કૃતિને ભૂલવામાં મદદ કરે છે.

(C) લોકવાર્તાઓનો સંસ્કૃતિ સાથે કોઈ સંબંધ નથી.

(D) લોકવાર્તાઓ માત્ર મનોરંજન માટે બનાવવામાં આવે છે.

**3.લોકવાર્તાઓ માત્ર મનોરંજન પૂરતી સીમિત નથી—આવું શા માટે કહી શકાય?**

(A) તેમાં લાંબી વાર્તાઓ હોય છે.

(B) તે મૌખિક રીતે કહેવાય છે.

(C) તેમાં રાજા-રાણીનાં પાત્રો હોય છે.

(D) તેમાં જીવનમૂલ્યો અને ઉપયોગી શીખ મળે છે.

**4. એક લોકવાર્તામાં ગરીબ માણસ મુશ્કેલીમાં ફસાયેલા વ્યક્તિની મદદ કરે છે. આ પ્રસંગમાંથી કયું મૂલ્ય સૌથી વધુ સ્પષ્ટ થાય છે?**

(A) દયા (B) આળસ

(C) સ્વાર્થ (D) ગુસ્સો

## ૪. આપણું બંધારણ અને રાષ્ટ્રીય પ્રતિકો

ભારત એક વિવિધતાથી ભરેલો દેશ છે, જેને સુચારુ રીતે ચલાવવા માટે એક ખાસ નિયમપુસ્તિકા બનાવવામાં આવી છે, જેને બંધારણ કહે છે. ડો. બાબાસાહેબ આંબેડકરને આપણા બંધારણના ઘડવૈયા માનવામાં આવે છે. આપણા દેશનું રાષ્ટ્રીય પ્રતિક 'અશોક સ્તંભ' છે, જેમાં ચાર સિંહની મુખાકૃતિ છે અને તેની નીચે 'સત્યમેવ જયતે' લખેલું છે. આપણો રાષ્ટ્રધ્વજ 'તિરંગો' છે, જેમાં કેસરી રંગ વીરતાનું, સફેદ રંગ શાંતિનું અને લીલો રંગ સમૃદ્ધિનું પ્રતિક છે. આ રાષ્ટ્રીય પ્રતિકો આપણને દેશ પ્રત્યે આદર અને એકતાની ભાવના શીખવે છે.

**1. ભારતને સુચારુ રીતે ચલાવવા માટે બનાવવામાં આવેલી નિયમપુસ્તિકાને શું કહેવામાં આવે છે?**

(A) રાષ્ટ્રધ્વજ (B) બંધારણ

(C) રાષ્ટ્રીય પ્રતિક (D) સંસદ

**2. ડો. બાબાસાહેબ આંબેડકર અને ભારતીય બંધારણ વચ્ચે કયો સંબંધ છે?**

(A) તેઓ ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ હતા.

(B) તેમણે અશોક સ્તંભ બનાવ્યો હતો.

(C) તેમણે રાષ્ટ્રધ્વજ બનાવ્યો હતો.

(D) તેમને ભારતીય બંધારણના ઘડવૈયા માનવામાં આવે છે.

**3.શાળામાં રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવે ત્યારે વિદ્યાર્થી તરીકે તમારું વર્તન કેવું હોવું જોઈએ?**

(A) રાષ્ટ્રધ્વજ પ્રત્યે આદર દર્શાવવો.

(B) રાષ્ટ્રધ્વજ સાથે રમવું.

(C) રાષ્ટ્રધ્વજની અવગણના કરવી.

(D) રાષ્ટ્રધ્વજને જમીન પર મૂકવો.

**4. જો કોઈ વ્યક્તિ "સત્યમેવ જયતે"ના વિચારને પોતાના જીવનમાં અપનાવવા માંગે, તો તે શું કરશે?**

(A) બીજાને છેતરશે. (B) મુશ્કેલીમાં જૂઠું બોલશે.

(C) હંમેશાં સત્ય બોલવાનો પ્રયત્ન કરશે. (D) સત્ય છુપાવશે.

**5. જો કોઈ વિદ્યાર્થી રાષ્ટ્રીય પ્રતિકોનો આદર કરે છે, તો તેના વર્તનમાંથી કયો ગુણ સૌથી વધુ દેખાય છે?**

(A) દેશપ્રેમ (B) સ્વાર્થ

(C) આળસ (D) ભય

## ૫. નદીઓ

નદીઓને આપણે 'લોકમાતા' કહીએ છીએ, કારણ કે માનવ સંસ્કૃતિનો વિકાસ નદીઓના કિનારે જ થયો છે. નદીઓ પર્વતોમાંથી નીકળીને મેદાનો તરફ વહે છે અને અંતે સમુદ્રને મળે છે. નદીનું પાણી પીવા માટે, ખેતીમાં સિંચાઈ માટે અને વીજળી ઉત્પન્ન કરવા માટે અત્યંત ઉપયોગી છે. ભારતની ગંગા, નર્મદા અને મહી જેવી નદીઓ કરોડરજ્જુ સમાન છે. પરંતુ આજે કારખાનાના રસાયણો અને કચરાના કારણે નદીઓ પ્રદૂષિત થઈ રહી છે. નદીઓની સ્વચ્છતા જાળવવી એ દરેક નાગરિકની પ્રાથમિક ફરજ છે.

**1. નદીઓને ‘લોકમાતા’ શા માટે કહેવામાં આવે છે?**

(A) નદીઓમાં ઘણી માછલીઓ હોય છે.

(B) માનવ સંસ્કૃતિનો વિકાસ નદીઓના કિનારે થયો છે.

(C) નદીઓ ખૂબ લાંબી હોય છે.

(D) નદીઓ સમુદ્રમાં મળે છે.

**2. નદીઓ અને ખેતી વચ્ચે કયો સંબંધ છે?**

(A) નદીઓના પાણીનો ઉપયોગ ખેતીમાં સિંચાઈ માટે થાય છે.

(B) ખેતીના કારણે નદીઓ પર્વતોમાંથી નીકળે છે.

(C) નદીઓ ખેતીને પ્રદૂષિત કરે છે.

(D) ખેતીને નદીઓના પાણીની જરૂર પડતી નથી.

**3.તમારા ગામની નજીકની નદીમાં લોકો કચરો નાખતા હોય તો તમે શું કરશો?**

(A) નદીનું પાણી વાપરવાનું બંધ કરી દેશો.

(B) તમે પણ નદીમાં કચરો નાખશો.

(C) નદીથી દૂર ચાલ્યા જશો.

(D) કચરો નાખતા લોકોને રોકી નદી સ્વચ્છ રાખવા સમજાવશો.

**4.જો નદીઓ કારખાનાના રસાયણો અને કચરાથી પ્રદૂષિત થતી રહે, તો તેની સૌથી ગંભીર અસર કઈ હોઈ શકે?**

(A) નદીનું પાણી ઉપયોગ માટે અયોગ્ય બની શકે.

(B) નદી વધુ ઝડપથી સમુદ્રમાં પહોંચશે.

(C) નદીનું પાણી આપમેળે શુદ્ધ થઈ જશે.

(D) નદીઓ પર્વતો તરફ વહેવા લાગશે.

**5. જો કોઈ કારખાનું પોતાનો રાસાયણિક કચરો નદીમાં છોડે છે, તો નાગરિક તરીકે યોગ્ય પગલું કયું છે?**

(A) નદીનું પાણી વધુ વાપરવું.

(B) કારખાનાને વધુ કચરો નદીમાં નાખવા પ્રોત્સાહિત કરવું.

(C) જવાબદાર અધિકારીઓને જાણ કરી પ્રદૂષણ અટકાવવાનો પ્રયાસ કરવો.

(D) સમસ્યાની અવગણના કરવી.

## ૬. સિદ્ધરાજ જયસિંહ અને માલણ (વાર્તા)

ગુજરાતના પ્રખ્યાત રાજા સિદ્ધરાજ જયસિંહ પાટણમાં શાસન કરતા હતા. તે સમયે પાટણમાં પાણીની ખૂબ તંગી હતી, તેથી રાજાએ એક વિશાળ 'સહસ્ત્રલિંગ તળાવ' બનાવવાનું શરૂ કર્યું. હજારો મજૂરો તળાવ ખોદવાના કામમાં લાગેલા હતા.

એક દિવસ રાજા તળાવના કામનું નિરીક્ષણ કરવા ગયા. ત્યાં તેમણે એક ગરીબ માલણ (ફૂલ વેચનારી સ્ત્રી) ને જોઈ, જે તળાવના કિનારે નાની ઝૂંપડીમાં રહેતી હતી. તળાવને મોટું અને સુંદર બનાવવા માટે તે માલણની ઝૂંપડીવાળી જમીનની જરૂર હતી. રાજાના મંત્રીઓએ માલણને તેની ઝૂંપડી ખાલી કરવા કહ્યું અને તેના બદલામાં કિંમતી સોનામહોરો આપવાની લાલચ આપી. પરંતુ માલણે ના પાડી અને કહ્યું, "આ મારી વડવાઓની જમીન છે, હું તેને વેચીશ નહીં."

મંત્રીઓએ રાજાને કહ્યું કે આપણે બળપૂર્વક તે ઝૂંપડી પડાવી લઈએ. પરંતુ રાજા સિદ્ધરાજ જયસિંહે ના પાડી. તેમણે કહ્યું, "જો હું રાજા થઈને એક ગરીબ સ્ત્રી પર અત્યાચાર કરીશ, તો ઇતિહાસ મને ક્યારેય માફ નહીં કરે." રાજાએ તળાવનો નકશો બદલાવી નાખ્યો અને ઝૂંપડીની આસપાસથી તળાવ ખોદાવ્યું. પાટણના ઇતિહાસમાં આ ઘટના 'ન્યાય જોવો હોય તો પાટણની માલણનો જુઓ' તરીકે પ્રખ્યાત થઈ.

**1. સહસ્ત્રલિંગ તળાવ બનાવવાનું મુખ્ય કારણ શું હતું?**

(A) પાટણને સુંદર બનાવવું
(B) મજૂરોને રોજગાર આપવો
(C) પાટણમાં પાણીની તંગી દૂર કરવી
(D) રાજમહેલને મોટું બનાવવું

**2. માલણે ઝૂંપડીની જમીન વેચવાનો ઇનકાર શા માટે કર્યો?**

(A) તેને વધુ સોનામહોરો જોઈતા હતા
(B) તે જમીન તેના વડવાઓની હતી
(C) તેને તળાવ બનાવવાનું પસંદ નહોતું
(D) તે પાટણ છોડવા માગતી હતી

**3. મંત્રીઓએ “બળપૂર્વક ઝૂંપડી પડાવી લઈએ” એવી સલાહ આપી, પરંતુ રાજાએ તેનો વિરોધ કર્યો. આ નિર્ણય રાજાના કયા ગુણને સૌથી વધુ દર્શાવે છે?**

(A) કડક શાસન

(B) ન્યાયપ્રિયતા અને માનવતાવાદ

(C) સંપત્તિ પ્રત્યેનો મોહ

(D) પોતાની સત્તાનો ઉપયોગ

**4. રાજાએ તળાવનો નકશો બદલી નાખ્યો. આ નિર્ણયનું સૌથી મહત્વનું પરિણામ કયું હતું?**

(A) તળાવનું કામ બંધ થઈ ગયું

(B) માલણને પોતાની જમીન ગુમાવવી પડી

(C) તળાવનું કામ ચાલુ રહ્યું અને માલણની જમીન પણ બચી ગઈ

(D) મંત્રીઓએ રાજાનો વિરોધ કર્યો

**5. મંત્રીઓ અને રાજાના નિર્ણયમાં મુખ્ય તફાવત કયો હતો?**

(A) મંત્રીઓ તળાવ બનાવવા માગતા હતા, રાજા નહોતા માગતા

(B) મંત્રીઓ પરિણામને મહત્વ આપતા હતા, જ્યારે રાજા પરિણામ સાથે ન્યાયને પણ મહત્વ આપતા હતા

(C) મંત્રીઓ ગરીબોને મદદ કરવા માગતા હતા

(D) રાજા તળાવનું કામ અટકાવવા માગતા હતા

**6. રાજાએ ગરીબ માલણના હકનું રક્ષણ કરવું શા માટે યોગ્ય નિર્ણય હતો?**

(A) કારણ કે માલણ રાજાની ઓળખીતિ હતી

(B) કારણ કે ગરીબ વ્યક્તિના અધિકારો પણ અન્ય લોકો જેટલા જ મહત્વપૂર્ણ છે

(C) કારણ કે તળાવ જરૂરી નહોતું

(D) કારણ કે મંત્રીઓ ખોટું બોલતા હતા

**7. જો રાજાએ મંત્રીઓની સલાહ માનીને બળજબરીથી માલણની જમીન લઈ લીધી હોત, તો નીચેમાંથી કયું પરિણામ સૌથી સંભવિત હતું?**

(A) રાજાની ન્યાયપ્રિયતાની પ્રતિષ્ઠાને નુકસાન થાત

(B) માલણ રાજાથી ખુશ થાત

(C) લોકો રાજાને વધુ ન્યાયી માનત

(D) તળાવ તરત જ વધુ મોટું બની જાત

**8. રાજાનો નિર્ણય શાસનના કયા સિદ્ધાંતને દર્શાવતો હતો?**

(A) સત્તાનો મનસ્વી ઉપયોગ

(B) કાયદા અને ન્યાય સમક્ષ સમાનતા

(C) રાજાની સંપત્તિમાં વધારો

(D) મંત્રીઓની આજ્ઞાનું પાલન

## ૭. કાઠિયાવાડના ઘોડાની વફાદારી

સૌરાષ્ટ્ર (કાઠિયાવાડ) ના એક ગામમાં જેસલ નામનો એક બહાદુર બહારવટિયો રહેતો હતો. તેની પાસે એક અદભુત કાઠિયાવાડી ઘોડો હતો, જેનું નામ 'બાદલ' હતું. બાદલ ખૂબ જ ચતુર, ઝડપી અને પોતાના માલિક પ્રત્યે વફાદાર હતો. જેસલ તેને પોતાના દીકરાની જેમ રાખતો હતો.

એકવાર અંગ્રેજ સૈનિકોએ જેસલને ચારેય બાજુથી ઘેરી લીધો. જેસલ ઘાયલ થઈ ગયો હતો અને તેનામાં ભાગવાની શક્તિ નહોતી. તેણે બાદલની પીઠ પર સવાર થઈને માત્ર એટલું જ કહ્યું, "બેટા બાદલ, આજે આપણી આબરૂ તારા હાથમાં છે." બાદલે પોતાના માલિકનો અવાજ ઓળખી લીધો. તેણે સૈનિકોના ઘેરાવ વચ્ચેથી એવી દોડ લગાવી કે અંગ્રેજો જોતા જ રહી ગયા.

રસ્તામાં એક ખૂબ ઊંડી અને પહોળી નદી આવતી હતી. સામાન્ય ઘોડો તે પાર ન કરી શકે, પણ બાદલે એક ક્ષણ પણ વિચાર્યા વિના હવામાં એવી લાંબી છલાંગ લગાવી કે તે નદી પાર કરી ગયો. જેસલ સુરક્ષિત જગ્યાએ પહોંચી ગયો, પરંતુ નદી પાર કરતી વખતે બાદલને ઊંડી ઈજાઓ થઈ હતી. પોતાના માલિકનો જીવ બચાવીને બાદલે તેના પગ પાસે જ પોતાના પ્રાણ ત્યાગી દીધા. જેસલની આંખોમાં આંસુ આવી ગયા અને તેણે બાદલની યાદમાં ત્યાં એક ઓટો બનાવડાવ્યો

**1. જેસલે બાદલને "બેટા બાદલ, આજે આપણી આબરૂ તારા હાથમાં છે" એમ શા માટે કહ્યું?**

(A) બાદલને દોડવાની સ્પર્ધામાં ભાગ લેવાનો હતો

(B) જેસલ ઘાયલ હોવાથી પોતાનો જીવ બચાવવા બાદલ પર આધાર રાખતો હતો

(C) બાદલને નદીમાં પાણી પીવડાવવાનું હતું

(D) જેસલ બાદલને નવી જગ્યાએ લઈ જવા માગતો હતો

**2. જો બાદલ પોતાના માલિકના અવાજને ઓળખતો ન હોત, તો શું મુશ્કેલી ઊભી થઈ શકત?**

(A) તે ઝડપથી દોડી શક્યો હોત

(B) તે સૈનિકોના ઘેરાવમાંથી બહાર નીકળવામાં નિષ્ફળ જઈ શક્યો હોત

(C) તે નદી સરળતાથી પાર કરી શક્યો હોત

(D) જેસલને ઈજા ન થઈ હોત

**3. બાદલે ઊંડી અને પહોળી નદી પાર કરવાની હિંમત શા માટે કરી હશે?**

(A) તેને નદીમાં રમવાનું ગમતું હતું

(B) તેને પોતાની શક્તિ બતાવવી હતી

(C) પોતાના માલિકને બચાવવાની વફાદારી અને તીવ્ર ઈચ્છાથી

(D) સૈનિકોએ તેને નદીમાં કૂદવાનું કહ્યું હતું

**4. જો બાદલે નદી પાર કરતી વખતે છલાંગ ન લગાવી હોત, તો સૌથી સંભવિત પરિણામ શું હોત?**

(A) જેસલ માટે બચવું વધુ મુશ્કેલ બન્યું હોત

(B) અંગ્રેજ સૈનિકો પાછા જતા રહ્યા હોત

(C) બાદલને કોઈ ઈજા ન થઈ હોત અને જેસલ તરત ઘરે પહોંચી જાત

(D) નદી આપોઆપ સૂકાઈ ગઈ હોત

**5. જેસલે બાદલની યાદમાં ઓટો બનાવડાવ્યો. આ ઘટનાથી જેસલની કઈ લાગણી વ્યક્ત થાય છે?**

(A) ગુસ્સો
(B) ઈર્ષ્યા
(C) કૃતજ્ઞતા અને લાગણીસભર સન્માન
(D) ભય

**6. નીચેના પૈકી કયો ઘટના ક્રમ યોગ્ય છે?**

(A) નદી પાર → સૈનિકોએ ઘેર્યો → બાદલનું મૃત્યુ → જેસલ ઘાયલ
(B) જેસલ ઘાયલ → સૈનિકોએ ઘેર્યો → બાદલ દોડ્યો → નદી પાર કરી → બાદલે પ્રાણ ત્યાગ્યા
(C) બાદલનું મૃત્યુ → નદી પાર → જેસલ ઘાયલ → સૈનિકોએ ઘેર્યો
(D) સૈનિકો આવ્યા → ઓટો બન્યો → બાદલે નદી પાર કરી → જેસલ ઘાયલ થયો

## ૮. ગોપાળબાપાની નીડરતા

વડોદરાના પ્રજાવાત્સલ્ય મહારાજા સયાજીરાવ ગાયકવાડ એકવાર શિકાર કરવા માટે એક કોતરોવાળા (પહાડી અને કોતરોવાળા) વિસ્તારમાં ગયા હતા. ત્યાં તેમની મુલાકાત ગોપાળબાપા નામના એક સાદા અને ગરીબ ખેડૂત સાથે થઈ. ગોપાળબાપા ત્યાં જમીન સુધારીને બોરડી (બોરના ઝાડ) ઉગાડવાનું કામ કરતા હતા.

મહારાજાએ તેમને પૂછ્યું, "તમે આ ઉજ્જડ જમીન પર કેમ મહેનત કરો છો?" ગોપાળબાપાએ નીડરતાથી જવાબ આપ્યો, "બાપુ, આ જમીન બહુ ફળદ્રુપ છે. જો અહીં મહેનત કરવામાં આવે તો ગરીબ પ્રજાને ખાવા માટે મીઠા બોર મળી રહે. પણ તમારી સરકારી ઓફિસોના ક્લાર્કો મને આ જમીન આપવા માટે લાંચ માંગે છે." એક સામાન્ય ખેડૂત રાજાની સામે આવી નીડરતાથી સત્ય બોલે તે જોઈને સયાજીરાવ આશ્ચર્યચકિત થઈ ગયા.

રાજાએ સહેજ પણ ગુસ્સે થયા વિના પેલા ભ્રષ્ટ અધિકારીઓને સજા કરી અને ગોપાળબાપાને તે જમીન મફતમાં આપી દીધી. એટલું જ નહીં, રાજાએ ગોપાળબાપાની પ્રામાણિકતાની પ્રશંસા પણ કરી.

**1. ગોપાળબાપા ઉજ્જડ જમીન પર કયું કામ કરતા હતા?**

(A) ખેતી માટે તળાવ બનાવતા હતા

(B) જમીન સુધારીને બોરડી ઉગાડતા હતા

(C) જંગલમાં વૃક્ષો કાપતા હતા

(D) મહારાજા માટે શિકારની વ્યવસ્થા કરતા હતા

**2. સયાજીરાવ ગાયકવાડ ગોપાળબાપાની વાત સાંભળીને ગુસ્સે થવાને બદલે આશ્ચર્યચકિત કેમ થયા?**

(A) ગોપાળબાપા રાજાને ઓળખતા ન હતા

(B) સામાન્ય અને ગરીબ ખેડૂત રાજા સામે પણ નીડરતાથી સત્ય બોલ્યો

(C) ગોપાળબાપા ખૂબ ધનિક હતા

(D) ગોપાળબાપાએ રાજાને શિકાર કરવામાં મદદ કરી

**3. ગોપાળબાપાની પ્રામાણિકતાનું શું પરિણામ આવ્યું?**

(A) તેમને જમીનમાંથી દૂર કરવામાં આવ્યા

(B) તેમને દંડ કરવામાં આવ્યો

(C) તેમને જમીન મફતમાં મળી અને તેમની પ્રામાણિકતાની પ્રશંસા થઈ

(D) તેમને સરકારી નોકરી મળી

**4. ગોપાળબાપા અને ભ્રષ્ટ અધિકારીઓના વર્તનમાં મુખ્ય તફાવત કયો હતો?**

(A) ગોપાળબાપા સત્ય અને પ્રજાહિત માટે ઊભા રહ્યા, જ્યારે અધિકારીઓએ સ્વાર્થ માટે લાંચ માંગી

(B) બંનેએ પોતાના લાભ માટે કામ કર્યું

(C) અધિકારીઓ ગરીબોની સેવા કરતા હતા

(D) ગોપાળબાપા લાંચ લેતા હતા અને અધિકારીઓ સત્ય બોલતા હતા

**5. સયાજીરાવનો ભ્રષ્ટ અધિકારીઓને સજા કરવાનો નિર્ણય શા માટે યોગ્ય હતો?**

(A) કારણ કે અધિકારીઓએ રાજાને ઓળખ્યા ન હતા

(B) કારણ કે લાંચ લેવી જાહેર જવાબદારી અને ન્યાયના સિદ્ધાંતો વિરુદ્ધ છે

(C) કારણ કે ગોપાળબાપા રાજાના મિત્ર હતા

(D) કારણ કે જમીન ખૂબ કિંમતી હતી

**6. જો સયાજીરાવે ગોપાળબાપાની ફરિયાદની તપાસ ન કરી હોત, તો લાંબા ગાળે શું થઈ શકત?**

(A) ભ્રષ્ટ અધિકારીઓને વધુ હિંમત મળે.

(B) ગોપાળબાપાની ખેતી ઝડપથી વધી જાય.

(C) ગરીબ પ્રજાને વધુ બોર મળે.

(D) જમીન આપોઆપ ફળદ્રુપ બની જાય.

## ૯. ચાણક્ય અને શિષ્યની પરીક્ષા

આચાર્ય ચાણક્ય પોતાના આશ્રમમાં શિષ્યોને શિક્ષણ આપતા હતા. તેમના શિષ્યોમાં ચંદ્રગુપ્ત સૌથી હોંશિયાર હતો. એક દિવસ આચાર્ય ચાણક્યે પોતાના શિષ્યોની બુદ્ધિની પરીક્ષા લેવાનું નક્કી કર્યું. તેમણે એક રૂમમાં મીણનું એક મોટું પૂતળું મૂક્યું અને તેના ચારેય બાજુ લોખંડનું પાંજરું બંધ કરી દીધું, જેને તાળું મારેલું હતું.

તેમણે બધા શિષ્યોને બોલાવીને કહ્યું, "તમારે પાંજરાને અડ્યા વિના કે તાળું તોડ્યા વિના આ મીણના પૂતળાને પાંજરાની બહાર કાઢવાનું છે." બધા શિષ્યો વિચારમાં પડી ગયા. કોઈને કંઈ સમજાયું નહીં કે લોખંડના સળિયાની વચ્ચેથી આ મોટું પૂતળું બહાર કેવી રીતે નીકળે? બધાએ હાર માની લીધી.

છેવટે ચંદ્રગુપ્ત આગળ આવ્યો. તેણે થોડીવાર પૂતળાને ધ્યાનથી જોયું. પછી તે બહાર ગયો અને સળગતા કોલસાની સગડી રૂમની અંદર લઈ આવ્યો અને પાંજરાની નજીક મૂકી દીધી. ગરમીના કારણે મીણનું પૂતળું ઓગળવા લાગ્યું અને બધું મીણ પાંજરાની નીચેથી બહાર વહી ગયું. ચંદ્રગુપ્તે હસતા મુખે કહ્યું, "ગુરુજી, પૂતળું પાંજરાની બહાર આવી ગયું છે." ચાણક્ય તેના આ બુદ્ધિચાતુર્યથી ખૂબ પ્રસન્ન થયા.

**1. ચાણક્યે શિષ્યોની બુદ્ધિની પરીક્ષા લેવા માટે રૂમમાં શું મૂક્યું હતું?**

(A) લોખંડનું પૂતળું (B) મીણનું મોટું પૂતળું

(C) લાકડાનું પાંજરું (D) માટીનું પાત્ર

**2. ચાણક્યે શિષ્યોને પાંજરું ન તોડવા અને તાળું ન ખોલવાની શરત શા માટે આપી હશે?**

(A) શિષ્યોની શારીરિક શક્તિ તપાસવા (B) શિષ્યોની યાદશક્તિ તપાસવા

(C) તેમની વિચારશક્તિ અને સમસ્યા ઉકેલવાની ક્ષમતા તપાસવા (D) તેમને પાંજરાની રચના શીખવવા

**3. બધા શિષ્યો નિષ્ફળ ગયા, જ્યારે ચંદ્રગુપ્ત સફળ થયો. તેનું મુખ્ય કારણ શું હતું?**

(A) ચંદ્રગુપ્તે પાંજરાનું તાળું તોડી નાખ્યું

(B) ચંદ્રગુપ્તે સમસ્યાને અલગ દૃષ્ટિકોણથી વિચારી અને મીણના ગુણધર્મનો ઉપયોગ કર્યો

(C) ચાણક્યે તેને ગુપ્ત રીતે મદદ કરી

(D) ચંદ્રગુપ્ત અન્ય શિષ્યો કરતાં વધુ શક્તિશાળી હતો

**4. સળગતા કોલસાની સગડી પાંજરા પાસે મૂકવાથી પૂતળું ઓગળવાનું શરૂ થયું. આનું કારણ શું હતું?**

(A) કોલસો પાંજરાને તોડી નાખતો હતો

(B) ગરમીના કારણે મીણની અવસ્થા બદલાઈ અને તે પ્રવાહી બન્યું

(C) પાંજરાનું તાળું ગરમ થઈને ખુલી ગયું

(D) પૂતળું હવાથી હળવું થઈ ગયું

**5. ચંદ્રગુપ્તે પાંજરાને અડ્યા વિના પૂતળું બહાર કાઢવાની શરત કેવી રીતે જાળવી?**

(A) તેણે તાળું ખોલી નાખ્યું

(B) તેણે પાંજરાના સળિયા વાંકા કર્યા

(C) તેણે પૂતળાનું સ્વરૂપ બદલીને મીણને પાંજરાની નીચેથી બહાર વહેવડાવ્યું

(D) તેણે પાંજરું ઊંચું કરી દીધું

**6. ચંદ્રગુપ્તની સફળતામાં નીચેના પૈકી કઈ બાબત સૌથી મહત્વપૂર્ણ હતી?**

(A) તેણે ઝડપથી નિર્ણય લીધો

(B) તેણે પૂતળાને ધ્યાનથી જોયું અને તેના ગુણધર્મને સમસ્યાના ઉકેલ સાથે જોડ્યો

(C) તેણે અન્ય શિષ્યોની મદદ લીધી

(D) તેણે ચાણક્યને પ્રશ્ન પૂછ્યો

**7. નીચેના પૈકી ચંદ્રગુપ્તની વિચારસરણીનું શ્રેષ્ઠ વર્ણન કયું છે?**

(A) "જે દેખાય છે તે જ શક્ય છે."

(B) "નિયમો તોડીને જ સમસ્યા ઉકેલી શકાય."

(C) "મર્યાદાઓની અંદર રહીને પણ નવી રીત શોધી શકાય."

(D) "બીજા નિષ્ફળ જાય તો પ્રયત્ન ન કરવો."

**8. ચાણક્ય ચંદ્રગુપ્તથી પ્રસન્ન થયા તેનું સૌથી યોગ્ય કારણ કયું છે?**

(A) તેણે નિયમો તોડ્યા હતા

(B) તેણે પોતાની શારીરિક શક્તિ બતાવી હતી

(C) તેણે તર્ક, અવલોકન અને બુદ્ધિચાતુર્યથી અશક્ય લાગતી સમસ્યાનો ઉકેલ શોધ્યો

(D) તેણે સૌથી ઝડપથી જવાબ આપ્યો હતો

## ૧૦. કંજૂસ કરોડમલ

એક સમૃદ્ધ શહેરમાં કરોડમલ નામનો એક ખૂબ જ ધનિક વેપારી રહેતો હતો. તેની પાસે અઢળક સંપત્તિ હતી, પણ તે ભારે કંજૂસ હતો. તે ક્યારેય કોઈ ગરીબને એક રૂપિયો પણ દાનમાં આપતો નહીં અને પોતાના પરિવાર પાછળ પણ ખર્ચ ન કરતો. તે હંમેશા ચિંતામાં રહેતો કે કોઈ તેના પૈસા ચોરી ન જાય.

એક દિવસ ગામમાં એક મહાન સંત પધાર્યા. કરોડમલ તેમની પાસે ગયો અને કહ્યું, "મહારાજ, મારી પાસે આટલા પૈસા છે છતાં મને શાંતિ કેમ નથી મળતી?" સંત તેની કંજૂસાઈ વિશે જાણતા હતા. તેમણે કરોડમલને એક કાચનો ટુકડો આપ્યો અને કહ્યું, "આ કાચમાંથી બહાર જુઓ, તમને શું દેખાય છે?" કરોડમલે કહ્યું, "મને રસ્તા પર ચાલતા લોકો, રમતા બાળકો અને પક્ષીઓ દેખાય છે."

પછી સંતે તે કાચની પાછળ ચાંદીનો ઢોળ (અરીસો) ચડાવી દીધો અને ફરી પૂછ્યું, "હવે જુઓ, શું દેખાય છે?" કરોડમલે કહ્યું, "હવે તો ફક્ત હું પોતે જ દેખાઉં છું." સંતે હસીને કહ્યું, "જોયું? કાચ સાદો હતો ત્યારે તમને આખી દુનિયા દેખાતી હતી અને તમારું મન ખુશ હતું. પણ જેવો તેની પાછળ ચાંદી (પૈસા) નો ઢોળ ચડ્યો, તમને દુનિયા દેખાતી બંધ થઈ ગઈ અને તમે ફક્ત સ્વાર્થમાં ડૂબી ગયા. જ્યાં સુધી તમે પૈસાનો મોહ છોડીને અન્યોને મદદ નહીં કરો, ત્યાં સુધી શાંતિ નહીં મળે." કરોડમલને સંતની વાત સમજાઈ ગઈ અને તેણે જરૂરિયાતમંદોને મદદ કરવાનું શરૂ કર્યું.

**1. કરોડમલ પાસે અઢળક સંપત્તિ હોવા છતાં તેને શાંતિ કેમ મળતી નહોતી?**

(A) તેની પાસે પૂરતું ઘર નહોતું

(B) તે પોતાના પૈસા ગુમાવવાની સતત ચિંતામાં રહેતો અને કંજૂસ હતો

(C) તે શહેરથી દૂર રહેતો હતો

(D) તેને વેપારમાં નુકસાન થતું હતું

**2. સંતે કાચ અને ચાંદીના ઢોળનો ઉપયોગ કરોડમલને કઈ વાત સમજાવવા માટે કર્યો?**

(A) કાચ મોંઘો હોય છે

(B) ચાંદીનો ઉપયોગ માત્ર અરીસા બનાવવા થાય છે

(C) પૈસાનો અતિશય મોહ માણસની દૃષ્ટિ અને વિચારસરણીને સ્વાર્થ તરફ વાળી શકે છે

(D) અરીસામાં પોતાનું પ્રતિબિંબ જોવું જોઈએ

**3. સાદા કાચમાંથી બહાર જોતી વખતે કરોડમલને દુનિયા દેખાઈ, જ્યારે ચાંદી ચડાવ્યા પછી તેને પોતાનું પ્રતિબિંબ દેખાયું. આ તફાવત શું દર્શાવે છે?**

(A) કાચ અને અરીસામાં કોઈ તફાવત નથી

(B) સંપત્તિ વધવાથી માણસની દૃષ્ટિ વધુ વ્યાપક બને છે

(C) સ્વાર્થ અને પૈસાનો મોહ માણસને પોતાની જાત પૂરતો સીમિત કરી શકે છે

(D) અરીસો દુનિયાને છુપાવી દે છે

**4. કરોડમલે જરૂરિયાતમંદોને મદદ કરવાનું શરૂ કર્યું. તેના જીવનમાં કયો બદલાવ આવવાની સૌથી વધુ શક્યતા છે?**

(A) તેની ચિંતા અને સ્વાર્થ ઘટીને સંતોષની લાગણી વધે

(B) તેની સંપત્તિ તરત બમણી થઈ જાય

(C) તે વધુ કંજૂસ બની જાય

(D) તે કોઈ સાથે વાત ન કરે

**5. સંતે કરોડમલને સીધું “તમે કંજૂસ છો” એમ કહેવાને બદલે કાચનો પ્રયોગ કેમ કર્યો હશે?**

(A) કરોડમલને વસ્તુઓ વેચવી હતી

(B) ઉદાહરણ દ્વારા વાત સમજવવા માટે

(C) સંત પાસે બીજો કોઈ ઉપાય નહોતો

(D) કાચનો ટુકડો ખૂબ કિંમતી હતો

**6. વાર્તામાં “ચાંદીનો ઢોળ” કયા વિચારનું પ્રતીક છે?**

(A) સુંદરતા

(B) શિક્ષણ

(C) ધન અને તેના પ્રત્યેનો અતિશય મોહ

(D) પ્રકૃતિપ્રેમ

## ૧૧. પોસ્ટર – પાણી સંરક્ષણ

**જળ એ જ જીવન**

પાણી એ પૃથ્વી પરની સૌથી કિંમતી નૈસર્ગિક સંપત્તિ છે. દરેક જીવંત પ્રાણીને જીવંત રહેવા માટે પાણીની જરૂર હોય છે. જોકે, પીવાનું સ્વચ્છ પાણી મર્યાદિત પ્રમાણમાં છે. તેથી, આપણે પાણીનો ઉપયોગ વિવેકપૂર્વક કરવો જોઈએ અને તેનો બગાડ અટકાવવો જોઈએ.

તમે કેવી રીતે મદદ કરી શકો?

- બ્રશ કરતી વખતે કે હાથ ધોતી વખતે નળ બંધ રાખો.
- ટપકતા કે લીક થતા નળ અને પાઈપ તરત જ સરખા કરાવો.
- શાકભાજી ધોવામાં વપરાયેલા પાણીનો ઉપયોગ છોડવાઓને પાવા માટે કરો.
- નાહવા માટે ફુવારાને બદલે ડોલ નો ઉપયોગ કરો.
- ઘરગથ્થુ કામો માટે વરસાદી પાણીનો સંગ્રહ કરો.

**"પાણીનું એક-એક ટીંપું કિંમતી છે! ઉજ્જવળ ભવિષ્ય માટે આજે જ પાણી બચાવો."**

**1. પોસ્ટર મુજબ પૃથ્વી પર કઈ સંપત્તિ સૌથી કિંમતી છે?**

A. સોનું અને ચાંદી B. પાણી

C. પેટ્રોલ અને ડીઝલ D. પ્લાસ્ટિક

**2. આપણે પાણીનો બગાડ શા માટે અટકાવવો જોઈએ?**

A. કારણ કે પીવાનું સ્વચ્છ પાણી મર્યાદિત છે.

B. કારણ કે પાણી ખૂબ મોંઘું છે.

C. કારણ કે પાણી બારેમાસ અવિરત મળે છે.

D. કારણ કે કોઈને પાણી ગમતું નથી.

**3. શાકભાજી ધોયા પછી વધેલા પાણીનો શ્રેષ્ઠ ઉપયોગ શો હોઈ શકે?**

A. તેને ગટરમાં વહાવી દેવું.

B. તેને ઘરના છોડવાઓમાં પાવું.

C. તેનાથી વાસણ ધોવા.

D. તેને ફ્રિજમાં મૂકી દેવું.

**4. નીચેનામાંથી કયો વિદ્યાર્થી પાણીનો બગાડ કરી રહ્યો છે?**

A. રિયા નાહવા માટે ફુવારાને બદલે ડોલનો ઉપયોગ કરે છે.

B. કાવ્યા બ્રશ કરતી વખતે નળ ચાલુ જ રાખે છે.

C. રોહન લીક થતા નળને તરત જ સમરાવી લે છે.

D. મીત વરસાદના પાણીનો સંગ્રહ કરે છે.

**5. રુદ્રના મમ્મીએ શાકભાજી ધોયેલું પાણી ગટરમાં નાખવાને બદલે ઘરના છોડવાઓને પાય છે આ વર્તન વિશે તમે શું કહી શકો?**

A. તે પાણીનો બગાડ કરી રહ્યો છે.

B. તે સમયનો બગાડ કરી રહ્યો છે.

C. તે પર્યાવરણ અને જળ સંરક્ષણ પ્રત્યે જાગૃત છે.

D. તેનાથી ઘરમાં ગંદકી ફેલાશે.

## ૧૨. પોસ્ટર – વૃક્ષો

વૃક્ષ વાવો, પૃથ્વી બચાવો

**વૃક્ષો આપણી પૃથ્વીના ફેફસાં છે. તે આપણને સ્વચ્છ હવા, છાંયડો, ફળો અને ફૂલો આપે છે. વૃક્ષો વરસાદ લાવવામાં અને જમીનનું ધોવાણ અટકાવવામાં પણ મદદ કરે છે. જંગલો કાપવાના કારણે પ્રદૂષણ ઝડપથી વધી રહ્યું છે.**

**તમે આપણા પર્યાવરણનું રક્ષણ કેવી રીતે કરી શકો?**

- તમારા જન્મદિવસે ઓછામાં ઓછો એક છોડ વાવો.
- છોડને રોજ પાણી આપો અને તેની સંભાળ રાખો.
- વૃક્ષો કાપશો નહીં કે અનાવશ્યક રીતે પાંદડા તોડશો નહીં.
- કાગળનો ઉપયોગ વિવેકપૂર્વક કરો કારણ કે કાગળ વૃક્ષોમાંથી બને છે.
- તમારા મિત્રો અને પડોશીઓને વૃક્ષો વાવવા માટે પ્રોત્સાહિત કરો.

**"લીલાછમ અને તંદુરસ્ત ભવિષ્ય માટે આજે જ એક વૃક્ષ વાવો!"**

**1. પોસ્ટર મુજબ વૃક્ષોને પૃથ્વીના શું કહેવામાં આવ્યા છે?**

A. હૃદય B. ફેફસાં

C. મગજ D. આંખો

**2. આપણે કાગળનો ઉપયોગ વિવેકપૂર્વક શા માટે કરવો જોઈએ?**

A. કારણ કે કાગળ વૃક્ષોમાંથી બને છે.

B. કારણ કે કાગળ પાણીમાંથી બને છે.

C. કારણ કે કાગળ પ્લાસ્ટિકમાંથી બને છે.

D. કારણ કે કાગળ બજારમાં મળતા નથી.

**3. વૃક્ષો પર્યાવરણને કઈ રીતે મદદ કરે છે?**

**A.** પ્રદૂષણ વધારીને **B.** વરસાદ લાવીને અને સ્વચ્છ હવા આપીને

**C.** જમીનનું ધોવાણ કરીને **D.** હવામાન ગરમ કરીને

**4. નીચેનામાંથી કઈ ટેવ પર્યાવરણ માટે નુકસાનકારક છે?**

**A.** જન્મદિવસે છોડ વાવવો. **B.** કાગળનો બગાડ અટકાવવો.

**C.** રમતાં રમતાં વૃક્ષોના પાંદડા અને ડાળીઓ તોડવી. **D.** છોડને નિયમિત પાણી આપવું.

**5. તનય પોતાની શાળામાં નીચે મુજબના કાર્યો કરે છે.**

- તે નકામા કાગળો ફેંકી દેવાને બદલે તેની પાછળની બાજુનો ઉપયોગ રફ કામ માટે કરે છે.
- તે શાળાના બગીચાના છોડને નિયમિત પાણી પાય છે.
- તે પોતાના મિત્રોને સૂર્યમંડળ બનાવવા માટે ઝાડની ડાળીઓ તોડવાની ના પાડે છે.

**તનયના આ આચરણ વિશે તમે શું કહી શકો?**

**A.** તે શાળાનો સમય બગાડી રહ્યો છે.

**B.** તે વૃક્ષો અને પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલ અને જાગૃત છે.

**C.** તે તેના શિક્ષકની સૂચનાઓનું અનાદર કરી રહ્યો છે.

**D.** તે પોતાના ભણતરમાં ધ્યાન આપતો નથી.

## ૧૩. પોસ્ટર – સ્વાસ્થ્ય




**1. પોસ્ટર મુજબ જીવનની સાચી સંપત્તિ કઈ છે?**

A. પૈસા અને

B. સારું સ્વાસ્થ્ય

C. નવા કપડાં

D. વિડિયો ગેમ્સ

**2. આપણે દિવસમાં કેટલી વાર બ્રશ કરવું જોઈએ?**

A. અઠવાડિયામાં એક વાર

B. દિવસમાં એક વાર

C. દિવસમાં બે વાર

D. મહિને એક વાર

**3. નખ નિયમિતપણે કાપવાથી શો ફાયદો થાય છે?**

A. નખ ઝડપથી મોટા થાય છે.

B. નખમાં કચરો અને જંતુઓ ભરાતા નથી.

C. હાથ સુંદર દેખાતા નથી.

D. લખવામાં સરળતા રહે છે.

**4. શરીરને સ્વસ્થ રાખવા માટે દરરોજ રાત્રે ઓછામાં ઓછી કેટલા કલાકની ઊંઘ લેવી જરૂરી છે?**

A. ૨ કલાક B. ૪ કલાક C. ૫ કલાક D. ૮ કલાક

**5. દર્શિલ દરરોજ શાળાએ આવે છે ત્યારે નીચે મુજબની ટેવો ધરાવે છે:**

- તે શાળાએથી ઘરે જઈને અને જમતા પહેલા સાબુથી હાથ-પગ ધુઓ છે.
- તે દર રવિવારે પોતાના નખ વ્યવસ્થિત કાપી લે છે.
- તે બજારના ખુલ્લા નાસ્તા ખાવાને બદલે ઘરેથી લાવેલો તાજો નાસ્તો અને ફળો ખાય છે.
- તે રાત્રે મોડે સુધી ટીવી જોવાને બદલે વહેલો સૂઈ જાય છે.

**તો, દર્શિલના આ આચરણ વિશે તમે શું કહી શકો?**

A. તે પોતાના શરીર અને સ્વાસ્થ્ય પ્રત્યે ખૂબ જ જાગૃત છે.

B. તે ખૂબ આળસુ છોકરો છે.

C. તે તેના માતા-પિતાનું કહેવું માનતો નથી.

D. તે સમયનો બગાડ કરી રહ્યો છે.

## ૧૪. પોસ્ટર – મકરસંક્રાંતિ



**1.આ તહેવાર ક્યારે આવે છે?**

(A) 14 મી જાન્યુઆરી (B) 25મી ડિસેમ્બર

(C) 26મી જાન્યુઆરી (D) 8મી માર્ચ

**2.ઉત્તરાયણને બીજા કયા નામે ઓળખીએ છીએ?**

(A)મકરસંક્રાંતિ (B) પતંગોત્સવ

(C) વાસી ઉત્તરાયણ (D) ત્રણેયમાંથી કોઈ નહીં

**3. ઉત્તરાયણ શબ્દનો અર્થ.....**

(A) સૂર્યનું દક્ષિણ દિશામાં ઉતરવું

(B) સૂર્યનું ઉત્તર દિશામાં ઉતરવું

(C) પતંગ ચઢાવવો

(D) પતંગને ઉતારવો

**4. ઉત્તરાયણના દિવસે સૂર્ય કઈ દિશામાં ગતિ શરૂ કરે છે એવું માનવામાં આવે છે?**

(A) દક્ષિણ (B) પશ્ચિમ

(C) ઉત્તર (D) પૂર્વ

**5. ઉત્તરાયણના તહેવારમાં લોકો મુખ્યત્વે શું કરે છે?**

(A) દિવા પ્રગટાવે છે. (B) પતંગ ઉડાડે છે.

(C) વૃક્ષારોપણ કરે છે. (D) નૃત્ય કરે છે.

**6. ઉત્તરાયણમાં ખાસ કરીને કઈ વાનગી બનાવવામાં આવે છે?**

(A) ઢોકળા (B) ખીર પૂરી

(C) ઉંધીયુ અને તલની વાનગી (D) વેઢમી

**7. ઉત્તરાયણના દિવસે પવનના ફૂંકાય તો શું અસર પડશે**

(A) વધુ પતંગ ઉડશે

(B) પતંગ ઉડાડવામાં મુશ્કેલી પડશે

(C) લોકો ઉજવણી નહીં કરે

(D) દિવસ બદલાઈ જશે

**8. પતંગ ઉડાડતી વખતે દોરીથી પક્ષીઓને નુકસાન ન થાય તે માટે શું કરવું જોઈએ?**

(A) દોરી રસ્તા પર ફેંકી દેવી

(B) કાચી દોરી વાપરવી

(C) પર્યાવરણ મિત્ર દોરી વાપરવી

(D) પાકી દોરી વાપરવી.

**9. ઉત્તરાયણ કયા પ્રકારનો તહેવાર છે?**

(A) સ્થાનિક (B) રાષ્ટ્રીય


(C) ઋતુ આધારિત (D) શાળાનો

**10. ઉત્તરાયણ કયા પ્રદેશમાં ખાસ ઉત્સાહથી ઉજવાય છે?**

(A) કેરળ (B) પંજાબ

(C) ગુજરાત (D) આસામ

## ૧૫. પોસ્ટર – ઐતિહાસિક સ્મારકો




**1. પોસ્ટર મુજબ આપણા દેશનું ગૌરવ કોણ છે?**

A. માત્ર ખાનગી ગાડીઓ

B. ઐતિહાસિક સ્મારકો અને જાહેર મિલકતો

C. પ્લાસ્ટિકના રમકડાં

D. શૂટિંગ ગેમ્સ

**2. ઐતિહાસિક સ્મારકોની મુલાકાત વખતે આપણે શું ન કરવું જોઈએ?**

A. નિયમોનું પાલન કરવું. B. દીવાલો પર નામ કે લીટા કોતરવા.

C. કચરો કચરાપેટીમાં નાખવો. D. શાંતિ જાળવવી.

**3. કિલ્લાઓ, મહેલો અને મ્યુઝિયમ આપણને શેનું દર્શન કરાવે છે?**

A. આપણા સમૃદ્ધ ઈતિહાસ અને સંસ્કૃતિનું

B. દેશની આબોહવાનું

C. માત્ર સ્થાપત્યના ખર્ચનું

D. ભવિષ્યના ટેકનોલોજીના નકશાનું

**4. નીચેનામાંથી કઈ મિલકત 'જાહેર મિલકત' નું ઉદાહરણ છે?**

A. તમારું પોતાનું ઘર

B. તમારી પોતાની સાયકલ

C. સરકારી બસ અને જાહેર બગીચો

D. તમારા દફતરમાં રહેલી કંપાસબોક્સ

**5. પ્રણવ તેની શાળાના પ્રવાસમાં 'રાણકી વાવ' (પાટણ) જોવા જાય છે. ત્યાં તે નીચે મુજબના કાર્યો કરે છે:**

- તે વાવની દીવાલો પર પોતાનું નામ કોતરવા માંગતા મિત્રને અટકાવે છે.
- તે પોતાના નાસ્તાનું પ્લાસ્ટિક રેપર ખિસ્સામાં રાખે છે અને બહાર કચરાપેટીમાં જ ફેંકે છે.
- તે વાવના ઐતિહાસિક મહત્વ વિશે ગાઈડ પાસેથી શાંતિથી માહિતી મેળવે છે.

તો, પ્રણવના આ આચરણ વિશે તમે શું કહી શકો?

A. તે દેશનો એક જવાબદાર અને જાગૃત નાગરિક છે.

B. તે પ્રવાસમાં મજા માણતો નથી.

C. તે તેના મિત્રો સાથે ઝઘડો કરી રહ્યો છે.

D. તે પોતાનો સમય બગાડી રહ્યો છે.

## જવાબ વિભાગ (Answer Key)

### ૧. પાણીની મુસાફરી

૧. (B) જળચક્ર

૨. (A) સૂર્યની ગરમીને કારણે પાણી વરાળમાં ફેરવાય છે.

૩. (B) બાષ્પીભવન

૪. (D) બાષ્પીભવન

૫. (A) વરસાદની પ્રક્રિયા મુશ્કેલ બનશે.

૬. (C) બાષ્પીભવન → ઘનીભવન → વરસાદ

૭. (A) વરસાદી પાણીનો સંગ્રહ કરી તેનો યોગ્ય ઉપયોગ કરવો.

૮. (D) તે પૃથ્વી પર પાણીના કુદરતી પરિભ્રમણમાં મદદ કરે છે.

### ૨. સૂર્યમંડળ

૧. (C) સૂર્ય

૨. (A) આઠ ગ્રહો સૂર્યની આસપાસ પોતાની કક્ષામાં ફરે છે.

૩. (D) બુધ

૪. (B) પૃથ્વી પર જીવનનું અસ્તિત્વ મુશ્કેલ બને.

૫. (A) સૂર્યમંડળની ગોઠવણીમાં મોટો ફેરફાર થાય.

૬. (C) બુધ → પૃથ્વી → ગુરુ

### ૩. લોકવાર્તાનું મહત્વ

૧. (B) મૌખિક રીતે

૨. (A) લોકવાર્તાઓ આપણી સંસ્કૃતિનો અમૂલ્ય વારસો છે.

૩. (D) તેમાં જીવનમૂલ્યો અને ઉપયોગી શીખ મળે છે.

૪. (A) દયા

### ૪. બંધારણ અને રાષ્ટ્રીય પ્રતિકો

૧. (B) બંધારણ

૨. (D) તેમને ભારતીય બંધારણના ઘડવૈયા માનવામાં આવે છે.

૩. (A) રાષ્ટ્રધ્વજ પ્રત્યે આદર દર્શાવવો.

૪. (B) હંમેશાં સત્ય બોલવાનો પ્રયત્ન કરશે.

૫. (A) દેશપ્રેમ

### ૫. નદીઓ

૧. (B) માનવ સંસ્કૃતિનો વિકાસ નદીઓના કિનારે થયો છે.

૨. (A) નદીઓના પાણીનો ઉપયોગ ખેતીમાં સિંચાઈ માટે થાય છે.
૩. (D) કચરો નાખતા લોકોને રોકી નદી સ્વચ્છ રાખવા સમજાવશો.
૪. (A) નદીનું પાણી ઉપયોગ માટે અયોગ્ય બની શકે.
૫. (C) જવાબદાર અધિકારીઓને જાણ કરી પ્રદૂષણ અટકાવવાનો પ્રયાસ કરવો.

### ૬. સિદ્ધરાજ જયસિંહ અને માલણ

૧. (C) પાટણમાં પાણીની તંગી દૂર કરવી
૨. (B) તે જમીન તેના વડવાઓની હતી
૩. (B) ન્યાયપ્રિયતા અને માનવતાવાદ
૪. (C) તળાવનું કામ ચાલુ રહ્યું અને માલણની જમીન પણ બચી ગઈ
૫. (B) મંત્રીઓ પરિણામને મહત્વ આપતા હતા, જ્યારે રાજા પરિણામ સાથે ન્યાયને પણ મહત્વ આપતા હતા
૬. (B) કારણ કે ગરીબ વ્યક્તિના અધિકારો પણ અન્ય લોકો જેટલા જ મહત્વપૂર્ણ છે
૭. (A) રાજાની ન્યાયપ્રિયતાની પ્રતિષ્ઠાને નુકસાન થાત
૮. (B) કાયદા અને ન્યાય સમક્ષ સમાનતા

### ૭. કાઠિયાવાડના ઘોડાની વફાદારી

૧. (B) જેસલ ઘાયલ હોવાથી પોતાનો જીવ બચાવવા બાદલ પર આધાર રાખતો હતો
૨. (B) તે સૈનિકોના ઘેરાવમાંથી બહાર નીકળવામાં નિષ્ફળ જઈ શક્યો હોત
૩. (C) પોતાના માલિકને બચાવવાની વફાદારી અને તીવ્ર ઈચ્છાથી
૪. (A) જેસલ માટે બચવું વધુ મુશ્કેલ બન્યું હોત
૫. (C) કૃતજ્ઞતા અને લાગણીસભર સન્માન
૬. (B) જેસલ ઘાયલ → સૈનિકોએ ઘેર્યો → બાદલ દોડ્યો → નદી પાર કરી → બાદલે પ્રાણ ત્યાગ્યા

### ૮. ગોપાળબાપાની નીડરતા

૧. (B) જમીન સુધારીને બોરડી ઉગાડતા હતા
૨. (B) સામાન્ય અને ગરીબ ખેડૂત રાજા સામે પણ નીડરતાથી સત્ય બોલ્યો
૩. (C) તેમને જમીન મફતમાં મળી અને તેમની પ્રામાણિકતાની પ્રશંસા થઈ
૪. (A) ગોપાળબાપા સત્ય અને પ્રજાહિત માટે ઊભા રહ્યા, જ્યારે અધિકારીઓએ સ્વાર્થ માટે લાંચ માંગી
૫. (B) કારણ કે લાંચ લેવી જાહેર જવાબદારી અને ન્યાયના સિદ્ધાંતો વિરુદ્ધ છે
૬. (A) ભ્રષ્ટ અધિકારીઓને વધુ હિંમત મળી શકે.

### ૯. ચાણક્ય અને શિષ્યની પરીક્ષા

૧. (B) મીણનું મોટું પૂતળું
૨. (C) તેમની વિચારશક્તિ અને સમસ્યા ઉકેલવાની ક્ષમતા તપાસવા

૩. (B) ચંદ્રગુપ્તે સમસ્યાને અલગ દૃષ્ટિકોણથી વિચારી અને મીણના ગુણધર્મનો ઉપયોગ કર્યો
૪. (B) ગરમીના કારણે મીણની અવસ્થા બદલાઈ અને તે પ્રવાહી બન્યું
૫. (C) તેણે પૂતળાનું સ્વરૂપ બદલીને મીણને પાંજરાની નીચેથી બહાર વહેવડાવ્યું
૬. (B) તેણે પૂતળાને ધ્યાનથી જોયું અને તેના ગુણધર્મને સમસ્યાના ઉકેલ સાથે જોડ્યો
૭. (C) "મર્યાદાઓની અંદર રહીને પણ નવી રીત શોધી શકાય."
૮. (C) તેણે તર્ક, અવલોકન અને બુદ્ધિચાતુર્યથી અશક્ય લાગતી સમસ્યાનો ઉકેલ શોધ્યો

## ૧૦. કંજૂસ કરોડમલ

૧. (B) તે પોતાના પૈસા ગુમાવવાની સતત ચિંતામાં રહેતો અને કંજૂસ હતો
૨. (C) પૈસાનો અતિશય મોહ માણસની દૃષ્ટિ અને વિચારસરણીને સ્વાર્થ તરફ વાળી શકે છે
૩. (C) સ્વાર્થ અને પૈસાનો મોહ માણસને પોતાની જાત પૂરતો સીમિત કરી શકે છે
૪. (A) તેની ચિંતા અને સ્વાર્થ ઘટીને સંતોષની લાગણી વધે
૫. (B) ઉદાહરણ દ્વારા વાત સમજાવવા માટે
૬. (C) ધન અને તેના પ્રત્યેનો અતિશય મોહ

## ૧૧. પોસ્ટર – પાણી સંરક્ષણ

૧. (B) પાણી
૨. (A) કારણ કે પીવાનું સ્વચ્છ પાણી મર્યાદિત છે.
૩. (B) તેને ઘરના છોડવાઓમાં પાવું.
૪. (B) કાવ્યા બ્રશ કરતી વખતે નળ ચાલુ જ રાખે છે.
૫. (C) તે પર્યાવરણ અને જળ સંરક્ષણ પ્રત્યે જાગૃત છે.

## ૧૨. પોસ્ટર – વૃક્ષો

૧. (B) ફેફસાં (Lungs)
૨. (A) કારણ કે કાગળ વૃક્ષોમાંથી બને છે.
૩. (B) વરસાદ લાવીને અને સ્વચ્છ હવા આપીને
૪. (C) રમતાં રમતાં વૃક્ષોના પાંદડા અને ડાળીઓ તોડવી.
૫. (B) તે વૃક્ષો અને પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલ અને જાગૃત છે.

## ૧૩. પોસ્ટર – સ્વાસ્થ્ય

૧. (B) સારું સ્વાસ્થ્ય
૨. (C) દિવસમાં બે વાર
૩. (B) નખમાં કચરો અને જંતુઓ ભરાતા નથી.
૪. (D) ૮ કલાક (8 hours)
૫. (A) તે પોતાના શરીર અને સ્વાસ્થ્ય પ્રત્યે ખૂબ જ જાગૃત છે.

### ૧૪. પોસ્ટર – મકરસંક્રાંતિ

૧. (A) 14 મી જાન્યુઆરી

૨. (A) મકરસંક્રાંતિ

૩. (B) સૂર્યનું ઉત્તર દિશામાં ઉતરવું

૪. (C) ઉત્તર

૫. (B) પતંગ ઉડાડે છે.

૬. (C) ઊંધિયું અને તલની વાનગી

૭. (B) પતંગ ઉડાડવામાં મુશ્કેલી પડશે

૮. (C) પર્યાવરણ મિત્ર દોરી વાપરવી

૯. (C) ઋતુ આધારિત

૧૦. (C) ગુજરાત

### ૧૫. પોસ્ટર – ઐતિહાસિક સ્મારકો

૧. (B) ઐતિહાસિક સ્મારકો અને જાહેર મિલકતો

૨. (B) દીવાલો પર નામ કે લીટા કોતરવા.

૩. (A) આપણા સમૃદ્ધ ઈતિહાસ અને સંસ્કૃતિનું

૪. (C) સરકારી બસ અને જાહેર બગીચો

૫. (A) તે દેશનો એક જવાબદાર અને જાગૃત નાગરિક છે.

# ગણિત

## પ્રકરણ - 1: રાષ્ટ્રીય ફળ કેરી

### નીચેના વૈકલ્પિક પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(1) એક આંબાની ડાળી પર કેરીઓ લટકે છે. જો આવી 5 સમાન ડાળીઓ હોય. દરેક ડાળી પર 4 કેરી હોય, તો કુલ કેરીની સંખ્યાના અડધા ભાગની કેરીઓ પાકી જાય, તો કાચી કેરીઓ કેટલી બાકી રહે?

(A) 10 (B) 20 (C) 5 (D) 15

(2) એક ચોરસ ડિઝાઇનમાં 4 કેરીની આકૃતિઓ સામસામે ગોઠવાયેલી છે. જો આવા 8 ચોરસ કાપડના ટુકડા ભેગા કરીને મોટું ભાતચિત્ર બનાવીએ, તો કુલ કેટલી કેરીની આકૃતિઓ બનશે?

(A) 16 (B) 24 (C) 32 (D) 40

નીચે આપેલા વાહન-કોષ્ટક પરથી પ્રશ્નનો જવાબ આપો:

| વાહનનો પ્રકાર | 1 ફેરામાં કેરીનું વહન (કિગ્રા) | વાહનની ઝડપ (કિમી/કલાક) |
|---|---|---|
| ટ્રેક્ટર | 800 કિગ્રા | 20 કિમી/કલાક |
| ટ્રક | 6000 કિગ્રા | 44 કિમી/કલાક |

(3) એક ટ્રક 1 ફેરામાં જેટલી કેરી લાવે છે, તેટલી કેરી લાવવા માટે ટ્રેક્ટરે કેટલા ફેરા કરવા પડે?

(A) 5 ફેરા (B) 7.5 ફેરા (C) 6 ફેરા (D) 8 ફેરા

(4) ઉપર આપેલા કોષ્ટક મુજબ, ટ્રેક્ટર 3 કલાકમાં જેટલું અંતર કાપે છે, તેટલું જ અંતર કાપવા બળદ ગાડાને (ઝડપ 4 કિમી/કલાક) કેટલો સમય લાગશે?

(A) 10 કલાક (B) 12 કલાક (C) 15 કલાક (D) 20 કલાક

(5) 18 નંગ કેરી ધરાવતું 1 બોક્સ છે. વર્ગના 25 બાળકો માટે આવા 1-1 બોક્સ લાવવામાં આવે અને બધી કેરીનો ઢગલો કરી 10-10 કેરીની ઢગલી બનાવીએ, તો કેટલી સંપૂર્ણ ઢગલી બનશે અને કેટલી કેરી બાકી વધશે?

(A) 45 ઢગલી, 0 બાકી (B) 44 ઢગલી, 5 બાકી

(C) 40 ઢગલી, 5 બાકી (D) 50 ઢગલી, 0 બાકી

(6) એક ભાતચિત્રમાં 5 વર્તુળ, 3 ત્રિકોણ અને 2 ચોરસ આકારનો ઉપયોગ કરીને દરેક આકારમાં 1-1 કેરી દોરી છે. જો આ ભાતચિત્ર 4 વખત પુનરાવર્તિત કરવામાં આવે, તો ત્રિકોણ આકારમાં રહેલી કુલ કેરીઓ કેટલી થાય?

(A) 12 (B) 20 (C) 8 (D) 10

(૭) આપેલા નકશા/દિશા ચિત્ર મુજબ, જો તમારું મોં સૂર્ય ઊગવાની દિશા (પૂર્વ) તરફ હોય, તો તમારી ડાબી બાજુ કઈ દિશા હશે અને ઉત્તર દિશામાં કેરીનું ઝાડ હોય તો તે તમારી કઈ તરફ ગણાશે?

(A) પશ્ચિમ, પાછળ (B) ઉત્તર, ડાબી બાજુ

(C) દક્ષિણ, જમણી બાજુ (D) ઉત્તર, જમણી બાજુ

(૮) 1 ટન = 1000 કિગ્રા. જો એક નાની મિની ટ્રકમાં ૩.5 ટન કેરી ભરેલી હોય, તો તેમાં કુલ કેટલા કિલોગ્રામ કેરી હશે?

(A) ૩50 કિગ્રા (B) ૩500 કિગ્રા (C) ૩5000 કિગ્રા (D) ૩5 કિગ્રા

(૯) એક લંબચોરસ આકારના પ્લોટમાં આંબા વાવવામાં આવ્યા છે. જો આ પ્લોટની લંબાઈ 20 મીટર અને પહોળાઈ 15 મીટર હોય, અને પ્રત્યેક 5 ચોરસ મીટર જગ્યામાં 1 આંબો વાવી શકાતો હોય, તો આ ખેતરમાં કુલ કેટલા આંબા વાવી શકાય?

(A) 60 (B) ૩00 (C) 150 (D) 50

(૧૦) જાપાની સાહિત્યિક સ્વરૂપ 'હાઈકુ'નું અક્ષર બંધારણ (5 + 7 + 5) એટલે કે કુલ 17 અક્ષર છે. જો કોઈ વિદ્યાર્થી કેરી વિશે આવા 6 હાઈકુ લખે, તો તેણે કાવ્યમાં કુલ કેટલા અક્ષરો લખ્યા હશે?

(A) 102 (B) 85 (C) 119 (D) 90

(૧૧) તાલાળા ગીરના એક આંબામાંથી સીઝન દરમિયાન 12 કિગ્રા વજનના 18 બોક્સ ભરાય તેટલી કેરી નીકળે છે. જો ખેડૂત પાસે આવા 5 આંબા હોય, તો કુલ કેટલા કિગ્રા કેરીનું ઉત્પાદન થાય?

(A) 216 કિગ્રા (B) 1080 કિગ્રા (C) 900 કિગ્રા (D) 1200 કિગ્રા

(૧૨) તમારા વર્ગના એક વિદ્યાર્થીનું વજન ૩0 કિગ્રા છે. તમારા જેવા 12 બાળકોનું કુલ વજન થાય, તેના કરતાં એક આંબાવાડીમાંથી ઉતરેલી 1000 કિગ્રા કેરીનું વજન કેટલું વધારે હશે?

(A) 640 કિગ્રા (B) ૩60 કિગ્રા (C) 660 કિગ્રા (D) 740 કિગ્રા

(૧૩) એક પરિવારમાં અઠવાડિયે 5 કિગ્રા કેરી ખવાય છે અને કેરીનો ભાવ ₹ 75 પ્રતિ કિગ્રા છે. જો 1 માસમાં 4 અઠવાડિયા ગણીએ, તો એક માસમાં કેરી ખરીદવાનો કુલ ખર્ચ કેટલો થાય?

(A) ₹ 1500 (B) ₹ 375 (C) ₹ 750 (D) ₹ 2000

(૧૪) ફિલિપાઈન્સમાં રજૂ થયેલી સૌથી મોટી કેરીનું વજન 3.435 કિગ્રા હતું. જો આવી 4 સમાન વજન ધરાવતી કેરીઓને એક ત્રાજવામાં મુકવામાં આવે, તો તેનું કુલ વજન કેટલું થાય?

(A) 13.740 કિગ્રા (B) 12.740 કિગ્રા (C) 13.500 કિગ્રા (D) 14.250 કિગ્રા

(૧૫) 'એક કરોડ' સંખ્યા લખવામાં 1 ની પાછળ કેટલા શૂન્ય આવે? (જો 1 લાખ = 100 હજાર હોય)

A) 5 (B) 6 (C) 7 (D) 8

(૧૬) એક શહેરમાં પરિવહનના કુલ 2 લાખ વાહનો છે. તેમાંથી અડધા ટ્રક છે અને બાકીના વાહનોમાંથી ચોથા ભાગના ટ્રેક્ટર છે. તો ટ્રેક્ટરની કુલ સંખ્યા કેટલા હજાર થાય?

(A) 50 હજાર (B) 25 હજાર (C) 100 હજાર (D) 75 હજાર

(૧૭) મહિપતભાઈ ₹ 60 પ્રતિ કિગ્રાના ભાવે હાફૂસ કેરી વેચે છે. રાજારામે ₹ 50 પ્રતિ કિગ્રાના ભાવે લંગડો કેરી વેચી. જો મહિપતભાઈ 5 કિગ્રા હાફૂસ વેચીને જે રકમ કમાય છે, તેટલી જ રકમ કમાવા માટે રાજારામે કેટલા કિગ્રા લંગડો કેરી વેચવી પડે?

(A) 5 કિગ્રા (B) 6 કિગ્રા (C) 8 કિગ્રા (D) 10 કિગ્રા

(૧૮) રાજ પાસે ₹ 100 છે. તેણે ચોથા ભાગના રૂપિયાથી ₹ 50 પ્રતિ કિગ્રા વાળી લંગડો કેરી ખરીદી. બાકીના મુદલમાંથી ₹ 150 પ્રતિ કિગ્રા વાળી કેસર કેરી ખરીદી. તો રાજે કુલ કેટલા કિગ્રા ફળ (કેરી) ખરીદ્યા ગણાય?

(A) 1 કિગ્રા (B) 0.5 કિગ્રા (500 ગ્રામ) (C) 1.5 કિગ્રા (D) 2 કિગ્રા

(૧૯) મહિલા આમ્ર બેંકના 20 સભ્યો દર મહિને ₹ 25 બચાવે છે. આ બેંક 1 વર્ષમાં કુલ કેટલા રૂપિયા એકઠા કરશે?

(A) ₹ 500 (B) ₹ 5000 (C) ₹ 6000 (D) ₹ 1200

(૨૦) રેખાએ એક લારી ખરીદવા ₹ 4,000 ની લોન લીધી હતી. તેણે 1 વર્ષ સુધી દર મહિને ₹ ૩45 ચૂકવ્યા. તો તેણે બેંકને વ્યાજ સહિત કુલ કેટલા રૂપિયા વધારે આપ્યા ગણાય?

(A) ₹ 140 (B) ₹ 4140 (C) ₹ 14 (D) ₹ 440

(૨૧) મહિલા બેંક 6 કિગ્રા કાચી કેરી ₹ 15 પ્રતિ કિગ્રા ખરીદે છે. અને તેમાંથી 2 કિગ્રા તૈયાર રસ ₹ 70 પ્રતિ કિગ્રા વેચે છે. તો 6 કિગ્રા કેરીનો રસ બનાવીને વેચતા બેંકને કેટલો ચોખ્ખો નફો થાય?

(A) ₹ 50 (B) ₹ 14 (C) ₹ 90 (D) ₹ 70

(૨૨) જો 1500 કિગ્રા બરફનો માસિક ખર્ચ ₹ 2 પ્રતિ કિગ્રા હોય અને પેકિંગ તથા રીક્ષાભાડું ₹ ૩000 હોય, તો મેંગોપલ્પ ઉદ્યોગનો કુલ પ્રોસેસિંગ માસિક ખર્ચ કેટલો થાય?

(A) ₹ ૩000 (B) ₹ 6000 (C) ₹ 4500 (D) ₹ 5000

(૨૩) બળદગાડું 1 કલાકમાં 4 કિમી અંતર કાપે છે. જો ખેડૂતે બળદગાડામાં 10 કિમી દૂર આવેલી મંડીમાં કેરી વેચવા જવું હોય, તો તેને કેટલો સમય લાગશે?

(A) 2 કલાક (B) 2 કલાક ૩0 મિનિટ (C) ૩ કલાક (D) 1 કલાક 45 મિનિટ

(૨૪) એક ફ્રૂટ માર્કેટમાં જયદીપસિંહ 8 કિગ્રાનું કેસર કેરીનું બોક્સ ₹ 1200 માં વેચે છે. તો જયદીપસિંહની કેસર કેરીનો પ્રતિ કિગ્રા ભાવ શું થયો ગણાય?

(A) ₹ 150 (B) ₹ 120 (C) ₹ 100 (D) ₹ 200

(૨૫) આપણો દેશ ભારત એક વર્ષમાં અંદાજે 1,60,00,000 ટન કેરીનું ઉત્પાદન કરે છે. આ સંખ્યાને ભારતીય સંખ્યા લેખન પદ્ધતિ મુજબ શબ્દોમાં કેવી રીતે લખાય?

(A) એક કરોડ સાઠ લાખ ટન (B) સો લાખ ટન

(C) સોળ લાખ ટન (D) સત્તર કરોડ ટન

(૨૬) જો કોઈ વેપારી ₹ 12,000 માં 1 ટન (1000 કિગ્રા) કાચી કેરી ખરીદે છે અને પેકિંગ-પરિવહનનો ખર્ચ ₹ ૩,000 થાય છે. જો તે બધી કેરી ₹ 20 પ્રતિ કિગ્રા વેચે, તો તેને નફો થાય કે ખોટ અને કેટલી?

(A) ₹ 5,000 નફો (B) ₹ 5,000 ખોટ

(C) ₹ ૩,000 નફો (D) કોઈ નફો કે ખોટ નહી

# વિભાગ-૨

(૧) એક ફેક્ટરીમાં એક વર્ષમાં 4,52,789 પેન બને છે. જો આ સંખ્યામાં '2' ની સ્થાનકિંમત અને '7' ની સ્થાનકિંમતનો તફાવત શોધવામાં આવે તો કેટલો મળે?

(A) 1,300 (B) 1,9300 (C) 2,000 (D) 700

(૨) રોહિત પાસે 5, 8, 0, 3, 9 અને 2 અંકો છે. આ બધા અંકોનો એક જ વાર ઉપયોગ કરીને બનતી 6 અંકની સૌથી નાની સંખ્યા કઈ થશે?

(A) 023589 (B) 203589 (C) 230589 (D) 985320

(૩) સંખ્યા 67,48,325 માં રહેલા '7' ની સ્થાનકિંમત એ '4' ની સ્થાનકિંમત કરતા કેટલી ગણી છે?

(A) 10 ગણી (B) 100 ગણી (C) 1000 ગણી (D) 1/10 ગણી

(૪) એક શહેરની વસ્તી 85,67,492 છે. આ વસ્તીને નજીકના લાખમાં દર્શાવીએ તો કઈ સંખ્યા મળે?

(A) 85,00,000 (B) 86,00,000 (C) 90,00,000 (D) 85,70,000

(૫) જો સંખ્યા 74,3X,521 માં 'X' ના સ્થાને કયો અંક મૂકવાથી બનતી સંખ્યાનું નજીકના દસ હજારમાં આસન્ન મૂલ્ય 74,40,000 થાય?

(A) 2 (B) 3 (C) 6 (D) 0

(૬) નીચેનામાંથી કયું વિધાન સાચું છે?

(A) 4,56,789 > 4,65,789 (B) 5,00,345 < 4,99,999

(C) 9,99,999 + 1 = 10,00,000 (D) 8,45,321 = 8,54,321

(૭) એક રાજ્યની વસ્તી 1,45,89,230 છે. આ સંખ્યામાં 4 ની સ્થાનકિંમત અને દર્શનીય કિંમત (Face Value) નો સરવાળો કેટલો થાય?

(A) 40,00,004 (B) 4,00,004

(C) 44,00,000 (D) 40,00,400

(૮) "સાત કરોડ આઠ લાખ પાંચ હજાર ચાર" ને અંકોમાં કેવી રીતે લખાય?

(A) 7,08,05,004 (B) 7,80,05,004

(C) 7,08,50,004 (D) 78,05,004

(૯) એક વેપારી પાસે ₹ 89,95,650 છે. આ રકમને નજીકના કરોડમાં દર્શાવીએ તો કેટલી થાય?

(A) ₹ 0 (B) ₹ 1,00,00,000

(C) ₹ 80,00,000 (D) ₹ 90,00,000

(૧૦) 6 અંકની સૌથી મોટી સંખ્યા અને 5 અંકની સૌથી નાની સંખ્યા વચ્ચેનો તફાવત કેટલો થાય?

(A) 9,89,999 (B) 8,99,999 (C) 9,99,999 (D) 1,00,000

(૧૧) રમણ પાસે 45,67,891 અને સુરેશ પાસે 45,76,891 રૂપિયા છે. કોની પાસે વધારે રૂપિયા છે અને કેટલા?

(A) રમણ પાસે, 9,000 વધારે (B) સુરેશ પાસે, 9,000 વધારે

(C) સુરેશ પાસે, 90,000 વધારે (D) બંને પાસે સરખા છે

(૧૨) આપેલ સંખ્યા 6,34,582 નું નજીકના 10,000 અને નજીકના 100 માં આસન્ન મૂલ્ય અનુક્રમે કયું થશે?

(A) 6,30,000 અને 6,34,600 (B) 6,40,000 અને 6,34,600

(C) 6,30,000 અને 6,34,500 (D) 6,40,000 અને 6,34,500

(૧૩) જો 10,00,000 + 5,00,000 + X + 8,000 + 300 + 20 + 5 = 15,48,325 હોય, તો X ની કિંમત કેટલી થાય?

(A) 4,00,000 (B) 40,000 (C) 4,000 (D) 400

(૧૪) નીચે આપેલી સંખ્યાઓમાંથી કઈ સંખ્યાનું નજીકના હજારમાં આસન્ન મૂલ્ય 78,000 થાય?

(A) 77,499 (B) 78,600 (C) 77,890 (D) 78,501

(૧૫) 8 અંકની સૌથી મોટી સંખ્યા પછી તરત જ આવતી સંખ્યામાં કેટલા શૂન્ય (Zeros) હોય?

(A) 7 (B) 8 (C) 9 (D) 6

(૧૬) 9, 5, 2, 1, 7, 0, 4 અંકોમાંથી દરેક અંકનો એક જ વાર ઉપયોગ કરીને બનતી 7 અંકની સૌથી મોટી એકી (Odd) સંખ્યા કઈ?

(A) 9754210 (B) 9754201 (C) 9754021 (D) 9754120

(૧૭) કોઈ એક સંખ્યાનું નજીકની 100 ની કિંમતમાં આસન્ન મૂલ્ય 4,500 છે. તો તે મૂળ સંખ્યા કઈ હોઈ શકે?

(A) 4,449 (B) 4,551 (C) 4,549 (D) 4,601

(૧૮) 5 કરોડ + ૩ લાખ + 2 દસ હજાર + 8 એકમ = ?

(A) 5,0૩,20,008 (B) 5,૩0,20,008

(C) 5,0૩,02,008 (D) 5૩,20,008

(૧૯) સંખ્યા 78,45,6૩2 માં '8' ની સ્થાનકિંમત અને દર્શનીય કિંમત વચ્ચેનો તફાવત કેટલો થાય?

(A) 7,99,992 (B) 8,00,000 (C) 7,99,900 (D) 0

(૨૦) ત્રણ સંખ્યાઓ A = 45,67,890, B = 45,67,980 અને C = 45,67,809 ને ચડતા ક્રમમાં ગોઠવતા કયો ક્રમ સાચો બને?

(A) A, B, C (B) C, A, B (C) B, A, C (D) C, B, A

(૨૧) આપેલ રકમ ₹ 6,74,892 માં વધુમાં વધુ કેટલા દસ હજાર સમાયેલા છે?

(A) 6 (B) 67 (C) 674 (D) 7

(૨૨) જે સંખ્યાનું નજીકના 1,00,000 (લાખ) માં આસન્ન મૂલ્ય 5,00,000 થાય તેવી નાનામાં નાની શક્ય સંખ્યા કઈ?

(A) 4,50,000 (B) 4,49,999 (C) 4,60,000 (D) 5,49,999

(૨૩) 9,99,999 માં કઈ સંખ્યા ઉમેરવાથી 7 અંકની સૌથી નાની સંખ્યા મળે?

(A) 10 (B) 1 (C) 100 (D) 0

(૨૪) એક ક્રિકેટરે તેની કારકિર્દીમાં 1,2૩,45,678 રન બોર્ડ પર જોયા. આ સંખ્યામાં હજારના સ્થાને કયો અંક છે?

(A) ૩ (B) 4 (C) 5 (D) 6

(૨૫) 5 દસ લાખ + 4 સો + ૩ દશક = ?

(A) 50,00,4૩0 (B) 5,00,4૩0 (C) 50,04,૩00 (D) 54,૩0,000

(૨૬) જો એક લાઈન પર ૩ અંક દર્શાવ્યા છે: P = 7,89,12૩ , Q = 7,89,500 અને R = 7,90,000. તો કયું વિધાન સાચું છે?

(A) P એ Q અને R ની વચ્ચે છે (B) Q એ P અને R ની વચ્ચે છે

(C) R એ P અને Q ની વચ્ચે છે (D) Q એ P કરતાં નાની સંખ્યા છે

(૨૭) એક ચેરિટી ટ્રસ્ટે ₹ 4,95,62,350 એકઠા કર્યા. ટ્રસ્ટના પ્રમુખે આ રકમને નજીકના કરોડમાં રાઉન્ડ ઓફ કરીને જાહેર કરી. તેમણે કઈ રકમ જાહેર કરી હશે?

(A) ₹ 4,00,00,000 (B) ₹ 4,90,00,000

(C) ₹ 5,00,00,000 (D) ₹ 5,10,00,000

(૨૮) 4 અંકની સૌથી મોટી સંખ્યામાં 1 ઉમેરીએ અને મળતી સંખ્યાને 10 વડે ગુણીએ તો કઈ સંખ્યા મળે?

(A) 1,00,000 (B) 10,000 (C) 99,990 (D) 1,00,00

(૨૯) જો 'A' એ 6-અંકની સૌથી નાની સંખ્યા હોય અને 'B' એ 5-અંકની સૌથી મોટી સંખ્યા હોય, તો A - B = ?

(A) 10 (B) 1 (C) 0 (D) 100

(૩૦) આપેલ સંખ્યા 8,76,54,321 માં '7' ની સ્થાનકિંમત અને '5' ની સ્થાનકિંમત નો ગુણોત્તર (કે ભાગાકાર) કેટલો થાય?

(A) 100 (B) 10 (C) 1000 (D) 140

## પ્રકરણ - ૨ : આકાર અને ખુણો

(૧) અંગ્રેજી મૂળાક્ષર 'L' સામાન્ય રીતે કયા પ્રકારનો ખૂણો દર્શાવે છે?

(A) લઘુકોણ (B) કાટકોણ (C) ગુરુકોણ (D) સરળકોણ

(૨) જો બે દીવાસળીઓ વચ્ચેનો ખૂણો કાટકોણથી નાનો હોય, તો તેને કયા નામે ઓળખવામાં આવે છે?

(A) કાટકોણ (B) ગુરુકોણ (C) લઘુકોણ (D) શૂન્યકોણ

(૩) નીચેનામાંથી કઈ પરિસ્થિતિમાં કાટકોણથી મોટો (ગુરુકોણ) ખૂણો બને છે?

(A) સંપૂર્ણ બંધ પુસ્તક (B) દીવાલ સાથે પૂરી ખુલ્લી રાખેલી નિસરણી

(C) દીવાલ ઘડિયાળમાં 3:00 વાગ્યે બનતો ખૂણો (D) સાધનો બોક્સની સીધી ફૂટપટ્ટીની ધાર

(૪) એક જ સમાન લંબાઈની 6 દીવાસળીઓનો ઉપયોગ કરીને બનાવવામાં આવતા બંધ આકારને શું કહે છે?

(A) ત્રિકોણ (B) ચોરસ (C) પંચકોણ (D) નિયમિત ષટ્કોણ

(૫) જ્યારે ઘડિયાળમાં પૂરા **9:00** વાગ્યા હોય, ત્યારે કલાક કાંટા અને મિનિટ કાંટા વચ્ચે કયા પ્રકારનો ખૂણો બને છે?

**(A)** લઘુકોણ **(B)** કાટકોણ **(C)** ગુરુકોણ **(D)** સરળકોણ

(૬) ઘરની સીધી છત અને ઊભી દીવાલ વચ્ચે સામાન્ય રીતે કયા પ્રકારનો ખૂણો જોવા મળે છે?

**(A)** લઘુકોણ **(B)** કાટકોણ **(C)** ગુરુકોણ **(D)** સરળકોણ

(૭) અંગ્રેજી મૂળાક્ષર **'Z'** માં અંદરના ભાગે કુલ કેટલા ખૂણા બને છે અને તે કેવા પ્રકારના હોય છે?

**(A)** **2** ખૂણા, બંને કાટકોણ **(B)** **2** ખૂણા, બંને લઘુકોણ

**(C)** 3 ખૂણા, ત્રણેય ગુરુકોણ **(D)** **4** ખૂણા, બધા કાટકોણ

(૮) સાયકલના ટાયરમાં કેન્દ્રમાંથી નીકળતા બે પાસપાસેના આરા **(spokes)** વચ્ચે સામાન્ય રીતે કેવો ખૂણો બને છે?

**(A)** કાટકોણ **(B)** લઘુકોણ **(C)** ગુરુકોણ **(D)** સરળકોણ

(૯) જો કોઈ બહુકોણ આકારના ખૂણા બદલવામાં આવે, પરંતુ તેની બાજુઓની લંબાઈ તે જ રાખવામાં આવે, તો તેના આકાર વિશે શું કહી શકાય?

**(A)** આકાર બદલાતો નથી **(B)** આકાર બદલાઈ જાય છે

**(C)** આકાર મોટો થઈ જાય છે **(D)** માત્ર તેનો રંગ બદલાય છે

(૧૦) લઘુકોણ, કાટકોણ અને ગુરુકોણને તેમના માપના ચડતા ક્રમમાં ગોઠવતાં કયો વિકલ્પ સાચો છે?

**(A)** કાટકોણ < લઘુકોણ < ગુરુકોણ **(B)** ગુરુકોણ < કાટકોણ < લઘુકોણ

**(C)** લઘુકોણ < કાટકોણ < ગુરુકોણ **(D)** કાટકોણ < ગુરુકોણ < લઘુકોણ

(૧૧)એક કાતરને સહેજ જ ખુલ્લી રાખવામાં આવે ત્યારે તેના બે પાંખિયા વચ્ચે કયો ખૂણો બનશે?

**(A)** કાટકોણથી મોટો **(B)** કાટકોણથી નાનો (લઘુકોણ) **(C)** કાટકોણ **(D)** સરળકોણ

(૧૨) એક નિયમિત પંચકોણના અંદરના બધા ખૂણાઓ કેવા પ્રકારના હોય છે?

**(A)** કાટકોણથી નાના **(B)** કાટકોણ **(C)** કાટકોણથી મોટા (ગુરુકોણ) **(D)** શૂન્યકોણ

(૧૩) પક્ષી જ્યારે ખોરાક પકડવા પોતાની ચાંચ સહેજ ખોલે છે, ત્યારે ચાંચના બે ભાગ વચ્ચે કયો ખૂણો રચાય છે?

**(A)** લઘુકોણ **(B)** કાટકોણ **(C)** ગુરુકોણ **(D)** સરળકોણ

(૧૪) કાટકોણનું માપ $90^{\circ}$ છે. કાટકોણના અડધા માપનો $45^{\circ}$ ખૂણો કયા પ્રકારનો કહેવાય?

**(A)** ગુરુકોણ **(B)** કાટકોણ **(C)** લઘુકોણ **(D)** સરળકોણ

(૧૫) **'T U L S I'** નામના અંગ્રેજી અક્ષરોમાંથી માત્ર **'T'** અને **'L'** અક્ષરોમાં કુલ મળીને કેટલા કાટકોણ બને છે?

**(A)** 2 **(B)** ૩ **(C)** 4 **(D)** 5

(૧૬) ઝાડના મુખ્ય થડ સાથે ત્રાંસી ફેલાયેલી ડાળીઓ સામાન્ય રીતે કેવો ખૂણો બનાવે છે?

**(A)** કાટકોણથી મોટો (ગુરુકોણ) **(B)** શૂન્ય ખૂણો

**(C)** માત્ર $180^{\circ}$નો ખૂણો **(D)** કોઈ ખૂણો બનતો નથી

(૧૭) એક ષટ્કોણના દરેક અંદરના ખૂણાનું માપ $120^{\circ}$ હોય, તો તે કયા પ્રકારનો ખૂણો કહેવાય?

**(A)** લઘુકોણ **(B)** કાટકોણ **(C)** ગુરુકોણ **(D)** શૂન્યકોણ

(૧૮) બગીચામાં બે લપસણીઓ છે: એક ખૂબ ઊભી છે અને બીજી લાંબી તથા જમીન સાથે ઓછી ઢળતી છે. તો કઈ લપસણીનો જમીન સાથેનો ખૂણો નાનો હશે?

**(A)** ઊભી લપસણીનો **(B)** ઓછી ઢળતી (લાંબી) લપસણીનો

**(C)** બંનેનો ખૂણો સરખો હશે **(D)** એકપણ નહીં

(૧૯) 'ભુજંગાસન' (યોગ) કરતી વખતે શરીરનો ઉપરનો ભાગ (ધડ) અને જમીન વચ્ચે સામાન્ય રીતે કેવો ખૂણો બને છે?

**(A)** કાટકોણથી મોટો (ગુરુકોણ) **(B)** કાટકોણથી નાનો (લઘુકોણ)

**(C)** સીધો $180^{\circ}$ નો **(D)** શૂન્ય ખૂણો

(૨૦) 5 ખૂણા વાળા તારા (**Star**) ની બહારની ટોચ પર બનતા 5 ખૂણાઓ કેવા પ્રકારના હોય છે?

**(A)** કાટકોણ **(B)** ગુરુકોણ **(C)** લઘુકોણ **(D)** સરળકોણ

(૨૧) કાટકોણના ત્રીજા ભાગના ખૂણાનું અંશ માપ કેટલું થાય?

**(A)** $30^{\circ}$ **(B)** $45^{\circ}$ **(C)** $60^{\circ}$ **(D)** $90^{\circ}$

(૨૨) એક ખૂણાનું માપ $180^{\circ}$ છે. તો કાટકોણ ના સંદર્ભમાં આ ખૂણો કેટલા ગણો થાય?

(A) કાટકોણથી અડધો　　(B) કાટકોણ જેટલો જ

(C) કાટકોણથી બમણો　　(D) કાટકોણથી ત્રણ ગણો

(૨૩) ઘડિયાળમાં બપોરે 2:00 વાગ્યે મિનિટ કાંટો 12 પર અને કલાક કાંટો 2 પર હોય ત્યારે બંને વચ્ચે કેટલા અંશનો ખૂણો બનશે?

(A) $30^{\circ}$　(B) $60^{\circ}$　(C) $90^{\circ}$　(D) $120^{\circ}$

(૨૪) કેરમ બોર્ડ પર સ્ટ્રાઈકર ધાર (Cushion) સાથે $45^{\circ}$ ના ખૂણે અથડાઈને પાછું ફેંકાય, ત્યારે તેનો પાછા ફરવાનો ખૂણો કેટલા અંશનો હશે?

(A) $45^{\circ}$　(B) $90^{\circ}$　(C) $30^{\circ}$　(D) $180^{\circ}$

(૨૫) મિનારા, પુલ કે ટાવર બનાવતી વખતે 'ત્રિકોણ' આકારનો વધુ ઉપયોગ શા માટે કરવામાં આવે છે?

(A) તે દેખાવમાં સુંદર લાગે છે　　(B) ત્રિકોણ પર દબાણ પડવાથી તેના ખૂણા બદલાતા નથી અને તે મજબૂતી આપે છે

(C) ત્રિકોણ બનાવવામાં ઓછો ખર્ચ થાય છે　　(D) ત્રિકોણમાં એકપણ ખૂણો હોતો નથી

(૨૬) કસરત કરતી વખતે જ્યારે વ્યક્તિ સીધા ઊભા રહીને જમીન તરફ કમરથી $90^{\circ}$ ના ખૂણે નમે છે, ત્યારે પગ અને ધડ વચ્ચે કયો ખૂણો બને છે?

(A) લઘુકોણ　(B) કાટકોણ　(C) ગુરુકોણ　(D) સરળકોણ

(૨૭) બે લઘુકોણ $45^{\circ}$ અને $45^{\circ}$ નો સરવાળો કરવાથી કયા પ્રકારનો ખૂણો બને છે?

(A) લઘુકોણ　(B) કાટકોણ　(C) ગુરુકોણ　(D) સરળકોણ

(૨૮) નાના બાળકો માટે બગીચામાં લપસણી બનાવતી વખતે જમીન સાથેનો ખૂણો કેવો રાખવો વધુ સુરક્ષિત ગણાય?

(A) મોટો ખૂણો, જેથી બાળક ઝડપથી નીચે પડે　　(B) નાનો ખૂણો, જેથી ઢાળ ધીમો રહે અને બાળક સુરક્ષિત રીતે સરી શકે

(C) $90^{\circ}$ નો ખૂણો　　(D) ખૂણાનું કોઈ મહત્વ નથી

(૨૯) અંગ્રેજી અક્ષર 'N' માં બનતા બંને અંદરના ખૂણાઓ કેવા પ્રકારના હોય છે?

(A) કાટકોણ　　(B) કાટકોણથી નાના (લઘુકોણ)

(C) કાટકોણથી મોટા (ગુરુકોણ)　　(D) શૂન્ય ખૂણો

(૩૦) એક સંપૂર્ણ વર્તુળનું અંશ માપ $360^{\circ}$ હોય, તો અડધા વર્તુળનું અંશ માપ કેટલું થાય?

(A) $90^{\circ}$　(B) $180^{\circ}$　(C) $270^{\circ}$　(D) $360^{\circ}$

## પ્રકરણ - ૩ : કેટલા ચોરસ?

(૧) એક લંબચોરસનું ક્ષેત્રફળ ૨૦ ચો સેમી છે. જો તે લંબચોરસમાં એક સીધી રેખા એવી રીતે દોરવામાં આવે કે જેથી બે સમાન ત્રિકોણ બને, તો દરેક ત્રિકોણનું ક્ષેત્રફળ કેટલું થશે?

(A) ૫ ચો સેમી (B) ૧૦ ચો સેમી

(C) ૨૦ ચો સેમી (D) ૪૦ ચો સેમી

(૨) જો કોઈ આકાર ૪ આખા ચોરસ અને ૪ અડધા ચોરસથી બનેલો હોય, તો તેનું કુલ ક્ષેત્રફળ કેટલું થાય? (૧ ચોરસ = ૧ ચો સેમી)

(A) ૮ ચો સેમી (B) ૪ ચો સેમી

(C) ૬ ચો સેમી (D) ૫ ચો સેમી

(3) આકારની હદની લંબાઈને શું કહેવામાં આવે છે?

(A) ક્ષેત્રફળ (B) પરિમિતિ

(C) લંબાઈ (D) ઘનફળ

(૪) જો ટપાલ ટિકિટ A નું ક્ષેત્રફળ ૧૮ ચો સેમી હોય અને ટપાલ ટિકિટ D નું ક્ષેત્રફળ ૧૨ ચો સેમી હોય, તો બંનેના ક્ષેત્રફળનો તફાવત કેટલો થાય?

(A) ૩૦ ચો સેમી (B) ૬ ચો સેમી

(C) ૨ ચો સેમી (D) ૧.૫ ચો સેમી

(૫) સુરુચિએ ૧૦ ચો સેમી ક્ષેત્રફળ ધરાવતો આકાર બનાવવો છે. તેણે ૪ ચો સેમીનો લીલો ભાગ બનાવ્યો છે, તો તેણે નીચેનો પીળો ભાગ કેટલા ચો સેમીનો બનાવવો જોઈએ?

(A) ૪ ચો સેમી\ (B) ૧૦ ચો સેમી

(C) ૬ ચો સેમી (D) ૧૪ ચો સેમી

(૬) 8 ચોરસ એકમ ક્ષેત્રફળ ધરાવતો લંબચોરસ જો 4 સેમી લંબાઈ અને 2 સેમી પહોળાઈ ધરાવે છે, તો તેની પરિમિતિ કેટલી થાય?

(A) 8 સેમી

(B) 12 સેમી

(C) 16 સેમી

(૭) 8 ચોરસ એકમ ક્ષેત્રફળ ધરાવતી અલગ-અલગ ગોઠવણીઓમાંથી કઈ ગોઠવણીની પરિમિતિ સૌથી વધારે હશે?

(A) 4×2 નો લંબચોરસ

(B) 8×1 નો લંબચોરસ

(C) સીધી લાઇનમાં ગોઠવેલા 8 ચોરસ

(D) (B) અને (C) બંને

(૮) બે અલગ-અલગ આકારોનું ક્ષેત્રફળ સરખું (7 ચોરસ સેમી) હોય, તો તેમની પરિમિતિ વિશે શું કહી શકાય?

(A) તેમની પરિમિતિ હંમેશાં સરખી જ હોય

(B) તેમની પરિમિતિ અલગ-અલગ હોઈ શકે

(C) તેમની પરિમિતિ ક્ષેત્રફળ કરતાં અડધી જ હોય

(D) પરિમિતિ શોધી જ ન શકાય

## પ્રકરણ - ૪: ભાગ અને પૂર્ણ

(૧) એક લંબચોરસ પટ્ટીના ૯ સરખા ભાગ કરેલા છે, તેમાથી ૩ ભાગ કાળા રંગના છે, તો કાળો ભાગ આખી પટ્ટીનો કેટલામો ભાગ કહેવાય?

(A) ત્રીજો ભાગ (B) અડધો ભાગ

(C) ચોથો ભાગ (D) છઠ્ઠો ભાગ

(૨) એક રુપિયાનો પા ભાગ એટલે કેટલા પૈસા થાય?

(A) ૭૫ પૈસા (B) ૫૦ પૈસા

(C) ૨૫ પૈસા (D) ૧૦ પૈસા

(૩) નીચેનામાથી કઇ પરિસ્થિતિ આકૃતિનો ૧/૨ અપૂર્ણાંક બતાવે છે?

(A) વર્તુળના ૪ સરખા ભાગમાથી ૨ ભાગમા રંગ

(B) લંબચોરસના ૪ સરખા ભાગમાથી ૧ ભાગમા રંગ

(C) વર્તુળના ૪ સરખા ભાગમાથી ૪ ભાગમા રંગ

(D) લંબચોરસના ૪ સરખા ભાગમાથી ૩ ભાગમા રંગ

(૪) ઘડિયાળનો મિનિટ કાંટો ૧૨ પરથી શરૂ કરીને બરાબર ૩ પર પહોંચે તો તેણે ઘડિયાળનો કેટલામો ભાગ પૂર્ણ કર્યો કહેવાય?

**(A)** ૧/૨ **(B)** ૧/૪ **(C)** ૧/૩ **(D)** ૩/૪

(૫) અપૂર્ણાંક ૨/૪ નો એવો સમ અપૂર્ણાંક બનાવો જેનો છેદ ૧૨ હોય.

**(A)** ૩/૧૨ **(B)** ૬/૧૨ **(C)** ૫/૧૨ **(D)** ૮/૧૨

(૬) જો એક કિલોગ્રામ ટામેટાની કિમત ૪૦ રુપિયા હોય તો પોણો કિલોગ્રામ ટામેટા ખરીદવા દુકાનદારને કેટલા રુપિયા આપવા પડે?

**(A)** ૨૦ રુપિયા **(B)** ૨૫ રુપિયા

**(C)** ૧૦ રુપિયા **(D)** ૩૦ રુપિયા

(૭) મહેશ દિવસનો ૧/૪ ભાગ શાળામા વિતાવે છે. જો શાળામા રિશેષનો સમય ૧ કલાક હોય તો, મહેશે શાળામા કેટલા કલાક ભણવામા વિતાવ્યા હશે?

**(A)** ૮ કલાક **(B)** ૬ કલાક **(C)** ૫ કલાક **(D)** ૪ કલાક

(૮) ૬/૯ અપૂર્ણાંકને દર્શાવતી આકૃતિ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.




(1) (2) (3) (4) (5)

**(A)** માત્ર - ૧ **(B)** માત્ર - ૧,૩ અને ૪

**(C)** માત્ર - ૧,૩ અને ૫ **(D)** માત્ર ૨ અને ૫

(૯) નીચેની આકૃતિમા કેટલામો ભાગ છાયાંકિત કરેલ છે?



**(A)** ૨/૫ **(B)** ૨/૧૦ **(C)** ૩/૫ **(D)** ૪/૧૦

(૧૦) જો તમારી પાસે ૫ પૈસાના ૧૦ સિક્કાઓ હોય તો તે કુલ મળીને ૧ રુપિયાનો કેટલામો ભાગ બનશે?

(A) ૧/૫ (B) ૧/૧૦ (C) ૧/૨ (D) ૧/૧૦૦

(૧૧) ૨/૧૦૦ અપૂર્ણાંકને દશાંશ અપૂર્ણાંકમા દર્શાવો.

(A) ૦.૦૨ (B) ૦.૨ (C) ૨ (D) ૦.૨૦

## પ્રકરણ - ૫ : તે સરખુ દેખાય છે?

(૧) જો અંગ્રેજી મુળાક્ષર ‘ H ‘ ની બરાબર વચ્ચે આડી તુટક રેખા દોરવામા આવે, તો ઉપરનો અને નીચેનો ભાગ અરીસામા જોતા કેવો દેખાશે?

(A) એક બીજાથી અલગ (B) મોટો અને નાનો

(C) એક સરખો (D) ઊંધો અને વાંકો

(૨) નીચેનામાથી ક્યો અંક વચ્ચેથી આડી રેખા દોરતા બે સરખા ભાગમા વહેચાઇ શકે?

(A) 7 (B) 8 (C) 4 (D) 5

(૩) નીચેનામાથી ક્યો અંગ્રેજી મુળાક્ષરોનો સમુહ ઊભી તુટક રેખા દ્વારા બે સરખા ભાગમા વિભાજિત થાય છે?

(A) P,Q,R (B) M,A,T

(C) B,D,E (D) S,Z,N

(4) એક ચોરસ આકારના કાગળને વધુમા વધુ કેટલી અલગ અલગ તુટક રેખાઓ દોરીને બે સરખા સન્મિત ભાગમા વિભાજિત કરી શકાય?

(A) એક રેખા (B) બે રેખા

(C) ત્રણ રેખા (D) ચાર રેખા

(૫) એક ચિત્રને ૧/૪ આંટો ફેરવતા તે બદલાઇ જાય છે, પણ તેને ૧/૨ આંટો ફેરવતા તે પાછુ પહેલા જેવુ જ દેખાય છે, તો તે ક્યો આકાર હોઇ શકે?

(A) વર્તુળ (B) લંબચોરસ

(C) નિયમિત ષટકોણ (D) સમબાજુ ત્રિકોણ

## પ્રકરણ - ૬ : તુ મારો ગુણક, હુ તારો અવયવ

(૧) આપેલ સંખ્યામાથી કઇ સંખ્યાનો અવયવ અને અવયવી બન્ને ૪૦ છે?

(A) ૧૦ (B) ૨૦ (C) ૮ (D) ૪૦

(૨) ૧૯ ના નાનામા નાનો અવયવ અને અવયવીનો સરવાળો કેટલો થાય?

(A) ૧ (B) ૨૦ (C) ૧૯ (D) ૧૮

(૩) એક સંખ્યા જે ૧૯ નો અવયવી છે તથા તે ૫૦૦ થી નાની છે. જેને બરાબર ૩ અવયવો છે. તો તે સંખ્યા કઇ ?

(A) ૩૬૧ (B) ૪૬૧ (C) ૨૮૦ (D) ૫૨૯

(૪) ૧૭ ના પ્રથમ છ઼ગુણજોનો સરવાળો શુ થાય?

(A) ૧૭૦ (B) ૧૮૦ (C) ૨૭૦ (D) ૮૫

(૫) ચાર અંકો ૮,૦,૩,૬ થી બનતી ચાર અંકની સૌથી નાની અને જેને ૫ વડે ભાગી શકાય તેવી સંખ્યા કઇ?

(A) ૦૩૬૮ (B) ૩૬૮૦ (C) ૩૦૬૮ (D) ૮૬૩૦

## પ્રકરણ - ૭ : તમે પેટર્ન (ભાત) જોઇ શકો છો?

(૧) નીચેનામાથી ક્યો શબ્દ ‘ પેલિંડ્રોમ શબ્દ ‘ છે?

(A) CAR (B) TODAY

(C) LEVEL (D) SCHOOL

(૨) ૧,૪,૯,૧૬,૨૫,.......... પેટર્ન આગળ વધારો.

(A) ૨૫ (B) ૩૬ (C) ૪૯ (D) ૬૪

(૩) આપેલ પેટર્નનો નિયમ શોધીને ખાલી જગ્યા પુરો. ૧,૩,૬,૧૦,૧૫,..........

(A) ૨૧ (B) ૨૫ (C) ૨૦ (D) ૧૮

(૪) જો કોઇ ગુપ્ત નિયમ મુજબ ‘YES’ને ‘ZFT’ લખાયુ હોય તો આ જ નિયમ મુજબ ‘NO’ માટે ક્યો ગુપ્ત સંદેશ બનશે?

(A) MP (B) MN (C) OK (D) OP

(૫) કોઇ સાંકેતિક ભાષામા NOVEMBER= 58713914 લખાતુ હોય તો, તે જ સાંકેતિક ભાષામા MEMBER માટે શુ લખાય?

(A) 31914 (B) 313914

(C) 317914 (D) 313974

(૬) નીચેનામાથી કઇ પેટર્ન બંધબેસતી નથી? KIT, TIK, ITK, IKC

(A) KIT (B) TIK (C) ITK (D) IKC

## પ્રકરણ - ૯ : ખોખા અને રેખાચિત્ર

(૧) એક કાગળ પર વર્તુળ દોરીને તેમાંથી એક ત્રિજ્યાખંડ (Sector) કાપી લેવામાં આવે છે. આ કાપેલા ભાગની ધારોને ભેગી કરીને જોડવામાં આવે તો કયો 3D આકાર બનશે?

(A) સમઘન (B) નળાકાર (C) શંકુ (D) ગોલક

(૨) એક લંબચોરસ કાગળને વાળ્યા વગર (કાપ્યા વગર) માત્ર તેની સામસામેની બે કિનારીઓ એકબીજા સાથે જોડવામાં આવે, તો નીચેનામાંથી કયો આકાર તૈયાર થશે?

(A) બંધ સમઘન (B) ખુલ્લો નળાકાર

(C) શંકુ (D) પિરામિડ

(૩) એક સમઘનની જાળી (Net) માં કુલ 6 ચોરસ આવેલા છે. જો તમે તેને વાળીને સમઘન બનાવો છો, તો કોઈ પણ એક ચોરસની બરાબર સામે કેટલા ચોરસ આવશે?

(A) 4 ચોરસ (B) 2 ચોરસ (C) 1 ચોરસ (D) 5 ચોરસ

(૪) એક નળાકાર આકારના ડબ્બાને સંપૂર્ણપણે બંધ કરવા માટે તેની જાળી (Net) માં કયા આકારો અને કેટલા પ્રમાણમાં હોવા જોઈએ?

(A) 1 લંબચોરસ અને 1 વર્તુળ (B) 2 લંબચોરસ અને 1 વર્તુળ

(C) 1 લંબચોરસ અને 2 વર્તુળ (D) 2 લંબચોરસ અને 2 વર્તુળ

(૫) બર્થડે કેપ (જોકરની ટોપી) બનાવવા માટે નીચેનામાંથી કઈ જાળીનો ઉપયોગ કરવો યોગ્ય ગણાશે?

(A) 1 લંબચોરસ (B) 1 ત્રિજ્યાખંડ (Sector) (C) 6 ચોરસ (D) 2 સમાન વર્તુળ

(૬) રમેશ પાસે એક જાળી છે જેમાં 1 લંબચોરસ અને 2 સમાન વર્તુળ છે. જો તે આ વર્તુળોને લંબચોરસની સામસામેની બાજુઓ પર જોડીને વાળીને બંધ કરે, તો તેને કયો આકાર મળશે?

(A) શંકુ (B) બંધ નળાકાર (C) સમઘન (D) લંબઘન

(૭) સમઘન આકારના પાસા (Dice) ની જાળી બનાવતી વખતે જો સામસામેની સપાટી પરના ટપકાંનો સરવાળો હંમેશા 7 થતો હોય, તો '1' ટપકા વાળા ચોરસની સામે કયા ટપકાં વાળો ચોરસ આવશે?

(A) 6 (B) 5 (C) 4 (D) 3

(૮) જો શંકુની જાળી (Net) માંથી નીચેનું વર્તુળ દૂર કરી દેવામાં આવે, તો બાકી બચેલા ભાગમાંથી કેવો શંકુ બનશે?

(A) તળિયા વગરનો (ખુલ્લો) શંકુ (B) બંધ શંકુ

(C) નળાકાર (D) આકાર જ નહીં બને

(૯) સમઘન અને નળાકારની જાળી (Net) વચ્ચેનો મુખ્ય તફાવત કયો છે?

(A) સમઘનની જાળીમાં માત્ર વર્તુળ હોય છે, જ્યારે નળાકારમાં ચોરસ હોય છે.

(B) સમઘનની જાળી માત્ર સપાટ આકારો (ચોરસ) ની બનેલી છે, જ્યારે નળાકારની જાળીમાં વર્તુળાકાર ભાગ પણ હોય છે.

(C) નળાકારની જાળીમાંથી ક્યારેય 3D આકાર ન બની શકે.

(D) બંનેની જાળી સંપૂર્ણપણે એકસરખી જ હોય છે.

(૧૦) એક ચોરસ કાગળમાંથી 6 સમાન ચોરસ કાપીને એક ચોક્કસ આકારમાં ગોઠવવામાં આવે છે. આ ગોઠવણીને વાળીને ડબ્બો બનાવતા જો ઉપરનું ઢાંકણું ન બને (ખુલ્લો ડબ્બો રહે), તો તેનો અર્થ શું થાય?

(A) કાગળ ઓછો હતો. (B) ચોરસની ગોઠવણી (Net) ખોટી હતી.

(C) ચોરસમાંથી માત્ર શંકુ જ બની શકે. (D) 6 ચોરસમાંથી ક્યારેય સમઘન ન બને.

## પ્રકરણ-10 દસમો અને સો મો ભાગ

(૧) એક પેન્સિલની લંબાઈ 3 સેમી અને 6 મિમી છે. તેને દશાંશ સ્વરૂપમાં સેન્ટિમીટરમાં કઈ રીતે લખાય?

(A) 3.06 સેમી (B) 3.6 સેમી (C) 36.0 સેમી (D) 0.36 સેમી

(૨) જો સોનેરી દેડકાની લંબાઈ 0.9 સેમી હોય, તો 1 મીટરની ફૂટપટ્ટી પર એક હરોળમાં આશરે કેટલા સોનેરી દેડકા ગોઠવી શકાય?

(A) 10 દેડકા (B) 90 દેડકા (C) 111 દેડકા (D) 100 દેડકા

(૩) એક ભીંડાની લંબાઈ 13.5 સેમી છે. આ લંબાઈને મિલીમીટર (મિમી) માં રૂપાંતરિત કરતા કેટલી થાય?

(A) 1.35 મિમી (B) 135 મિમી (C) 1350 મિમી (D) 0.135 મિમી

(૪) દિનેશની ઊંચાઈ 1.52 મીટર છે. તેને 2 મીટરની ઊંચાઈ સુધી પહોંચવા માટે હજુ કેટલા સેન્ટિમીટર વધવાની જરૂર છે?

(A) 48 સેમી (B) 58 સેમી (C) 0.48 સેમી (D) 52 સેમી

(૫) રમેશ પાસે 16 સેમી લાંબો વાયર છે. તેમાંથી તે ચોરસ બનાવે છે, તો ચોરસની દરેક બાજુનું માપ કેટલું થશે?

(A) 8 સેમી (B) 4 સેમી (C) 2 સેમી (D) 16 સેમી

(૬) 1 પૈસો એ 1 રૂપિયાનો 100મો ભાગ છે, જેને ₹0.01 લખાય. તો 75 પૈસાને રૂપિયામાં કેવી રીતે દર્શાવાય?

(A) ₹7.5 (B) ₹0.075 (C) ₹0.75 (D) ₹75.0

નીચે આપેલ કોષ્ટક મુજબ:

| વસ્તુ: | સાબુ | લીલા ચણા (1 કિગ્રા) | ચા (250 ગ્રામ) |
|---|---|---|---|
| કિંમત: | ₹12.50 | ₹50.25 | ₹27.25 |

(૭) દુકાનદારે કુલ બિલ દર્શાવવાનું છે, તો આ ત્રણેય વસ્તુઓની કુલ રકમ કેટલી થાય?

(A) ₹90.00 (B) ₹90.00 (C) ₹90.00 (D) ₹90.00

(૮) એક કેળાની કિંમત ₹2.50 છે. તો દોઢ ડઝન (18 નંગ) કેળાંની કિંમત કેટલી થશે?

(A) ₹45.00 (B) ₹30.00 (C) ₹36.00 (D) ₹50.00

(૯) અરુણ એક ₹8.75 નો સાબુ ખરીદવા માંગે છે. તેની પાસે ₹5 નો એક સિક્કો, ₹1 ના બે સિક્કા અને 50 પૈસાના 4 સિક્કા છે. તો વેપારી તેને કેટલા રૂપિયા પાછા આપશે?

(A) ₹0.25 (B) ₹0.50 (C) ₹1.25 (D) ₹0.75

(૧૦) 1 યુ.એસ.એ. ડૉલર = ₹65.29 છે. મિથુનને તેના કાકા તરફથી 10 ડૉલર ભેટ મળે છે. તેમાંથી તે ₹350 શાળા પ્રવાસ માટે વાપરે છે, તો તેની પાસે કેટલા રૂપિયા વધશે?

(A) ₹302.90 (B) ₹652.90 (C) ₹350.00 (D) ₹202.90

(૧૧) ₹400 ના બદલામાં કેટલા દક્ષિણ આફ્રિકન રેન્ડ મળી શકે? (જો 1 રેન્ડ = ₹4.80 હોય)

(A) 83.33 રેન્ડ (B) 40 રેન્ડ (C) 100 રેન્ડ (D) 1920 રેન્ડ

(૧૨) બપોરે 3 વાગ્યાના તાપમાન જુઓ:

શ્રીનગર: 8.1°C | મુંબઈ: 35.1°C | જયપુર: 23.2°C

મુંબઈનું તાપમાન શ્રીનગરના તાપમાન કરતાં કેટલું વધારે છે?

(A) 27.0°C (B) 26.9°C (C) 35.1°C (D) 43.2°C

(૧૩) ચેન્નાઈનું તાપમાન 29.9°C છે અને કોલકાતાનું તાપમાન 26.6°C છે. ચેન્નાઈ કરતાં કોલકાતાનું તાપમાન કેટલું ઓછું છે?

(A) 3.3°C (B) 3.5°C (C) 2.6°C (D) 4.3°C

## પ્રકરણ - ૧૦ : દસમો અને સોમો ભાગ

(૧) ૧.૬૨૫ ને અપૂર્ણાંકમા બદલો.

(A) ૧ $\frac{૫}{૮}$ (B) ૧ $\frac{૮}{૫}$

(C) ૧૧ $\frac{૫}{૮}$ (D) ૫ $\frac{૧}{૮}$

(૨) ૨૩૭.૩૧૫ સંખ્યામા ૩ ની સ્થાનકિમતનો સરવાળો શોધો.

(A) ૩૦.૩ (B) ૩૦.૦૩ (C) ૩.૦૩ (D) ૩૦૦.૦

(૩) ૫.૦૫૦, ૫.૧૫૦, ૫.૫૧, ૫.૦૧૫ સંખ્યાઓ પૈકી સૌથી મોટી સંખ્યા શોધો.

(A) ૫.૧૫૦ (B) ૫.૦૫૦ (C) ૫.૫૧ (D) ૫.૦૧૫

(૪) ૩૨.૦૮ અને ૧.૧૩૮ નો સરવાળો કરતા પરિણામ શુ મળે?

(A) ૩૩.૨૧ (B) ૩૩.૨૦૮ (C) ૩૩.૨૧૮ (D) ૩૪.૨૧૮

(૫) કાજલે ૩૫.૬૫ રુપિયાનુ પુસ્તક ખરીદ્યુ. તેણે દુકાનદારને ૫૦ રુપિયા આપ્યા, તો દુકાનદાર કેટલા રુપિયા કાજલને પરત આપશે?

(A) ૧૪.૩૫ (B) ૧૪.૩૨ (C) ૧૫.૩૨ (D) ૧૫.૩૫

## પ્રકરણ - ૧૧ : ક્ષેત્રફળ અને પરિમિતિ

(૧) જો તમે આખા શહેરની જમીનનું ક્ષેત્રફળ માપવા માંગતા હોવ, તો કયો એકમ સૌથી વધુ યોગ્ય ગણાશે?

(A) ચોરસ સેમી (B) ચોરસ મીટર (C) ચોરસ કિલોમીટર (D) મિલીમીટર

(૨) પાર્થ પાસે એક લંબચોરસ ટુકડો છે જેની લંબાઈ 6 સેમી અને પહોળાઈ 5 સેમી છે. તેનું ક્ષેત્રફળ કેટલું થશે?

(A) 11 ચો સેમી (B) 22 ચો સેમી (C) 30 ચો સેમી (D) 36 ચો સેમી

(3) જો એક ચોરસ બગીચાની પરિમિતિ 20 મીટર હોય, તો તેની એક બાજુની લંબાઈ કેટલી હશે?

(A) 4 મીટર (B) 5 મીટર (C) 10 મીટર (D) 20 મીટર

(૪) અરબાઝના રસોડાના ભોંયતળિયાનું માપ 220 સેમી × 180 સેમી છે. તેમાં 10 સેમી બાજુવાળી કેટલી ચોરસ લાદીઓ બેસાડી શકાય?

(A) 396 (B) 400 (C) 198 (D) 360

(૫) એક 20 સેમી લાંબા તારમાંથી લંબચોરસ બનાવવામાં આવે છે. જો તેની પહોળાઈ 4 સેમી હોય, તો તેની લંબાઈ કેટલી થશે?

(A) 16 સેમી (B) 8 સેમી (C) 6 સેમી (D) 10 સેમી

(૬) જો ચોરસ A ની બાજુનું માપ બમણું કરીને ચોરસ B બનાવવામાં આવે, તો ચોરસ B નું ક્ષેત્રફળ A કરતા કેટલા ગણું થશે?

(A) 2 ગણું (B) 3 ગણું (C) 4 ગણું (D) 8 ગણું

(૭) એક ચોરસ કૅરમબોર્ડની પરિમિતિ 320 સેમી છે. તેનું ક્ષેત્રફળ કેટલું થાય?

(A) 6400 ચો સેમી (B) 1600 ચો સેમી

(C) 800 ચો સેમી (D) 3200 ચો સેમી

(૮) નીચેનામાંથી કઈ વસ્તુનું ક્ષેત્રફળ માપવા માટે 'ચોરસ મીટર' એકમ સૌથી વધુ યોગ્ય છે?

(A) પુસ્તકનું પાનું (B) વર્ગખંડનો દરવાજો

(C) ટપાલ ટિકિટ (D) આખું રાજ્ય

(૯) જો બે લંબચોરસનું ક્ષેત્રફળ સમાન હોય, તો શું તેમની પરિમિતિ પણ હંમેશા સમાન જ હોય?

(A) હા, હંમેશા સમાન હોય (B) ના, અલગ-અલગ હોઈ શકે

(C) માત્ર ચોરસ હોય તો જ સમાન હોય (D) કંઈ કહી શકાય નહીં

(૧૦) ચેગુ પાસે 100 મીટરનો તાર છે. તે નીચેનામાંથી કયા આકારની જમીન ઘેરે તો તેને સૌથી વધુ ક્ષેત્રફળ મળે?

(A) ચોરસ (B) લંબચોરસ (C) ત્રિકોણ (D) વર્તુળ

(૧૧) નસરીનાના ખેતરના એક નકશામાં 1 ચોરસને 1 ચો મી જમીન ગણવામાં આવે છે. જો ખેતરમાં કુલ 90 ચોરસ હોય, તો દરેક ૩ બાળકોને સરખે ભાગે કેટલી જમીન મળશે?

(A) 90 ચો મી (B) 45 ચો મી (C) 30 ચો મી (D) 15 ચો મી

(૧૨) સાનિયાના ગ્રીટિંગ કાર્ડની પહોળાઈ 8 સેમી અને ક્ષેત્રફળ 80 ચો સેમી છે, તો તેની પરિમિતિ કેટલી હશે?

(A) 18 સેમી (B) 36 સેમી (C) 40 સેમી (D) 10 સેમી

(૧૩) જો એક ટપાલ ટિકિટનું ક્ષેત્રફળ 4 ચો સેમી હોય અને લંબચોરસને ઢાંકવા માટે આવી 24 ટિકિટની જરૂર પડે, તો લંબચોરસનું ક્ષેત્રફળ કેટલું?

(A) 24 ચો સેમી (B) 48 ચો સેમી (C) 96 ચો સેમી (D) 100 ચો સેમી

(૧૪) અનારે બનાવેલા લંબચોરસ D (8000 મી × 0.1 મી) ની હદ (પરિમિતિ) કેટલી લાંબી હશે?

(A) 8000.1 મી (B) 16000.2 મી (C) 8000.2 મી (D) 16000 મી

(૧૫) પોસ્ટકાર્ડમાંથી પસાર થવાના કોયડામાં, પોસ્ટકાર્ડને કાપીને પટ્ટીઓ બનાવવાથી તેના કયા માપમાં કોઈ ફેરફાર થતો નથી?

(A) પરિમિતિ (B) ક્ષેત્રફળ (C) લંબાઈ (D) પહોળાઈ

(૧૬) 15 સેમી ની દોરીના બંને છેડા જોડીને કયો આકાર બનાવવાથી સૌથી ઓછું ક્ષેત્રફળ મળશે?

(A) વર્તુળ (B) ચોરસ (C) સમભુજ ત્રિકોણ (D) ખૂબ જ સાંકડો લંબચોરસ

(૧૭) સરોવર A ની હદ નકશામાં 25 સેમી છે. જો સ્કેલ માપ 1 સેમી = 1 કિમી હોય, તો જમીન પર તેની લંબાઈ કેટલી?

(A) 2.5 કિમી (B) 25 કિમી (C) 250 કિમી (D) 25 સેમી

(૧૮) જો એક ચોરસનું ક્ષેત્રફળ 9 ચો સેમી હોય, તો તેની પરિમિતિ કેટલી હશે?

(A) 3 સેમી (B) 9 સેમી (C) 12 સેમી (D) 36 સેમી

(૧૯) સાનિયા અને કબીરના કાર્ડની પરિમિતિ સમાન છે, પણ સાનિયાનું કાર્ડ ચોરસ છે અને કબીરનું લંબચોરસ. કોનું ક્ષેત્રફળ વધુ હશે?


(A) સાનિયાનું (ચોરસ) (B) કબીરનું (લંબચોરસ)

(C) બંનેનું સમાન હશે (D) નક્કી ન કરી શકાય

## પ્રકરણ - ૧૨ : સ્માર્ટ ચાર્ટ

**1. એક રસ્તા પર 5 બસ સ્ટોપ P, Q, R, S અને T આપેલા છે.દરેક ખાનું સરખું અંતર દર્શાવે છે.**

**પ્રમાણમાપ: 1 ખાનું = 5 કિમી**




(1) P થી T સુધીનું અંતર કેટલું છે?

(A) 20 કિમી (B) 40 કિમી (C) 30 કિમી (D) 50 કિમી

(2) જો 1 ખાનું 5 km દર્શાવે, તો P થી Q વચ્ચેનું અંતર શોધો.

(A) 5 કીમી (B) 10 કીમી (C) 15 કીમી (D) 20 કીમી

(3) Q થી S વચ્ચેનું અંતર કેટલું થશે?

(A) 20 કિમી (B) 10 કિમી (C) 25 કિમી (D) 15 કિમી


(4) કયા બે સ્ટોપ વચ્ચે સૌથી ઓછું અંતર છે?

(A) P અને Q (B) Q અને R (C) બધા વચ્ચે સરખું (D) R અને T

(5) એક વ્યક્તિ P થી S જાય છે,તો તેણે કેટલું અંતર કાપ્યું?

(A) 10 કિમી (B) 20 કિમી (C) 30 કિમી (D) 40 કિમી

1.નીચેનો આલેખ જુઓ, જે એક પરિવારના જુદા–જુદા વિભાગોમાં થયેલ માસિક ખર્ચ (રૂપિયામાં) દર્શાવે છે,




(i) સૌથી વધુ ખર્ચ કયા વિભાગમાં થાય છે?

(A) ભાડું (B) ખોરાક (C) શિક્ષણ (D) અન્ય

(ii) શિક્ષણ પાછળ કુલ કેટલો ખર્ચ થાય છે?

(A) 2000 (B) 4000 (C) 3000 (D) 5000

(iii) વાહનવ્યવહાર કરતા ખોરાક પાછળ કેટલો ખર્ચ વધુ છે?

(A) 3500 (B) 2500 (C) 1500 (D) 3000

(B)

(iv) કયા બે વિભાગોનો કુલ ખર્ચ 5000 રૂપિયા થાય છે?

(A) ભાડું અને ખોરાક (B) શિક્ષણ અને અન્ય

(C) શિક્ષણ અને વાહનવ્યવહાર (D) અન્ય અને ભાડું

(v) આખા મહિનાનો કુલ ખર્ચ (રૂપિયામાં) કેટલો થાય છે?

(A) 15000 (B) 15500 (C) 14500 (D) 16000

## પ્રકરણ – ૧૪ : કેટલુ મોટુ? કેટલુકેટલુ ભારે?

(૧) 5 રૂપિયાના 9 સિક્કા માપક ગ્લાસમાં નાખતા પાણીનું સ્તર 10 મિલી ઉપર ચડે છે. તો 5 રૂપિયાના 36 સિક્કા નાખતા પાણી કેટલા મિલી ઉપર ચડશે?

(A) 20 મિલી (B) 30 મિલી (C) 40 મિલી (D) 50 મિલી

(૨) 1 સેમી બાજુ ધરાવતા સમઘન વડે 5 સેમી લંબાઈ, 3 સેમી પહોળાઈ અને 2 સેમી ઊંચાઈ ધરાવતી પેટી ભરવા માટે કેટલા સમઘનની જરૂર પડે?

(A) 10 (B) 30 (C) 25 (D) 15

(3) તનુએ દીવાસળીના ખોખાથી એક મંચ બનાવ્યો. પ્રથમ સ્તરમાં 14 ખોખાં છે અને આવા 4 સ્તર બનાવ્યા છે. તો મંચ બનાવવા કુલ કેટલા ખોખાં વપરાયા હશે?

(A) 28 (B) 42 (C) 56 (D) 60

(૪) એક લંબઘન ખોખાની લંબાઈ 20 સેમી, પહોળાઈ 10 સેમી અને ઊંચાઈ 6 સેમી છે. તેમાં 1 સેમીના કેટલા સમઘન ગોઠવી શકાય?

(A) 36 (B) 1200 (C) 200 (D) 600

(૫) જો 1 કાગળના સમઘનની બાજુનું માપ 7 સેમી હોય, તો તેનું કદ 1 સેમીના કેટલા સમઘન જેટલું થાય?

(A) 49 (B) 343 (C) 21 (D) 147

(૬) 5 રૂપિયાના એક સિક્કાનું વજન 9 ગ્રામ છે. જો સિક્કાથી ભરેલી થેલીનું વજન 9 કિલોગ્રામ હોય, તો થેલીમાં કેટલા સિક્કા હશે?

(A) 900 સિક્કા (B) 1000 સિક્કા (C) 100 સિક્કા (D) 9000 સિક્કા

(૭) 2 રૂપિયાના એક સિક્કાનું વજન 6 ગ્રામ છે. જો થેલીમાં 3000 સિક્કા હોય, તો થેલીનું કુલ વજન કેટલા કિલોગ્રામ થાય?

(A) 12 કિગ્રા (B) 15 કિગ્રા (C) 18 કિગ્રા (D) 30 કિગ્રા

(૮) 1 કિલોગ્રામ તાજા ટમેટાને સૂકવવાથી તેનું વજન 100 ગ્રામ થઈ જાય છે. જો 6 દિવસ માટે 10 લોકો માટે 100 ગ્રામ સૂકા ટમેટાની જરૂર હોય, તો કેટલા કિલોગ્રામ તાજા ટમેટા સૂકવવા પડે?

(A) 6 કિગ્રા (B) 10 કિગ્રા (C) 60 કિગ્રા (D) 1 કિગ્રા

(૯) એક હાથીનું વજન 5000 કિગ્રા છે. જો એક બાળકની સરેરાશ વજન 25 કિગ્રા હોય, તો કેટલા બાળકોનું વજન હાથીના વજન બરાબર થાય?

(A) 100 (B) 200 (C) 500 (D) 250

(૧૦) એક જુવાન હાથી દિવસમાં 136 કિગ્રા ખોરાક ખાય છે. તો તે જુલાઈ મહિના (31 દિવસ) માં કુલ કેટલો ખોરાક ખાશે?

(A) 4216 કિગ્રા (B) 4080 કિગ્રા

(C) 3000 કિગ્રા (D) 5000 કિગ્રા

(૧૧) 2250 ગ્રામ ને કિલોગ્રામ અને ગ્રામમાં કઈ રીતે લખાય?

(A) 22 કિગ્રા 50 ગ્રામ (B) 2 કિગ્રા 250 ગ્રામ (C) 225 કિગ્રા 0 ગ્રામ (D) 2.025 કિગ્રા

(૧૨) જો 100 રૂપિયાની 100 નોટોનું વજન 485 ગ્રામ હોય, તો 10,000 નોટોનું વજન કેટલું થાય?

(A) 4.85 કિગ્રા (B) 48.5 કિગ્રા (C) 485 કિગ્રા (D) 0.485 કિગ્રા

(૧૩) 14 સેમી × 9 સેમી ના પોસ્ટકાર્ડમાંથી પહોળાઈ પરથી નળાકાર પાઈપ-1 અને લંબાઈ પરથી નળાકાર પાઈપ-2 બનાવવામાં આવે છે. કઈ પાઈપમાં વધુ રેતી ભરી શકાશે (કદ વધુ હશે)?

(A) પાઈપ-1 (પહોળાઈ પરથી બનાવેલ)

(B) પાઈપ-2 (લંબાઈ પરથી બનાવેલ)

(C) બંનેમાં સરખી રેતી ભરાશે

(D) એકપણ નહીં

## પ્રકરણ - 1: રાષ્ટ્રીય ફળ કેરી - જવાબો

### વિભાગ - 1

**(1)** (A) 10 **(2)** (C) 32 **(3)** (B) 7.5 ફેરા **(4)** (C) 15 કલાક **(5)** (A) 45 ઢગલી, 0 બાકી
**(6)** (A) 12
**(7)** (B) ઉત્તર, ડાબી બાજુ **(8)** (B) 3500 કિગ્રા **(9)** (A) 60 **(10)** (A) 102 **(11)** (B) 1080 કિગ્રા
**(12)** (A) 640 કિગ્રા **(13)** (A) ₹ 1500 **(14)** (A) 13.740 કિગ્રા **(15)** (C) 7 **(16)** (B) 25 હજાર
**(17)** (B) 6 કિગ્રા **(18)** (A) 1 કિગ્રા **(19)** (C) ₹ 6000 **(20)** (A) 140 **(21)** (A) 50
**(22)** (B) 6000
**(23)** (B) 2 કલાક 30 મિનિટ **(24)** (A) 150 **(25)** (A) એક કરોડ સાઠ લાખ ટન
**(26)** (A) ₹ 5,000 નફો

### વિભાગ-2

**(1)** (B) 19,930 **(2)** (B) 203589 **(3)** (A) 10 ગણી **(4)** (B) 86,00,000 **(5)** (C) 6
**(6)** (C) **(7)** (A) 40,00,004 **(8)** (A) 7,08,05,004 **(9)** (B) 1,00,00,000 **(10)** (A) 9,89,999 **(11)** (B) સુરેશ પાસે, 9,000 વધારે **(12)** (B) 6,40,000 અને 6,34,600
**(13)** (B) 40,000 **(14)** (C) 77,890 **(15)** (B) 8 **(16)** (B) 9754201 **(17)** (C) 4,549
**(18)** (A) 5,03,20,008 **(19)** (A) 7,99,992 **(20)** (B) C, A, B **(21)** (B) 67 **(22)** (A) 4,50,000 **(23)** (B) 1 **(24)** (C) 5 **(25)** (A) 50,00,430 **(26)** (B) Q એ P અને R ની વચ્ચે છે **(27)** (C) 5,00,00,000 **(28)** (A) 1,00,000 **(29)** (B) 1 **(30)** (D) 140

## પ્રકરણ - 2 : આકાર અને ખૂણો - જવાબો

**(1)** (B) કાટકોણ **(2)** (C) લઘુકોણ **(3)** (B) દીવાલ સાથે પૂરી ખુલ્લી રાખેલી નિસરણી **(4)** (D) નિયમિત ષટ્કોણ **(5)** (B) કાટકોણ **(6)** (B) કાટકોણ **(7)** (B) 2 ખૂણા, બંને લઘુકોણ **(8)** (B) લઘુકોણ **(9)** (B) આકાર બદલાઈ જાય છે **(10)** (C) લઘુકોણ < કાટકોણ < ગુરુકોણ **(11)** (B) કાટકોણથી નાનો (લઘુકોણ) **(12)** (C) કાટકોણથી મોટા (ગુરુકોણ) **(13)** (A) લઘુકોણ **(14)** (C) લઘુકોણ **(15)** (B) 3 **(16)** (A) કાટકોણથી મોટો

(ગુરુકોણ) **(17)** (C) ગુરુકોણ **(18)** (B) ઓછી ઢળતી (લાંબી) લપસણીનો **(19)** (A) કાટકોણથી મોટો (ગુરુકોણ) **(20)** (C) લઘુકોણ **(21)** (A) $30^{\circ}$ **(22)** (C) કાટકોણથી બમણો **(23)** (B) $60^{\circ}$ **(24)** (A) $45^{\circ}$ **(25)** (B) ત્રિકોણ પર દબાણ પડવાથી તેના ખૂણા બદલાતા નથી અને તે મજબૂતી આપે છે **(26)** (B) કાટકોણ **(27)** (B) કાટકોણ **(28)** (B) નાનો ખૂણો, જેથી ઢાળ ધીમો રહે અને બાળક સુરક્ષિત રીતે સરી શકે **(29)** (B) કાટકોણથી નાના (લઘુકોણ) **(30)** (B) $180^{\circ}$

## પ્રકરણ - 3 : કેટલા ચોરસ? - જવાબો

**(1)** (B) 10 ચો સેમી **(2)** (C) 6 ચો સેમી **(3)** (B) પરિમિતિ **(4)** (B) 6 ચો સેમી **(5)** (C) 6 ચો સેમી **(6)** (B) 12 સેમી **(7)** (D) (B) અને (C) બંને **(8)** (B) તેમની પરિમિતિ અલગ-અલગ હોઈ શકે

## પ્રકરણ - 4: ભાગ અને પૂર્ણ - જવાબો

**(1)** (A) ત્રીજો ભાગ **(2)** (C) 25 પૈસા **(3)** (D) લંબચોરસના 4 સરખા ભાગમાંથી 3 ભાગમાં રંગ **(4)** (B)

**(5)** (A) 3/12 **(6)** (D) 30 રૂપિયા **(7)** (C) 5 કલાક **(8)** (C) માત્ર - 1,3 અને 5 **(9)** (B) 2/10 **(10)** (C) 1/2 **(11)** (A) 0.02

## પ્રકરણ - 5 : તે સરખું દેખાય છે? - જવાબો

**(1)** (C) એક સરખો **(2)** (B) 8 **(3)** (B) M,A,T **(4)** (D) ચાર રેખા **(5)** (B) લંબચોરસ

## પ્રકરણ - 6 : તું મારો ગુણક, હું તારો અવયવ - જવાબો

**(1)** (D) 40 **(2)** (B) 20 **(3)** (A) 361 **(4)** (A) 357 **(5)** (B) 3680

## પ્રકરણ - 7 : તમે ભાત (પેટર્ન) જોઈ શકો છો? - જવાબો

**(1)** (C) LEVEL **(2)** (B) 36 **(3)** (A) 21 **(4)** (D) OP **(5)** (B) 313914 **(6)** (D) IKC

## પ્રકરણ - 9 : ખોખા અને રેખાચિત્ર - જવાબો

**(1)** (C) શંકુ **(2)** (B) ખુલ્લો નળાકાર **(3)** (C) 1 ચોરસ **(4)** (C) 1 લંબચોરસ અને 2 વર્તુળ **(5)** (B) 1 ત્રિજ્યાખંડ (Sector) **(6)** (B) બંધ નળાકાર **(7)** (A) 6 **(8)** (A) તળિયા વગરનો (ખુલ્લો) શંકુ **(9)** (B) સમઘનની જાળી માત્ર સપાટ આકારો (ચોરસ) ની બનેલી છે, જ્યારે નળાકારની જાળીમાં વર્તુળાકાર ભાગ પણ હોય છે. **(10)** (B) ચોરસની ગોઠવણી (Net) ખોટી હતી.

## પ્રકરણ - 10 : દસમો અને સોમો ભાગ - જવાબો

**(1)** (B) 3.6 સેમી **(2)** (C) 111 દેડકા **(3)** (B) 135 મીમી **(4)** (A) 48 સેમી **(5)** (B) 4 સેમી **(6)** (C) ₹0.75 **(7)** (A) ₹90.00 **(8)** (A) ₹45.00 **(9)** (A) ₹0.25 **(10)** (A) ₹302.90 **(11)** (A) 83.33 રેન્ડ **(12)** (A) 27.0∘C **(13)** (A) 3.3∘C

## દશાંશ અપૂર્ણાંક ભાગ-2 - જવાબો

**(1)** (A) **(2)** (A) 30.3 **(3)** (C) 5.51 **(4)** (C) 33.218 **(5)** (D) 15.35

## પ્રકરણ - 11 : ક્ષેત્રફળ અને પરિમિતિ - જવાબો

**(1)** (C) ચોરસ કિલોમીટર **(2)** (C) 30 ચો સેમી **(3)** (B) 5 મીટર **(4)** (A) 396 **(5)** (C) 6 સેમી **(6)** (C) 4 ગણું **(7)** (A) 6400 ચો સેમી **(8)** (B) વર્ગખંડનો દરવાજો **(9)** (B) ના, અલગ-અલગ હોઈ શકે **(10)** (D) વર્તુળ **(11)** (C) 30 ચો મી **(12)** (B) 36 સેમી **(13)** (C) 96 ચો સેમી **(14)** (B) 16000.2 મી **(15)** (B) ક્ષેત્રફળ **(16)** (D) ખૂબ જ સાંકડો લંબચોરસ **(17)** (B) 25 કિકમી **(18)** (C) 12 સેમી **(19)** (A) સાનિયાનું (ચોરસ)

## પ્રકરણ - 12 : સ્માર્ટ ચાર્ટ - જવાબો

**(1)** (A) 20 કિકમી **(2)** (A) 5 કીમી **(3)** (D) 15 કિમી **(4)** (C) બધા વચ્ચે સરખું **(5)** (C) 30 કિમી

## આલેખ આધારિત પ્રશ્નો:

**(i)** (B) ખોરાક **(ii)** (C) 3000 **(iii)** (D) 3000 **(iv)** (C) શિક્ષણ અને વાહનવ્યવહાર **(v)** (A) 15000

## પ્રકરણ - 14 : કેટલું મોટું? કેટલું ભારે? - જવાબો

**(1)** (C) 40 મિલી **(2)** (B) 30 **(3)** (C) 56 **(4)** (B) 1200 **(5)** (B) 343 **(6)** (B) 1000 સિક્કા **(7)** (C) 18 કિગ્રા **(8)** (C) 60 કીગ્રા **(9)** (B) 200 **(10)** (A) 4216 કિગ્રા **(11)** (B) 2 કિગ્રા 250 ગ્રામ **(12)** (A) 4.85 કિગ્રા **(13)** (A) પાઈપ-1 (પહોળાઈ પરથી બનાવેલ)

# પર્યાવરણ

1. તમે રસ્તા પર જઈ રહ્યા છો અને અચાનક તમને ગંદી વાસ આવે છે, તમે તમારું નાક રૂમાલથી ઢાંકી દો છો. પરંતુ, કચરો સાફ કરનાર વ્યક્તિ તે જ કચરાના ઢગલા પાસે કલાકો સુધી કામ કરે છે. આનું મુખ્ય કારણ શું હોઈ શકે?

(A) તેને ગંધ આવતી જ નથી.

(B) તેના નાકની શક્તિ નબળી છે.

(C) તેના મનને તે ગંધની આદત પડી ગઈ છે.

(D) તે કચરો સુગંધિત છે.

2. ખોરાકની ફેક્ટરીમાં કામ કરતા કર્મચારીઓને રાંધેલો ખોરાક બગડી ગયો છે કે નહીં તે તાત્કાલિક નક્કી કરવા કઈ પ્રાથમિક કસોટી કરવાની સૂચના આપવામાં આવે છે?

(A) ખોરાકનો રંગ બદલાયો છે કે નહીં તે જોવું.

(B) ખોરાકમાંથી અસામાન્ય ગંધ કે વાસ આવે છે કે નહીં તે ચકાસવું.

(C) ખોરાકને સ્પર્શ કરીને ગરમ છે કે નહીં તે જોવું.

(D) ખોરાકને વજન કરી જોવું.

3 . જો તમે જમીન પર પડેલી કોઈ નાની વસ્તુ 2 મીટર દૂરથી જોઈ શકતા હોવ, તો ગરુડ તે વસ્તુ કેટલી દૂરથી જોઈ શકશે?

(A) 4 મીટર (B) 8 મીટર

(C) 6 મીટર (D) 10 મીટર

4. બગીચામાં પક્ષીઓનું અવલોકન કરતી વખતે રમેશે જોયું કે ચકલી અને કબૂતર જેવા પક્ષીઓ આજુબાજુ જોતી વખતે સતત પોતાની ગરદન હલાવે છે. મોટાભાગના પક્ષીઓમાં જોવા મળતી ગરદન હલાવવાની આ ખાસ શારીરિક ક્રિયા પાછળનું સાચું વૈજ્ઞાનિક કારણ કયું છે?

(A) તેઓ પોતાના સ્નાયુઓને મજબૂત કરવા અને થાક ઉતારવા માટે કસરત કરે છે.

(B) મોટાભાગના પક્ષીઓની આંખોની કીકીઓ (Pupils) સ્થિર હોય છે અને હલી શકતી નથી, તેથી આજુબાજુનો વિસ્તાર જોવા માટે તેમને ગરદન જ ફેરવવી પડે છે.

(C) તેઓ હવામાં ઊડવાની દિશા નક્કી કરવા અને પાંખો સાથે સંતુલન જાળવવા ગરદન હલાવે છે.

(D) તેઓ અન્ય પક્ષીઓ સાથે સંચાર કરવા માટે અને ગીત ગાઈને અવાજ કાઢવા માટે ગરદન ફેરવે છે.

5. નીચેનામાંથી કયા પ્રાણીની આંખો મનુષ્યની જેમ માથાની સામેની બાજુએ હોય છે?

(A) પોપટ (C) ઘુવડ

(B) કબૂતર (D) ચકલી

6. બાજ અને ગરુડ જેવા શિકારી પક્ષીઓ આકાશમાં ખૂબ ઊંચે ઊડતા હોવા છતાં જમીન પર ચાલતા નાના ઉંદરને સરળતાથી જોઈ શકે છે. આ ક્ષમતા તેમની કઈ શારીરિક વિશેષતાને કારણે છે?

(A) તેમની આંખો માથાની પાછળ આવેલી હોય છે.

(B) તેમની દ્રષ્ટિ મનુષ્ય કરતાં ચાર ગણી વધુ શક્તિશાળી અને તીક્ષ્ણ હોય છે.

(C) તેઓ અંધારામાં પણ સૂર્યપ્રકાશની જેમ જોઈ શકે છે.

(D) તેઓ ઉંદરના અવાજના કંપનથી દિશા નક્કી કરે છે.

7. જંગલમાં વાઘ નજીક આવતો હોય ત્યારે વાંદરાઓ કે પક્ષીઓ એક ખાસ પ્રકારનો અવાજ કાઢે છે. આ વર્તન પાછળનો મુખ્ય હેતુ શું છે?

(A) તેઓ અન્ય પ્રાણીઓને ડરાવીને જંગલમાંથી ભગાડવા માંગે છે.

(B) તેઓ અવાજ કરી ને વાઘ નો શિકાર કરવા માંગે છે.

(C) તેઓ વાઘ સાથે મિત્રતા કરવા માટે તેને બોલાવે છે.

(D) તેઓ પોતાના સાથી પ્રાણીઓને સંકટ વિશે ચેતવણી આપે છે.

8. સરકાર દ્વારા જંગલોમાં 'નેશનલ પાર્ક' (રાષ્ટ્રીય ઉદ્યાનો) કેમ બનાવવામાં આવે છે અને ત્યાં માનવીય પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ કેમ હોય છે?

(A) ) વન્ય જીવોનું શિકારીઓથી રક્ષણ કરવા અને તેમના કુદરતી નિવાસસ્થાનને બચાવવા.

(B) સરકારી અધિકારીઓ શાંતિ થી પોતાનું કામ કરી શકે.

(C) જંગલના લાકડાંઓનો ઉપયોગ માત્ર ફેક્ટરીઓમાં કરવા માટે.

(D) પ્રાણીઓને પાંજરામાં પૂરીને પ્રદર્શન કરવા માટે.

9. ગુજરાતમાં આવેલું કયું રાષ્ટ્રીય ઉદ્યાન (National Park) એશિયાઈ સિંહોના રક્ષણ માટે સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત છે?

(A) મરીન નેશનલ પાર્ક (C) વેળાવદર કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાન

(B) વાંસદા રાષ્ટ્રીય ઉદ્યાન (D) ગીર રાષ્ટ્રીય ઉદ્યાન

10. જ્યારે પક્ષી પોતાની બંને આંખો કોઈ એક જ વસ્તુ પર કેન્દ્રિત કરે છે, ત્યારે શું થાય છે?

(A) તેની જોવાની ક્ષમતા અડધી થઈ જાય છે.

(B) તે વસ્તુનું ચોક્કસ અંતર અને ઊંડાઈ પારખી શકે છે.

(C) તેને વસ્તુ ધૂંધળી દેખાય છે.

(D) તે માત્ર કાળો રંગ જ જોઈ શકે છે.

11. જો કોઈ વ્યક્તિ જંગલમાં પ્લાસ્ટિકની બોટલો અને કચરો ફેંકે, તો ત્યાંના વન્યજીવો પર તેની શું અસર થઈ શકે?

(A) પ્રાણીઓ તથા પર્યાવરણ બંને ને નુકશાન થશે.

(B) પ્રાણીઓ તેને રમતનું સાધન બનાવશે.

(C) જંગલની માટી વધુ ઉપજાઉ બનશે.

(D) વૃક્ષો વધુ ઝડપથી ઉગશે.

12. ગીધ અને સમડી જેવા પક્ષીઓ પર્યાવરણ માટે 'સફાઈ કામદાર' નું કામ કેવી રીતે કરે છે?

(A) તેઓ જંગલના પાંદડા ખાઈ  છે.

(B) તેઓ જમીન પર પડેલા મૃત પ્રાણીઓ (સડેલા માંસ) ને ખાઈને પર્યાવરણને રોગચાળાથી બચાવે છે.

(C) તેઓ માણએ કરેલ કચરો ખાઈ  છે તેથી.

(D) તેઓ શિકારીઓને જંગલમાંથી ભગાડે છે.

13. જ્યારે જંગલમાં જોરદાર તોફાન કે ધરતીકંપ આવવાનો હોય, ત્યારે પક્ષીઓ આકાશમાં ગોળ-ગોળ ઉડવા લાગે છે અને અલગ અવાજ કરે છે. મનુષ્યે આ પરિસ્થિતિમાં શું કરવું જોઈએ?

(A) પક્ષીઓના આ કુદરતી સંકેત (ચેતવણી) ને સમજીને સુરક્ષિત જગ્યાએ જતા રહેવું જોઈએ.

(B)પક્ષીઓ નો વિડીઓ બવાવવો જોઈએ.

(C) પક્ષીઓ પર પથ્થર ફેંકવા જોઈએ.

(D) આ બાબતને નજરઅંદાજ કરવી જોઈએ.

14. વન્યજીવોના સંરક્ષણ માટે બનેલા 'અભયારણ્ય' (Sanctuary) અને સામાન્ય પ્રાણીસંગ્રહાલય (Zoo) વચ્ચે મુખ્ય તફાવત શું છે?

(A) પ્રાણીસંગ્રહાલય માં પ્રાણીઓ સ્વતંત્ર રીતે ફરી સકે છે જયારે અભયારણ્ય માં કેદ કરી ને રાખવામાં આવે છે.

(B) અભયારણ્યમાં પ્રાણીઓને ખાવાનું મળતું નથી.

(C) ઝૂ માં માત્ર પક્ષીઓ જ હોય છે.

(D) ઝૂ માં પ્રાણીઓ પાંજરામાં કેદ હોય છે, જ્યારે અભયારણ્યમાં તેઓ મુક્ત કુદરતી વાતાવરણમાં ફરે છે.

15. રામ ને પરવાળા જોવા ની ઈચ્છા થાય છે તો તે ગુજરાત ના ક્યાં નેશનલ પાર્ક ની મુલાકાત લેવી જોઈએ.

(A) વેળાવદર કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાન

(B) વાંસદા રાષ્ટ્રીય ઉદ્યાન

(C) મરીન નેશનલ પાર્ક (જામનગર)

(D) ગીર રાષ્ટ્રીય ઉદ્યાન

16. નીચે આપેલ ઈ ના ચિત્ર માં સૌથી વધારે તેજ દ્રષ્ટિ ધરાવતું પક્ષી ક્યાં ચિત્ર માં છે.




(A)ચિત્ર ૧

(B)ચિત્ર ૨

(C) ચિત્ર 3

(D) ચિત્ર ૪

17. નીતિન રાત્રે બગીચામાં ચાલે છે ત્યારે તેને પતંગિયા દેખાતા નથી પણ વંદાઓ અને ચામાચીડિયાં દેખાય છે. શા માટે?

(A) પતંગિયાઓ રાત્રે મરી જાય છે

(B) પતંગિયા દિવસ દરમિયાન જાગતા પ્રાણી/કીટક છે, જ્યારે ચામાચીડિયાં નિશાચર (રાત્રે જાગનારા) છે

(C) રાત્રે ફૂલો બંધ થઈ જાય છે

(D) વંદાઓ પતંગિયાને ખાઈ જાય છે

18. નીચેનામાંથી કયા પ્રાણીનું જૂથ રાત્રે માત્ર કાળો અને સફેદ રંગ જ જોઈ શકે છે?

(A) ગાય, ભેંસ, બકરી

(B) ઘુવડ, ચામાચીડિયું, અજગર

(C) ચકલી, પોપટ, મોર

(D) કૂતરો, બિલાડી, વાંદરો

19. નીચેના જોડાણમાંથી કઈ જોડી અયોગ્ય (ખોટી) છે?

(A) ગરુડ - તીવ્ર દ્રષ્ટિ

(B) કૂતરો - તીવ્ર ઘ્રાણેન્દ્રિય

(C) સાપ - મોટો બહારનો કાન

(D) સ્લોથ - દિવસના ૧૭ કલાક ઊંઘ

20. જ્યારે આપણે ખૂબ ઠંડા પાણીમાં હાથ બોળીએ છીએ ત્યારે થોડીવાર પછી સ્પર્શનો અનુભવ ઓછો થઈ જાય છે. આનું કારણ શું?

(A) ત્વચાની સંવેદના ચેતા ક્ષણિક ધીમી પડે છે

(B) ચામડી મરી જાય છે

(C) પાણી ઝેરી હોય છે

(D) લોહી વહેવાનું બંધ થાય છે

21. પક્ષીઓની દ્રષ્ટિ વિશે કયું વિધાન સાચું નથી?

(A) તેમની આંખો માથાની બંને બાજુ હોય છે

(B) તેઓ એકસાથે બે વસ્તુ જોઈ શકે છે

(C) તેમની આંખોની કીકીઓ ખૂબ ઝડપથી ગોળ ગોળ ફરે છે

(D) ગરુડ આપણા કરતાં ૪ ગણું દૂર જોઈ શકે છે

22. વિભાગ 'અ' (પ્રાણી) વિભાગ 'બ' (ખાસિયત/ક્ષમતા)

| વિભાગ 'અ' (પ્રાણી) | વિભાગ 'બ' (ખાસિયત/ક્ષમતા) |
| --- | --- |
| (૧) ગરુડ | (A) જમીનનું કંપન અનુભવવું |
| (૨) કૂતર | (B) માનવ કરતાં ૬ ગણું રાત્રે સ્પષ્ટ જોવું |
| (3) સાપ | (C) માનવ કરતાં ૪ ગણું દૂરનું જોવું |
| (૪) વાઘ | (D) તીવ્ર ઘ્રાણેન્દ્રિય દ્વારા વિસ્તાર નક્કી કરવો |

(A) ૧-C, ૨-D, 3-A, ૪-B

(B) ૧-A, ૨-B, 3-C, ૪-D

(C) ૧-D, ૨-C, 3-B, ૪-A

(D) ૧-B, ૨-A, 3-D, ૪-C

23. વિભાગ 'અ' (પ્રાણી),વિભાગ 'બ' (દૈનિક ઊંઘનો સમય)

| વિભાગ 'અ' (પ્રાણી) | વિભાગ 'બ' (દૈનિક ઊંઘનો સમય) |
| --- | --- |
| (૧) સ્લોથ | (A) ૪ કલાક |
| (૨) અજગર | (B) ૨ કલાક |
| (3) ગાય | (C) ૧૭-૧૮ કલાક |
| (૪) જિરાફ | (D) ૧૮ કલાક |

A) ૧-C, ૨-D, 3-A, ૪-B

(B) ૧-A, ૨-B, 3-C, ૪-D

(C) ૧-D, ૨-C, 3-B, ૪-A

(D) ૧-B, ૨-A, 3-D, ૪-C

24. નીચેનામાંથી કયું પ્રાણી રાત્રિચર (Night Vision) તરીકે કાળો અને સફેદ રંગ જ જોઈ શકે છે?

૧. ઘુવડ

૨. ચામાચીડિયું

3. ચકલી

સત્ય વિકલ્પ પસંદ કરો:

(A) માત્ર ૧ અને ૨

(B) માત્ર 3

(C) ૧, ૨ અને 3

(D) માત્ર ૨

25. પક્ષીઓની દ્રષ્ટિ અંગે નીચેનામાંથી કયા વિધાનો સાચાં છે?

૧. મોટાભાગના પક્ષીઓની આંખો માથાની બંને બાજુ હોય છે.

૨. પક્ષીઓ એક જ સમયે બે અલગ-અલગ વસ્તુઓ જોઈ શકતી નથી  છે.

3. જ્યારે બંને આંખો એક જ વસ્તુ પર હોય ત્યારે તે અંતરનું ચોક્કસ અનુમાન કરી શકે છે.

વિકલ્પો:

(A) માત્ર ૧

(B) માત્ર ૧ અને 3

(C) ૧, ૨ અને 3  તમામ

(D) એકપણ નહીં

26. વાઘ વિશે આપેલાં નીચેના વિધાનો ધ્યાને લો:

૧. વાઘની મૂંછો હવામાં થતા કંપનને માપી શકે છે.

૨. વાઘ રાત્રે માણસ કરતાં ૬ ગણું સારું જોઈ શકે છે.

3. વાઘના કાન અલગ-અલગ દિશામાં ફરી શકતા નથી.

૪. વાઘ તેની ગર્જના 3 કિમી દૂર સુધી પહોંચાડી શકે છે.

ઉપરોક્તમાંથી કયા વિધાનો સત્ય છે?

(A) માત્ર ૧ અને ૨

(B) માત્ર ૧, ૨ અને ૪

(C) માત્ર 3 અને ૪

(D) આપેલા તમામ

27. મદારી બીન વગાડે છે ત્યારે સાંપ બીનની હલન ચલન સાથે પોતાનું મોં હલાવે છે. સાંપ આ પ્રતિક્રિયા કેવી રીતે આપી શકે છે?

(A) સાંપ બીનનો આહલાદક અવાજ પોતાના કાન દ્વારા સાંભળે છે

(B) સાંપ પોતાના શિકાર તરીકે બીનને ગણીને હુમલો કરવા તૈયાર થાય છે

(C) સાંપ જમીન દ્વારા આવતા કંપનો અનુભવે છે અને બીનની ગતિવિધિ પર નજર રાખે છે

(D) સાંપ માત્ર હવાના તાપમાનમાં થતા ફેરફારથી નાચે છે

28. રાત્રિના અંધારામાં ખોરાકની શોધમાં નીકળેલો સાંપ સામે રહેલા ઉંદરને કઈ વિશેષ ક્ષમતા દ્વારા સરળતાથી શોધી લે છે?

(A) ઉંદરના શરીરની ગરમી (તપમાન) અને કંપન અનુભવવાની સંવેદના દ્વારા

(B) ઉંદરની મોટેથી ચીસ સાંભળવાની તીક્ષ્ણ શ્રવણશક્તિ દ્વારા

(C) અંધારામાં સ્પષ્ટ જોઈ શકતી તેની અત્યંત તીક્ષ્ણ દ્રષ્ટિ દ્વારા

(D) પોતાની લાંબી પૂંછડીથી આસપાસની હવા માપીને

29. સાંપ વારંવાર પોતાની બે ફાંટવાળી જીભ બહાર કાઢે છે. આ પાછળનું સાચું વૈજ્ઞાનિક કારણ શું છે?

(A) સાંપ અન્ય પ્રાણીઓને ડરાવવા માંગે છે

(B) જીભ દ્વારા તે વાતાવરણમાં રહેલા ગંધના કણો એકત્ર કરી ગંધ પારખે છે

(C) તે પોતાની જીભ વડે શ્વાસ લેવાની પ્રક્રિયા કરે છે

(D) જીભ બહાર કાઢીને તે શરીરનું તાપમાન નીચું લાવે છે

30. જો ખેતરમાં કામ કરતી વખતે કોઈ વ્યક્તિને સાંપ કરડે, તો નીચેનામાંથી કઈ ક્રિયા કરવી સૌથી વધુ જોખમી અને અયોગ્ય ગણાશે?

(A) કરડેલા ભાગને હલનચલન ન થાય તેમ સ્થિર રાખવો

(B) દર્દીને ગભરાયા વગર શાંત રાખવો

(C) દર્દીને તાત્કાલિક નજીકની સરકારી હોસ્પિટલે પહોંચાડવો

(D) કરડેલી જગ્યાએ મો વડે સાંપ નું ઝેર ચૂસી બહાર કાઢવું.

31. કાલબેલિયા સમુદાયના નૃત્ય (કલા) અને સાંપ વચ્ચે શો સંબંધ જોવા મળે છે?

(A) તેમાં સાંપ જેવા વળાંકો અને સરકવાની હલનચલન હોય છે

(B) તે માત્ર સાંપને પકડતી વખતે જ કરવામાં આવે છે

(C) તેમાં માત્ર બીન વાદ્ય જ વગાડવામાં આવે છે

(D) આ નૃત્ય કરતી વખતે સાંપને હાથમાં રાખવો ફરજિયાત છે

32. મદારીઓ દ્વારા સંગીતના કાર્યક્રમોમાં વપરાતા વાદ્યો જેમ કે બીન, તુંબા અને ખંજરી મુખ્યત્વે શેમાંથી બનાવાય છે?

(A) વાંસની સુકાયેલી નળીઓમાંથી

(B) નાળિયેરના કઠણ કોચલામાંથી

(C) માટી અને કાગળના મિશ્રણમાંથી

(D) સુકાયેલી દૂધી માંથી

33. જો સાંપને કાચની સંપૂર્ણ હવાચુસ્ત અને કંપન-મુક્ત પેટીમાં રાખવામાં આવે અને બહાર બીન વગાડવામાં આવે તો શું સાંપ પ્રતિક્રિયા આપશે?

(A) હા, કારણ કે તે બીનનો આકાર જોઈ શકે છે

(B) ના, કારણ કે તેના સુધી બીનના અવાજના કંપનો પહોંચતા નથી

(C) હા, કારણ કે તેની દ્રષ્ટિ ખૂબ તીક્ષ્ણ હોય છે

(D) હા, કારણ કે તે અવાજના તરંગો હવામાંથી મેળવે છે

34. ભારતમાં જોવા મળતી સાંપની સેંકડો પ્રજાતિઓમાંથી મુખ્યત્વે કેટલા પ્રકારના સાંપ જ અતિ ઝેરી હોય છે?

(A) ૪ પ્રકારના

(B) ૫ પ્રકારના

(C) તમામ પ્રકારના સાંપ ઝેરી હોઈ છે

(D) ૨ પ્રકારના

35. નીચેનામાંથી કયું જૂથ ભારતમાં જોવા મળતા ૪ મુખ્ય ઝેરી સાંપ દર્શાવે છે?

(A) એનાકોન્ડા, નાગ, ધામણ, અજગર

(B) નાગ , કરૈત , રસેલ વાઈપર (ખડચિતળો), સો-સ્કેલ્ડ વાઈપર (ફુરસા)

(C) લીલો સાંપ, અજગર, કરૈત, નાગ

(D) પાણીનો સાંપ, ધામણ, કરૈત, અજગર

36. કાળો અને ચમકતો સાંપ જેના શરીર પર સફેદ આડા પટ્ટા હોય અને જે રાત્રે વધુ સક્રિય હોય તે કયો ઝેરી સાંપ છે?

(A) રસેલ વાઈપર

(B) કરૈત (Krait)

(C) નાગ (Cobra)

(D) ફુરસા

37. જે સાંપ ભય અનુભવતાં ગોળ કુંડળું વાળીને બેસે છે અને ભારે અવાજે ફુફાડો મારે છે, તેમજ ચામડી પર ગોળ છાપ હોય છે તે કયો સાંપ છે?

(A) ધામણ

(B) અજગર

(C) રસેલ વાઈપર (ખડચિતળો)

(D) લીલો સાંપ

38. સાંપને 'ખેડૂતનો મિત્ર' કેમ ગણવામાં આવે છે?

(A) તે ખેતરની જમીનને પોચી અને ફળદ્રુપ બનાવે છે

(B) તે ખેતરના પાકને પાણી પાય છે

(C) તે પાકને નુકસાન પહોંચાડતા ઉંદરોને ખાઈ જાય છે

(D) તે જંતુનાશક દવા તરીકે કામ કરે છે

39. નીચે આપેલી આહાર શૃંખલા જુઓ:

ઘાસ ➔ તીતીઘોડો ➔ દેડકો ➔ સાંપ ➔ સમડી

જો સાંપ દૂર થાય તો કયા સજીવની સંખ્યા અચાનક વધી જશે?

(A) સમડી

(B) ઘાસ

(C) તીતીઘોડો

(D)દેડકો

40. [ ભાગ A ] [ ભાગ B ]

* * . . . . . .

. .

. .

(બે ઊંડા અને મોટા કાણાં) (નાના દાંતની અર્ધચંદ્રાકાર હારમા

ઉપર આપેલી આકૃતિમાં કયું નિશાન ઝેરી સાપ કરડ્યાનું સૂચવે છે?


(a) માત્ર આકૃતિ A

(b) માત્ર આકૃતિ B

(c) આકૃતિ A અને B બંને

(d) એકપણ નહીં

41. નીચે આપેલ આહાર શ્રુંખલા ને ધ્યાન થી જુઓ




આ ચાર્ટનો અભ્યાસ કરી જણાવો કે જો 'ઉંદર' ની સંખ્યા શૂન્ય થઈ જાય તો સૌથી વધુ નુકસાન કોને થશે?

(A) માત્ર સાંપ

(B) ખેતરના પાકને (ઉંદર ઘટી જવાથી)

(C) સાંપ અને ગરુડ

(D) માત્ર અનાજ વેચનાર વેપારીને

42. ખેતરમાં ઝાડીઓ સાફ કરતી વખતે પગ પાસે સાંપ સરકતો દેખાય તો શિસ્તબદ્ધ નિર્ણય શું હોવો જોઈએ?

(A) લાકડી લઈને સાંપને મારી નાખવો

(B) શાંતિથી પાછળ ખસી જવું અને સાંપને તેનો રસ્તો કરવા દેવો

(C) સાંપને હાથથી પકડવાનો પ્રયત્ન કરવો

(D) મોટેથી બૂમો પાડી સાંપ તરફ પથ્થર ફેંકવા

43. કાલબેલિયા સમુદાય માટે સાંપ એ માત્ર એક પ્રાણી નથી પણ તેમની 'અમાનત' (સંપત્તિ) ગણાય છે. આ પાછળનું મુખ્ય કારણ શું છે?

(A) સાંપ તેમના ઘરમાં ચોકીદાર તરીકેનું કામ કરે છે

(B) સાંપ એક પેઢીથી બીજી પેઢીને વારસામાં મળતી આજીવિકા અને જ્ઞાનનો સ્ત્રોત છે

(C) સાંપ તેમને જંગલમાંથી કિંમતી હીરા-મોતી શોધી આપે છે

(D) સાંપને વેચીને તેઓ ખૂબ પૈસા કમાય છે

44. કાલબેલિયા સંસ્કૃતિમાં દીકરીના લગ્ન પ્રસંગે કઈ અનોખી ભેટ આપવાની પરંપરા જોવા મળે છે?

(A) બીન વાદ્ય

(B) જંગલની જમીન

(C) સાંપ

(D) સોનાના દાગીના

45. કાલબેલિયા લોકોના લોકનૃત્ય (કાલબેલિયા નૃત્ય)માં કઈ કલાત્મક બાબત જોવા મળે છે?

(A) તેમાં મોરની જેમ પાંખો ફેલાવીને નાચવામાં આવે છે

(B) તેમાં માત્ર વાંદરાની જેમ કૂદકા મારવામાં આવે છે

(C) તેમાં પાણીમાં માછલીની જેમ તરવાનો અભિનય થાય છે

(D) તેમાં સાંપના સરકવાના અને હલનચલન જેવા વળાંકો અને સ્ટેપ્સ હોય છે

46. કાલબેલિયા સમુદાયના લોકો જંગલમાંથી વિવિધ વનસ્પતિઓ એકઠી કરીને શું બનાવતા હતા?

(A) સુતરાઉ કપડાં

(B) રમત-ગમતના સાધનો

(C) ઘરની છત બનાવવાનું ઘાસ

(D) રોગોના ઉપચાર માટેની કુદરતી ઔષધિઓ

47. ભારતના ચાર મુખ્ય ઝેરી સાંપમાંથી કયો સાંપ કાળા રંગનો અને ચમકતો હોય છે તથા તેની ચામડી પર સફેદ રંગની આડી પટ્ટીઓ હોય છે?

(A) નાગ (Cobra)

(B) રસેલ વાઈપર (ખડચિતળો)

(C) કરૈત (Krait)

(D) ફુરસા

48. સાંપ પોતાની આંખોની કીકીઓ પટપટાવી શકતો નથી, કારણ કે:

(A) તેને આંખો હોતી જ નથી

(B) તેની આંખો પર પારદર્શક સ્તર (પડદો) હોય છે અને પાંપણો હોતી નથી

(C) તે ક્યારેય ઊંઘતો નથી

(D) તે માત્ર અંધારામાં જ જોઈ શકે છે

49. કાલબેલિયા સમુદાયના લોકો પોતાની પરંપરાગત કળાને જીવંત રાખવા વર્તમાન સમયમાં શું કરી રહ્યા છે?

(A) દેશ-વિદેશમાં સાંસ્કૃતિક લોકનૃત્ય અને સંગીતના પ્રોગ્રામ યોજે છે

(B) સાંપનું ચામડું વેચે છે

(C) માત્ર ખેતી કરે છે

(D) શહેરોમાં મજૂરી કરે છે

50 જો કોઈ બિનઝેરી સાંપ કરડે તો પણ દર્દી ગભરાઈને બેભાન થઈ જાય છે. આ પાછળનું મુખ્ય કારણ શું છે?

(A) બિનઝેરી સાંપનું ઝેર

(B) હવાનો ભેજ

(C) સાંપ પ્રત્યેનો ભય, માનસિક ગભરાટ અને અંધશ્રદ્ધા

(D) લોહીનું ઓછું  થય જાય

51. વિભાગ 'અ' (અંગ),વિભાગ 'બ' (કાર્ય)

| | |
|---|---|
| (૧) પોલા ઝેરી દાંત (Fangs) | (i) જમીન પરના કંપનો ગ્રહણ કરવા |
| (૨) કંચૂલી (Skin) | (ii) શિકારના શરીરમાં ઝેર દાખલ કરવું |
| (3) પેટના ભીંગડાં (Scales) | (iii) નવી ત્વચાના વિકાસ માટે છોડાતું સ્તર |

(A) (૧)-(iii), (૨)-(ii), (3)-(i)

(B) (૧)-(ii), (૨)-(iii), (3)-(i)

(C) (૧)-(i), (૨)-(iii), (3)-(ii)

(D) (૧)-(ii), (૨)-(i), (3)-(iii)

52. ‘સાંપ અને મદારી’ પાઠના આધારે આપેલા વિધાનોમાંથી કયું વિધાન ‘યોગ્ય’ (સાચું) છે?

(A) ) સાંપ તેના ખોરાકને તીક્ષ્ણ દાંત વડે ચાવીને ખાય છે.

(B સાંપ તેના કાન વડે બીનનો સૂર સંભાળીને નાચે છે.

(C) ભારતમાં જોવા મળતા તમામ પ્રકારના સાંપ અતિશય ઝેરી હોય છે.

(D) સાંપના ડંખથી બચવા માટેની ‘એન્ટી-વેનમ’ દવા સાંપના ઝેરમાંથી જ બનાવવામાં આવે છે.

53. જો કોઈ વ્યક્તિને બહુ તીવ્ર શરદી થઈ ગઈ હોય, તો તેને ઉત્તમ વાનગીનો પણ યોગ્ય સ્વાદ કેમ નથી આવતો?

(A) કારણ કે દાંત કામ કરતા બંધ થઈ જાય છે

(B)શરદીમાં નાક બંધ હોવાથી ગંધ પારખી શકાતી નથી.

(C) શરદીમાં લાળરસ બનતો નથી

(D) શરદીમાં પેટમાં પાચન થતું નથી

54. નીચેનામાંથી કયો ખોરાક મોંમાં મૂકતાં જ તેનું પાચન શરૂ થઈ જાય છે?

(A) રોટલી/ભાત (કાર્બોહાઇડ્રેટ)

(B) ચણા (પ્રોટીન

(C) તેલ/ઘી (ચરબી)

(D) શાકભાજી (વિટામિન)

55. જીભ પર કયા કયા સ્વાદના કેન્દ્રો આવેલા હોય છે?

(A) મોળો, મોળો અને ગળ્યો

(B) માત્ર ગળ્યો અને તીખો

(C) ગળ્યો, ખારો, ખાટો, કડવો

(D) કડવો અને તીખો જ

56. જ્યારે આપણને ભૂખ લાગે છે ત્યારે પેટમાં ગુડગુડ અવાજ કેમ આવે છે?

(A) પેટમાં હવા ભરાઈ જાય છે

(B) પેટ માં પાણી ભરાવા લાગે છે.

(C) આંતરડા તૂટી જાય છે

(D) જઠરની દીવાલોનું સંકોચન અને પાચક રસોની હિલચાલ થાય છે

57. પરાગ ખુશ હોય ત્યારે ખોરાક ઝડપથી પચી જાય છે, પણ જ્યારે તે ગુસ્સામાં કે ચિંતામાં હોય ત્યારે તેને અપચો થાય છે. આનું કારણ શું?

(A) ચિંતા કે માનસિક તાણ વખતે પાચક રસોનું સ્રાવ અનિયમિત કે ઓછો થઈ જાય છે.

(B) ગુસ્સામાં દાંત કામ કરતા નથી

(C) ચિંતામાં રોટલી કડક થઈ જાય છે

(D) ચિંતા વખતે લાળરસ ઝેર બની જાય છે

58. ORS (ઓરલ રીહાઇડ્રેશન સોલ્યુશન) ઘરે બનાવવું હોય તો પાણીમાં શું ઉમેરવું પડે?

(A) માત્ર લીંબુ અને હળદર

(B) ખાંડ અને મીઠું યોગ્ય પ્રમાણમાં

(C) લીંબુ અને ઘી

(D) તજ, મરી અને હિંગ

59. ખોરાકનું મોટા ભાગનું પાચન અને પોષક તત્વોનું શોષણ પાચનતંત્રના કયા અંગમાં થાય છે?

(A) મુખગુહા

(B) અન્નનળી

(C) નાનું આંતરડું

(D) મોટું આંતરડું

60. મોટું આંતરડું મુખ્યત્વે કયું કાર્ય કરે છે?

(A) પ્રોટીનનું પાચન

(B) અપાચિત ખોરાકમાંથી પાણી અને ક્ષારોનું શોષણ

(C) ખોરાકને વલોવવાનું

(D) ગ્લુકોઝ બનાવવાનું

61. સાચી પાચન માર્ગની ક્રમિક સાંકળ કઈ છે?

(A) મોં-> અન્નનળી -> જઠર -> મોટું આંતરડું -> નાનું આંતરડું

(B) મોં -> અન્નનળી -> જઠર -> નાનું આંતરડું -> મોટું આંતરડું

(C) જઠર -> મોં -> અન્નનળી -> નાનું આંતરડું -> મોટું આંતરડું

(D) મોં -> નાનું આંતરડું -> જઠર -> અન્નનળી -> મોટું આંતરડું

62. જો આપણા શરીરમાં આયર્ન (લોહતત્વ) ની ઉણપ સર્જાય તો કયો રોગ થાય છે?

(A) માથા નો દુખાવો

(B)કેન્સર

(C) એનિમીયા (પાંડુરોગ)

(D) શરીર પર સફેદ ડાઘ પાડવા

63. પ્રાથમિક શાળામાં અપાતું 'મધ્યાહ્ન ભોજન' (PM POSHAN) બાળકો માટે કેમ જરૂરી છે?

(A) બાળકોને ઘરે રસોઈ બનાવવી ન પડે

(B) દરેક બાળકને સાર્વત્રિક પોષણયુક્ત અને સંતુલિત આહાર મળી રહે

(C) શાળાનો સમય પસાર કરવા

(D) શિક્ષકોનું કામ ઘટાડવા

64. જીભના કયા ભાગ પર સામાન્ય રીતે ગળ્યો સ્વાદ સૌથી ઝડપી પરખાય છે?

(A) પાછળના ભાગે

(B) બંને બાજુએ

(C) ટેરવા/આગળના ભાગ

(D) વચ્ચેના ભાગ પર

65. જીભના કયા ભાગ પર કડવો સ્વાદ અનુભવાય છે?

(A) આગળના ટેરવે

(B) દાંતની નીચે

(C) સાઈડમાં

(D) જીભના પાછળના ઊંડા ભાગે

66. જો આપણે ચાવીને ખાવાને બદલે ખોરાક સીધો ગળી જઈએ તો પાચનતંત્રના કયા અંગ પર સૌથી વધુ ભાર પડે છે?

(A) મોં પર

(B) મોટા આંતરડા પર

(C) દાંત પર

(D) જઠર પર

67. વિટામિન C નો ઉત્તમ સ્ત્રોત નીચેનામાંથી કયો છે જે સ્વાદે ખાટો હોય છે?

(A) ઘઉં

(B) દૂધ

(C) આમળાં

(D) ચોખા

68 ખેતરમાં ઉગેલા ઘઉં રોટલી બનીને આપણી થાળી સુધી પહોંચે છે. આ પ્રક્રિયાનો સાચો ક્રમ કયો છે?

(A) દળવું -> વાવણી -> લણણી -> રોટલી બનાવવી

(B) વાવણી -> લણણી -> થ્રેશિંગ -> દળવું -> લોટ બાંધવો -> રોટલી વણવી અને શેકવી

(C) લણણી -> દળવું -> ડૂંડામાંથી દાણા અલગ કરવા -> લોટ બાંધવો -> શેકવું

(D) લોટ બાંધવો -> થ્રેશિંગ -> લણણી -> વાવણી

69. અથાણાંમાં મીઠું અને તેલ ખૂબ વધારે પ્રમાણમાં કેમ નાખવામાં આવે છે?

(A) માત્ર સ્વાદ વધારવા

(B) કેરીને નરમ બનાવવા

(C) મીઠું અને તેલ કુદરતી સંરક્ષક  તરીકે કામ કરી શૂક્ષ્મજીવોને પનપવા દેતા નથી

(D) રંગ લાલ કરવા

70. સુકા મેવા (કાજુ, બદામ, અંજીર) માં ફૂગ કેમ ઝડપથી લાગતી નથી?

(A) કારણ કે તે ખૂબ મોંઘા હોય છે

(B) તેમાં એસિડ હોય છે

(C) તેમાં ભેજનું પ્રમાણ નહિવત (નજીવું) હોય છે

(D) તે પ્લાસ્ટિકના બનેલા હોય છે

71. ખોરાક ગળતી વખતે શ્વાસનળીમાં ન જતો રહે તે માટે કઈ કુદરતી રચના કામ કરે છે?

(A) ઘાટીઢાંકણ
(B) લાળગ્રંથિ
(C) સ્વાદઅંકુર
(D) જઠર

72. જો તમે આંખો પર પટ્ટી બાંધીને નીચેનામાંથી કયા પદાર્થને માત્ર સુગંધથી ઓળખી શકશો?

(A) પાણી
(B) ખાંડનું દ્રાવણ
(C) ડુંગળી કે ફુદીનો
(D) મીઠાનું દ્રાવણ

73. આરવ શનિવારે શાળાએથી ઘરે આવીને જોવે છે કે ગુરુવારે બનેલી દાળમાંથી ખરાબ વાસ આવે છે અને ફીણ વળી ગયું છે. આ પરિસ્થિતિમાં આરવે શું કરવું જોઈએ?

(A) દાળને ગરમ કરીને ખાઈ લેવી
(B) દાળમાં મસાલા ઉમેરીને ફરીથી ઉકાળવી
(C) દાળ બગડી ગઈ હોવાથી તેને ફેંકી દેવી અને આહારમાં ન લેવી
(D) દાળને ફ્રિજમાં મૂકી દેવી જેથી સાંજ સુધી સારી થઈ જાય

74. નીચેનામાંથી કઈ જોડી ખોરાક અને તેની જાળવણીની ખોટી રીત દર્શાવે છે?

(A) દૂધ ➔ ઉકાળીને રાખવું
(B) રાંધેલા ભાત ➔ વાટકામાં મૂકી વાટકો પાણી ભરેલા વાસણમાં રાખવો
(C) લીલા ધાણા ➔ ખુલ્લા અને સૂકા વાતાવરણમાં રાખવા
(D) ડુંગળી-લસણ ➔ સુકી અને ખુલ્લી જગ્યામાં રાખવા

75. પેક્ડ ખાદ્યપદાર્થ ખરીદતી વખતે તેના પર દર્શાવેલ ‘લીલું ગોળ નિશાન’ (Green Dot) શું સૂચવે છે?

(A) આ ખોરાક શાકાહારી છે
(B) આ ખોરાક માંસાહારી છે
(C) આ ખોરાકમાં કેમિકલ નથી
(D) આ ખોરાક ઉનાળા માટે છે

76. પેક્ડ ખાદ્યપદાર્થ ખરીદતી વખતે તેના પર દર્શાવેલ ‘લાલ ગોળ નિશાન’ (Red Dot) શું સૂચવે છે?

(A) આ ખોરાક ઝેરી છે
(B) આ ખોરાક માંસાહારી છે
(C) આ ખોરાક એક્સપાયર થઈ ગયો છે
(D) આ ખોરાકમાં મરચું વધારે છે

77. તમે પોતાના પ્રવાસ માટે ખોરાક પેક કરવા માગે છે. બે દિવસની મુસાફરી માટે નીચેનામાંથી કયો ખોરાક પસંદ કરવો સૌથી યોગ્ય ગણાશે?

(A) બટાટાનું રસાવાળું શાક અને રોટલી

(B) સુકી પુરી, ખાખરા અને થાપલી/થેપલા

(C) દાળ-ભાત અને કચુંબર

(D) દૂધની ખીર અને શિરો

78. કાચી કેરીમાંથી આમપાપડ (મામિડી તાંડ્રા) બનાવવામાં કેટલા અઠવાડિયાનો સમય લાગે છે?

(A) ૧ અઠવાડિયું

(B) ૨ અઠવાડિયા

(C) ૪ અઠવાડિયા

(D) ૬ અઠવાડિયા

79. આંધ્રપ્રદેશના આત્રેયપુરમ ગામમાં 'મામિડી તાંડ્રા' બનાવવા માટે શાનો મંડપ બનાવવામાં આવે છે?

(A) લોખંડના પાઇપ અને પ્લાસ્ટિક

(B) તાડના ઝાડના પાંદડા અને વાંસના થાંભલા

(C) સિમેન્ટ અને ઈંટ

(D) કાચ અને સિલિકોન

80. બજારમાં મળતા પેક્ડ ચિપ્સના પેકેટમાં કયો વાયુ ભરવામાં આવે છે જેથી ચિપ્સ બગડતી નથી અને કડક રહે છે?

(A) ઓક્સિજન

(B) કાર્બન ડાયોક્સાઇડ

(C) નાઈટ્રોજન

(D) હાઇડ્રોજન

81. લીલા શાકભાજી જેવા કે પાલક અને કોથમરીને ૧-૨ દિવસ તાજા રાખવા માટે ઘરે કયો દેશી ઉપાય શ્રેષ્ઠ છે?

(A) તેને પ્લાસ્ટિકની કોથળીમાં કડક બાંધી દેવા

(B) તેને ભીના સુતરાઉ કાપડમાં વીંટાળીને રાખવા

(C) તેને તડકામાં સૂકવી દેવા

(D) તેને તેલમાં બોળી રાખવા

82. ઘર વપરાશમાં વપરાતું "રેફ્રિજરેટર" (ફ્રિજ) ખોરાકને બગડતો કેવી રીતે અટકાવે છે?

(A) ખોરાકને સુકવીને

(B) ખોરાકને પ્રકાશ આપીને

(C) તાપમાન નીચું રાખીને બેક્ટેરિયાની સક્રિયતા ઘટાડીને

(D) ખોરાકમાં ઠંડી ના કારણે ભેજ લાગી જાય

83. જો શાકભાજી વાળા ભાઈ શાકભાજી પર સતત પાણીનો છંટકાવ કરે છે તો તેનો હેતુ શું છે?

(A) શાકભાજીનું વજન વધારવા

(B) શાકભાજીને સુકાઈ જતા અટકાવવા અને તાજા રાખવા

(C) શાકભાજીને ધોવા

(D) શાકભાજીને ઠંડા કરવા

84. તમારા મમ્મી શાકભાજી ખરીદવા જાય છે ત્યારે પ્લાસ્ટિકની થેલી ના પાડીને કાપડની થેલી વાપરે છે. આ પગલું શું દર્શાવે છે?

(A) પર્યાવરણીય જાગૃતિ અને પ્રદૂષણ નિયંત્રણ

(B) પ્લાસ્ટિક ની થેલી જલ્દી તૂટી જાય

(C) પ્લાસ્ટિક ની થેલી માં ઓછો સમાન સમાઈ શકે

(D) પ્લિસ્તિક ની થેલી પારદર્શી હોવા થી સમાન પર અન્ય લોકો ની નઝર પડે એટલે.

85. નીચેનામાંથી કયું શાકભાજી ઝડપથી બગડી જાય છે?

(A) બટાટા

(B) ડુંગળી

(C) પાલક

(D) રતાળુ

86. નીચેનામાંથી કયું શાકભાજી અઠવાડિયા સુધી સારું રહી શકે છે?

(A) ટામેટાં

(B) બટાટા

(C) કોથમરી

(D) મેથીની ભાજી

87.જો અથાણાંની બરણીને ભેજવાળા અંધારા રૂમમાં રાખવામાં આવે અને તેમાં તેલનું પ્રમાણ ઓછું હોય તો શું બનશે?

(A) અથાણું વધુ મીઠું બનશે

(B) કેરીના ટુકડા કડક થઇ જશે

(C) અથાણાનો સ્વાદ બદલાશે નહીં

(D) અથાણામાં ફુગ ઊગવાની અને બગડી જવાની શક્યતા વધી જશે

88. ઘરમાં વધેલા શાકભાજીના છોતરાં અને ફળોની છાલને કચરાપેટીમાં પ્લાસ્ટિક બેગમાં ફેંકવાને બદલે ઘરના કુંડામાં કે બગીચામાં દાટી દેવાથી શું ફાયદો થાય?

(A) જમીન ખરાબ થાય છે

(B) જૈવિક ખાતર (Compost) બને છે

(C) દુર્ગંધ વધે છે

(D) પદાર્થો સડતા નથી

89. પ્રવાસ દરમિયાન પાણીની બોટલ ખરીદવાને બદલે ઘરેથી વોટર બોટલ સાથે રાખવી એ કઈ પર્યાવરણીય બાબતને પ્રોત્સાહન આપે છે?

(A) પ્લાસ્ટિક કચરામાં ઘટાડો અને સંસાધનોની બચત

(B) પૈસાનો વ્યય

(C) વજનમાં વધારો

(D) સમયનો બગાડ

90.આજે તારીખ ૧૨/૦૮/૨૦૨૬ ના રોજ દુકાનદાર પાસેથી બ્રેડ નું નીચે પ્રમાણે નું પેકેટ લો છો તો તમારી શું પ્રતિક્રિયા હશે?




(A) આ બ્રેડ આજે ખાવી જોઈએ

(B) આ બ્રેડ બે દિવસ પછી ખાવી જોઈએ

(C) આ બ્રેડ ખાવા લાયક નથી

(D) આ બ્રેડ થોડા દિવસ પછી પણ ખાવા માં વાંધો નથી.

91. ખોરાક અને તેની જાળવણીની દેશી પદ્ધતિઓનું યોગ્ય જોડકું પસંદ કરો:

| **વિભાગ 'અ' (ખોરાક)** | **વિભાગ 'બ' (જાળવણીની રીત)** |
|---|---|
| (૧) દૂધ | (A) ભીના કાપડમાં વીંટાળીને રાખવું |
| (૨) રાંધેલા ભાત | (B) તેને ઉકાળીને મૂકવું |
| (3) લીલા ધાણા | (C) વાટકામાં મૂકી વાટકો પાણી ભરેલા વાસણમાં |
| રાખવો | |
| (૪) ડુંગળી-લસણ | (D) તેને સુકી અને ખુલ્લી જગ્યામાં રાખવું |

(A) (૧-B), (૨-A), (3 -C), (૪-D)

(B) (૧-B), (૨-C), (3 -A), (૪-D)

(C) (૧-A), (૨-C), (3 -B), (૪-D)

(D) (૧-C), (૨-B), (3 -A), (૪-D)

92. કેરીમાંથી બનતી વાનગીઓ અને તેના મુખ્ય ગુણધર્મોનું યોગ્ય જોડકું કયું છે?

| વિભાગ 'અ' (વાનગી) | વિભાગ 'બ' (ગુણધર્મ/વિગત) |
|---|---|
| (૧) મામિડી તાંડ્રા (આમપાપડ) | (A) કાચી કેરી અને ગોળમાંથી બનતું લાંબો |
| સમય ટકતું અથાણું | |
| (૨) ગોળકેરી | (B) પાકી કેરીનો રસ, ગોળ, ખાંડ અને |
| તડકામાં સૂકવણી" | |
| (3) બાફલો (કેરીનું પન્નું) | (C) કાચી કેરીની છીણ, તીખો-ખાટો તાજો |
| સ્વાદ" | |
| (૪) કચુંબર | (D) બાફેલી કાચી કેરી, ગરમી/લૂ સામે રક્ષણ |
| આપતું પીણું" | |

(A)1-A,2-B,3-C,4-D

(B) 1-D,2-A,3-B,4-C

(C)1-B,2-A,3-D,4-C

(D) 1-B,2-D,3-D,4-A

93. કેરી ના કઠેરા (ગોટલા) અપને ફેકી દઈએ છીએ પરંતુ અનો ઉપયોગ શું હોઈ શકે ?

(A)આપને તેને પશુઓને આપી શકીએ

(C)તેનો મુખવાસ બનાવા માટે

(B)તેને ચૂલામાં સળગવા માટે

(D)તેનો કોઈ ઉપયોગ નથી

94. રમેશ મોંગના બીજને અંકુરિત કરવા માંગે છે. તે નીચેનામાંથી કઈ સ્થિતિમાં બીજ મૂકશે તો તે સૌથી ઝડપી અને તંદુરસ્ત અંકુરિત થશે?

(A) સંપૂર્ણપણે પાણીથી ભરેલા બંધ ગ્લાસમાં

(B) એકદમ સૂકા તડકામાં રાખેલી ડિશમાં

(C) ભેજવાળા ભીના કાપડ કે રૂમાં વીંટાળીને ખુલ્લી હવામાં

(D) ફ્રિજના ડીપ-ફ્રીઝરમાં મુકીને

95. અંકુરણ માટે બીજને મુખ્યત્વે કઈ ત્રણ બાબતોની જરૂર હોય છે?

(A) માત્ર ખાતર, માટી અને કુંડું

(B) હવા, પાણી અને અનુકૂળ તાપમાન

(C) સતત સૂર્યપ્રકાશ, અંધારું અને પ્લાસ્ટિક

(D) ઠંડી, રાસાયણિક દવા અને વધારે પડતું પાણી

96. નીચેનામાંથી કયો સમૂહ માત્ર દ્વિદળી (Two Cotyledons) બીજનો છે?

(A) ઘઉં, મકાઈ, બાજરી

(B) ચણા, તુવેર, મગ, વાલ

(C) ચોખા, જુવાર, વાંસ

(D) રાયડો, તલ, નાળિયેર

97. નીચેનામાંથી કયો સમૂહ એકદળી બીજનો છે?

(A) બદામ, કાજુ, અખરોટ

(B) મગફળી, વટાણા, સોયાબીન

(C) મકાઈ, ઘઉં, ચોખા, જુવાર

(D) ચણા, મેથી, રાય

98. અંકુરિત થયેલા બીજને જો સૂર્યપ્રકાશ વિના અંધારા ઓરડામાં જ રાખવામાં આવે તો તે છોડનો રંગ કેવો પડશે?

(A) ઘાટો લીલો

(B) પીળાશ પડતો કે પાતળો-નબળો

(C) ઘાટો લાલ

(D) ચમકતો વાદળી

99. કયું બીજ તેલીબિયાં (Oilseed) ની શ્રેણીમાં આવે છે, જેમાંથી તેલ નીકળે છે?

(A) ચોખા

(B) મગ

(C) ઘઉં

(D) તલ

100. રાઈ અને ખસખસના બીજની ખાસિયત શું છે?

(A) તે કદમાં ખૂબ જ નાના અને લીસા હોય છે

(B) તે વજનમાં ખૂબ ભારે હોય છે

(C) તે પાણીમાં તરતા નથી પણ ડૂબી જ જાય છે

(D) તેના પર કાંટા હોય છે

101. કઈ વનસ્પતિ એવી છે જેના બીજ નથી હોતા, પરંતુ તેના પાંદડા કે થડ દ્વારા નવો છોડ ઉગે છે?

(A) ચણા

(B) બટાટા

(C) ઘઉં

(D) રાયડો

102. નાળિયેરીના બીજ (નાળિયેર) નો ફેલાવો મુખ્યત્વે કયા માધ્યમ દ્વારા થાય છે?

(A) પવન દ્વારા

(B) મનુષ્ય દ્વારા

(C) પાણીના પ્રવાહ દ્વારા

(D) કીડીઓ દ્વારા

103. મરચાં ભારતમાં મૂળ કયા દેશમાંથી આવ્યા હતા અને કોણ લાવ્યું હતું?

(A) ચીનમાંથી વેપારીઓ લાવ્યા હતા

(B) દક્ષિણ અમેરિકામાંથી પોર્ટુગીઝ વેપારીઓ ભારતમાં લાવ્યા હતા

(C) ઈંગ્લેન્ડના રાજા લાવ્યા હતા

(D) આફ્રિકાના શિકારીઓ લાવ્યા હતા

104. ભારતની દેશી (મૂળ ભારતીય) શાકભાજી અને ફળો કયા છે?

(A) કેરી, કેળાં, જાંબુ, કારેલા, રીંગણ

(B)ટામેટા, બટાટ, કોફી

(C) મકાઈ, મરચાં, સોયાબીન

(D) કોબીજ, સફરજન, પાલક

105. જો કોઈ બીજ ઉપર પાંખો જેવી રચના (વિંગ્ડ સીડ્સ) હોય, તો તે કયા માધ્યમથી ફેલાશે?

(A) પાણી

(B) પવન

(C) પ્રાણી

(D) મનુષ્ય

106. રીયાએ ત્રણ ગ્લાસ લીધા:

ગ્લાસ ૧: પાણીમાં પૂરા ડૂબેલા ચણા

ગ્લાસ ૨: ભીના રૂમાં વીંટાળેલા ચણા

ગ્લાસ 3: ખાલી ગ્લાસમાં સૂકા ચણા

કયા ગ્લાસના ચણામાં ફણગા (અંકુર) ફૂટશે?

(A) ગ્લાસ ૧

(B) ગ્લાસ ૨

(C) ગ્લાસ 3

(D) એક પણ નહીં

107. હું નાનું છું પણ મસાલામાં રાજા છું, ગોળ કાળો દાણો છું, તીખો મારો સ્વાદ છે, બોલો હું કોણ છું?"

(A) જીરું

(B)મેથી

(C) રાઈ

(D) કાળા મરી (મરી)

108. વિભાગ 'અ' માં આપેલા બીજ/વનસ્પતિને વિભાગ 'બ' માં આપેલા તેના ફેલાવાના યોગ્ય માધ્યમ સાથે જોડો:

| વિભાગ 'અ' (બીજ/વનસ્પતિ) | વિભાગ 'બ' (ફેલાવાનું માધ્યમ) |
|---|---|
| (૧) આંકડો, | (A) પ્રાણીઓની રૂવાંટી / કપડાં દ્વારા |
| (૨) કમળ, | (B) પવન દ્વારા |
| (3) ગોખરુ, | (C) સીંગ સફાટથી ફાટવાથી |
| (ધડાકો) | |
| (૪) વટાણા, | (D) પાણીના પ્રવાહ દ્વારા |


(A) ૧-B, ૨-D, 3-A, ૪-C

(B) ૧-A, ૨-B, 3-C, ૪-D

(C) ૧-D, ૨-C, 3-B, ૪-A

(D) ૧-C, ૨-A, 3-D, ૪-B

109. ૫ દિવસ પછી કયો છોડ તંદુરસ્ત લીલો દેખાશે?




(A) ચિત્ર B નો છોડ

(B) ચિત્ર A નો છોડ

(C) બંને સુકાઈ જશે

(D) બંને સરખા રહેશે

110. ગાઢળસરમાં કુલ કેટલા તળાવો એકબીજા સાથે જોડાયેલા હતા?

A) પાંચ તળાવોની શૃંખલા

B) સાત તળાવોની શૃંખલા

C) નવ તળાવોની શૃંખલા

D) અગિયાર તળાવોની શૃંખલા

111. ગાઢળસર તળાવની રચનામાં પાણીની આવક અને જાવકનું સંચાલન કઈ રીતે થતું હતું?

A) આધુનિક મોટર પંપ દ્વારા

B) કુદરતી ઢાળ અને નહેરોના માધ્યમથી ગુરુત્વાકર્ષણ દ્વારા

C) પશુઓની મદદથી ચાલતી રહેટ દ્વારા

D) ચોમાસામાં દરવાજા ખોલીને પૂર નિયંત્રણ દ્વારા

112. ભૂતકાળમાં રાજાઓ કે શાસકો તળાવો અને વાવ બંધાવવા માટે નાણાં ક્યાંથી મેળવતા હતા?

A) માત્ર વિદેશી વેપારીઓ પાસેથી કર ઉઘરાવીને

B) પ્રજા પાસેથી બળજબરીપૂર્વક દંડ વસૂલીને

C) સામાન્ય લોકો, વ્યાપારીઓ અને ધનિક નાગરિકોના સહયોગથી

D) માત્ર રાજકોષની બચતમાંથી

113. જો અલ્બિરૂની આજે આધુનિક સમયમાં ભારતની મુલાકાતે આવે, તો વર્તમાન જળ સંકટ જોઈને તેનું શું નિરીક્ષણ હોઈ શકે?

A) લોકો પ્રાચીન જ્ઞાન ભૂલીને પાણીનો બગાડ કરે છે

B) ભારતમાં પાણીની કોઈ જ સમસ્યા નથી

C) ટેકનોલોજીથી પાણીની ગુણવત્તા ખૂબ જ સુધરી ગઈ છે

D) બધા જ તળાવો અત્યંત સ્વચ્છ છે

114. ગુજરાતમાં આવેલી પ્રખ્યાત 'રાણકી વાવ' કયા શહેરમાં આવેલી છે?

A) પાટણ

B) અમદાવાદ

C) જૂનાગઢ

D) ભુજ

115. રાણકી વાવને યુનેસ્કો (UNESCO) દ્વારા કયો દરજ્જો આપવામાં આવ્યો છે?

A) વૈશ્વિક વેપાર કેન્દ્ર

B) વર્લ્ડ હેરિટેજ સાઈટ (વિશ્વ વારસો)

C) રાષ્ટ્રીય અભ્યારણ્ય

D) આધુનિક અજાયબી

116. ઉત્તરાખંડ કે હિમાલયના પહાડી વિસ્તારોમાં આજે પણ કયા સ્ત્રોતમાંથી પાણી મેળવવામાં આવે છે?

A) ટ્યુબવેલ અને બોરવેલમાંથી

B) કુદરતી ઝરણાં (ધારા) અને નદીઓમાંથી

C) દરિયાના પાણીને શુદ્ધ કરીને

D) પેક્ડ મિનરલ વોટર બોટલોથી

117. પાણીને બચાવવા માટેની પરંપરાગત પદ્ધતિઓમાં સૌથી શ્રેષ્ઠ પદ્ધતિ કઈ ગણાય?

A) રેઈન વૉટર હાર્વેસ્ટિંગ (વરસાદી પાણીનો સંગ્રહ)

B) નદીના પ્રવાહને રોકી દેવો

C) જમીનને પ્લાસ્ટિકથી ઢાંકી દેવી

D) કુવાઓ માંથી પાણી લેવાનું બંધ કરી દેવું.

118. જો કોઈ વિસ્તારમાં ભૂગર્ભ જળસ્તર સાવ નીચે જતા રહે (બોરવેલ ફેલ જાય), તો તેનો તાત્કાલિક ઉપાય કયો ગણાય?

A) નવા ૫૦૦ ફૂટ ઊંડા બોર કરવા

B) રેઈનવોટર હાર્વેસ્ટિંગ અપનાવવું

C) પાણી વાપરવાનું છોડી દેવું

D) ગામ છોડીને ભાગી જવું

119. જો તમારા ઘરના આંગણામાં વરસાદનું પાણી ભરાઈ રહેતું હોય, તો તમે પાણીનો નિકાલ કઈ રીતે કરશો?

A) સોકપીટ (શોષ ખાડો) બનાવીને જમીનમાં ઉતારીશું

B) પાડોશીના ઘરમાં વહેવડાવીશું

C) રસ્તા પર મોટર મૂકીને ફેંકીશું

D) એમ જ રહેવા દઈશું

120. પાણી બચાવવા માટે ધોરણ ૫ ના વિદ્યાર્થી તરીકે તમારી સૌથી પહેલી નૈતિક ફરજ કઈ છે?

A) નદી નો ઉપયોગ બંધ કરવો

B) પાણીની ચર્ચા ન કરવી

C) માત્ર બોટલ ખરીદીને પીવી

D) ઘરમાં અને શાળામાં પાણીનો કરકસરયુક્ત ઉપયોગ કરવો

121. જો તમારા વિસ્તારમાં ખૂબ ઓછો વરસાદ પડે છે, તો પાણી બચાવવા ઘર માટે કઈ પદ્ધતિ સૌથી વધુ અસરકારક રહેશે.

A) નદી પર મોટો ડેમ બનાવવો.

B) ઘરની અગાસીને વરસાદી પાણીને પાઇપ દ્વારા ભૂગર્ભ ટાંકીમાં સંગ્રહ કરવો.

C) ફિલ્ટર પ્લાન્ટ નાખવો.

D) નહેર બનાવવી.

122. પૃથ્વી પર પાણીનો મુખ્ય સ્રોત કયો ગણાય છે?

A) કૂવો

B) નદી

C) વરસાદ

D) ઝરણું

123. રાજસ્થાનમાં વરસાદ ઓછો પડે છે છતાં ત્યાં પાણીની તંગી નથી કારણ...

A) લોકો બહારથી પાણી મંગાવે છે.

B) ત્યાં સરોવરો વધારે છે.

C) દરેક ઘરમાં વરસાદી પાણીનો સંગ્રહ કરવાની ઘરગથ્થુ વ્યવસ્થા હતી

D) નદીનું પ્રમાણ વધારે છે.

124. જો જમીન પર ડામર અને સિમેન્ટના રસ્તાઓ બનાવી દેવામાં આવે તો વરસાદના પાણી પર શું અસર પડે?

A) જમીનમાં સરળતાથી શોષાઈ જાય.

B) જમીનમાં શોષવાને બદલે વહી જાય.

C) ભૂગર્ભ જળસ્તર ઊંચું આવે

D) કૂવાઓ ભરાઈ જાય.

125. વરસાદના પાણીને "ટાંકી" માં સંગ્રહ કર્યા પછી તે કેટલા સમય સુધી વાપરી શકાય?

A) 6 માસ સુધી

B) 1 અઠવાડિયું.

C) 2 માસ સુધી.

D) આગામી વરસાદ આવે ત્યાં સુધી.

126. જો તમારા વિસ્તારમાં પાણીની અછત હોય, તો દડકી માઈના કિસ્સામાંથી કયો ઉપાય શીખી શકાય?

A) પાણી ના ટેન્કર ની રાહ જોવી

B) પાણી માટે વપરાશ વધારવો.

C) લોકભાગીદારી થી વરસાદી પાણી રોકવાના તળાવ ચેકડેમ બનાવવા.

D) વૃક્ષો કાપીને કૂવો ખોદવો.

127. પ્રાચીન સમયના રાજાઓએ પાણીના સંગ્રહ માટે માત્ર તળાવો કે કૂવાઓ બનાવવાને બદલે 'વાવ' (સ્ટેપવેલ) જેવું જટિલ સ્થાપત્ય શા માટે પસંદ કર્યું હશે?

A) કારણ કે વાવમાં ઊંડે સુધી જઈને પાણી મેળવી શકાતું હતું અને તે ભીષણ ગરમીમાં પણ ઠંડું રહેતું હતું તેમજ તે સામાજિક મિલનસ્થળ પણ બનતી

B) કારણ કે વાવ બનાવવાનો ખર્ચ ખૂબ જ ઓછો થતો હતો

C) કારણ કે વાવમાં માત્ર સૈનિકો જ રહી શકતા હતા

D) કારણ કે વાવમાં પાણી ક્યારેય આવતું જ નહોતું

128. નીચેનામાંથી કઈ વસ્તુ પાણીમાં નાખવાથી તરે છે?

(A) લોખંડની કીલી

(B) સ્ટીલની ચમચી

(C) પ્લાસ્ટિકની ખાલી બોટલ

(D) કાચની લખોટી

129. નીચેનામાંથી કઈ વનસ્પતિ પાણીમાં તરે છે?

(A) કમળના પાન / જળકુમ્ભી

(B) ગુલાબનો છોડ

(C) લીમડાનું ઝાડ

(D) ઘઉંનો છોડ

130. જો પાણીના ગ્લાસમાં લીંબુ નાખવાથી તે ડૂબી જાય, પણ પાણીમાં પુષ્કળ મીઠું નાખવાથી તે તરે છે, તો આનું કારણ શું છે?

(A) લીંબુનું વજન ઘટી જાય છે

(B) મીઠું નાખવાથી પાણીની ઘનતા વધે છે

(C) પાણીનું તાપમાન ઘટી જાય છે

(D) ગ્લાસ મોટો થઈ જાય છે

131. સ્ટીલ ની વાટકી પાણી માં નાખવા થી તે ડૂબી જાય છે જો તે જ સ્ટીલની વાટકીનો દડો વાળીને પાણીમાં નાખીએ તો તે ડૂબી જાય છે કારણ કે...

(A) દડો ભારે થઈ જાય છે

(B) દડાનું કદ નાનું થવાથી તે ઓછું પાણી ખસેડે છે

(C) સ્ટીલ બદલાઈ જાય છે

(D) ગુરુત્વાકર્ષણ વધી જાય છે

132. નીચેનામાંથી કયો પદાર્થ પાણીમાં સંપૂર્ણ અદ્રશ્ય થઈ જાય છે?

(A) ચોક પાઉડર

(B) રેતી

(C) ખાંડ

(D) લાકડાનો વ્હેર

133. પાણીમાં તેલ નાખવાથી શું થાય છે?

(A) તેલ પાણીમાં ભળી જાય છે

(B) તેલ પાણીની ઉપર થર બનાવીને તરે છે

(C) તેલ તળિયે બેસે છે

(D) તેલ ગાયબ થાય છે

134.પાણીને શુદ્ધ કરવા માટે કઈ ગોળીઓ કુવા કે ટાંકીમાં નાખવામાં આવે છે?

(A) પેરાસિટામોલ

(B) વિટામીન ની ગોળીઓ

(C) ક્લોરિનની ગોળીઓ

(D) ખાંડની ગોળીઓ

135. નીચેનામાંથી કયું પ્રવાહી પાણીમાં અદ્રશ્ય થતું નથી (ભેળવાતું નથી)?

(A) નાળીયેર નું તેલ

(B) દૂધ

(C) લીંબુનો રસ

(D) સરકો (વિનેગર

136. નીચેનામાંથી કયા પ્રદેશમાં દાંડી આવેલી છે જ્યાં ગાંધીજી ગયા હતા?

(A) નવસારી જિલ્લો, ગુજરાત

(B) કચ્છ જિલ્લો

(C) બનાસકાંઠા

(D) અમદાવાદ

137. જો તમારી પાસે એક કાચના ગ્લાસમાં મધ અને બીજા ગ્લાસમાં પાણી હોય, અને બંનેમાં એક સરખી લોખંડની લખોટી નાખવામાં આવે, તો કયા પ્રવાહમાં લખોટી ઝડપથી તળિયે બેસી જશે?

(A) મધમાં

(B) પાણીમાં (કારણ કે મધની સ્નિગ્ધતા/Viscosity વધુ છે)

(C) બંનેમાં એક જ સમયે

(D) એકપણમાં નહીં

138. એક વ્યક્તિ દરિયામાં નાહવા જાય છે ત્યારે તેને તરવું સહેલું પડે છે પરંતુ નદીમાં તરતી વખતે થોડું વધારે ધ્યાન રાખવું પડે છે. આનું મુખ્ય ભૌતિક કારણ શું?

(A) દરિયાના પાણીમાં ક્ષાર વધુ હોવાથી ઘનતા વધુ હોય છે અને ઉત્પ્લવક બળ વધારે મળે છે

(B) નદીનું પાણી ઊંડું હોય છે

(C) દરિયામાં માછલીઓ મદદ કરે છે

(D) નદીનું પાણી ગરમ હોય છે

139. જો તમે એક ગ્લાસમાં પાણી ભરીને તેમાં બરફના કેટલાક ટુકડા નાખો, અને બરફ પૂરો ઓગળી જાય, તો ગ્લાસમાં પાણીની સપાટી પર શું અસર થાય છે?

(A) સપાટી બરાબર તે જ સ્તરે જળવાઈ રહે છે

(B) પાણી છલકાઈને બહાર નીકળી જાય છે

(C) પાણીનું સ્તર નીચે ઉતરી જાય છે

(D) પાણી બાષ્પીભવન પામીને ઘટી જાય છે

140. નીચેના પદાર્થોને પાણી સાથેની તેમની પ્રક્રિયા/અવસ્થા સાથે યોગ્ય રીતે જોડો:

| સ્તંભ 'અ' (પદાર્થ), | સ્તંભ 'બ' (પાણીમાં થતી ક્રિયા) |
|---|---|
| ૧. સાકર / ખાંડ | (A) પાણીની સપાટી પર તરે છે |
| ૨. તેલ | (B) પાણીમાં ઓગળીને અદ્રશ્ય થાય છે |
| ૩. લોખંડની ક્રીલી | (C) પાણીના તળિયે બેસી જાય છે |

(A) ૧-B, ૨-A, ૩-C

(C) ૧-C, ૨-A, ૩-B

(B) ૧-A, ૨-B, ૩-C

(D) ૧-B, ૨-C, ૩-A

141. રમેશ પાસે એક આખી (કાચી) પૂરી અને એક તળેલી (ફૂલેલી) પૂરી છે. તે બંનેને પાણીમાં નાખે છે. શું જોવા મળશે?

A) બંને પૂરી તરશે

B) બંને પૂરી ડૂબી જશે

C) કાચી પૂરી ડૂબી જશે, જ્યારે તળેલી (ફૂલેલી) પૂરી શરૂઆતમાં તરશે

D) તળેલી પૂરી તરત જ ડૂબી જશે

142. રમેશના ઘરની પાછળ જૂના ટાયરમાં પાણી ભરાઈ રહ્યું છે. થોડા દિવસો પછી ત્યાં મચ્છરના પોરા (લાર્વા) જોવા મળ્યા. જો રમેશ ટાયરમાંથી પાણી ખાલી ન કરે, તો કયા રોગનો ફેલાવો થવાની શક્યતા સૌથી વધુ છે?

(A) મલેરિયા અને ડેન્ગ્યુ

(C) ટાઇફોઇડ અને કમળો

(B) ઝાડા અને ઉલટી

(D) શરદી અને ઉધરસ

143. વિશ્વા ના શરીરમાં હિમોગ્લોબિનનું પ્રમાણ ૭ g/dL આવ્યું. તેને થાક લાગે છે અને ધ્યાન કેન્દ્રિત કરવામાં તકલીફ પડે છે. ડોક્ટરે તેને કયા ખોરાક વધુ ખાવાની સલાહ આપી હશે?

(A) લીલા પાંદડાવાળા શાકભાજી, ગોળ અને આમળા

(B) દૂધ, ચીઝ અને પનીર

(C) બટાકા, ચોખા અને ખાંડ

(D) તળેલું અને બહારનું સ્ટ્રીટ ફૂડ

144. વીપુલ ભાઈ ને સવારથી ધ્રુજારી સાથે ખૂબ તીવ્ર તાવ આવે છે અને બપોરે તાવ ઉતરી જાય છે. ડૉક્ટર તેના લોહીની તપાસ કરાવવાનું સૂચવે છે. કાચની સ્લાઇડ પર લોહી લેતી વખતે ડૉક્ટર કઈ બાબતની તપાસ કરવા માગે છે?

(A)લોહીમાં ખાંડનું પ્રમાણ

(B) લોહીમાં કેલ્સીયમ ની ખાલી

(C) માદા એનોફિલિસ દ્વારા ફેલાતા પ્લાઝમોડિયમ જીવાણુ

(D) રક્તકણોનો રંગ

145. ડૉક્ટરે પરાગભાઈની આંગળીમાંથી સોય ભોંકીને લોહીના બે-ત્રણ ટીપાં કાચની સ્લાઇડ પર લીધા. લોહી આંગળીમાંથી જ કેમ લેવામાં આવ્યું?

(A) કારણ કે આંગળીની નસો ત્વચાની નજીક હોય છે અને સરળતાથી લોહી મળે છે

(B) કારણ ક અંગળીમાં સૌથી વધુ લોહી હોઈ છે.

(C) આંગળીમાંથી લોહી લેવાથી દુખાવો થતો નથી

(D) મચ્છર હંમેશાં આંગળી પર જ કરડે છ

146. શાળામાં થતી તબીબી તપાસ દરમિયાન માલૂમ પડ્યું કે એક વર્ગના ૪૦ માંથી ૧૦ બાળકોને વારંવાર થાક લાગે છે અને તેઓ ભણવામાં ધ્યાન આપી શકતા નથી. ડૉક્ટર પ્રથમ કઈ તપાસ કરવાની સલાહ આપશે?

(A) આંખોની તપાસ

(B) હિમોગ્લોબિન (લોહી) ની તપાસ

(C) હાડકાંનો એક્સ-રે

(D) વજનની તપાસ

147. જો પિતાને મેલેરિયા થયો હોય, તો શું તેમના બાળકમાં પણ તે લોહી દ્વારા વારસાગત રીતે આવી શકે?

(A) હા, તે વારસાગત રોગ છે

(B) હા, જો બાળક પિતાની નજીક સુવે તો

(C) ના, તે મચ્છર કરડવાથી ફેલાતો ચેપી રોગ છે, વારસાગત નથી

(D) હા, લોહીનો પ્રકાર સમાન હોય તો

148. માદા એનોફિલિસ મચ્છર રાત્રે જ કેમ વધુ સક્રિય હોય છે અને કરડે છે?

(A) તેને અંધારું ગમે છે

(B) તેની આંખો દિવસે જોઈ શક્તિ નથી.

(C) રાત્રે લોકો જાગતા હોય છે

(D) દિવસના તાપમાન અને સૂર્યપ્રકાશથી બચવા માટે તે રાત્રે બહાર નીકળે છે

149. પાંડુરોગ (Anemia) ના દર્દીને ગોળ અને લીંબુ સાથે ખાવાની સલાહ કેમ આપવામાં આવે છે?

(A) ગોળ સ્વાદિષ્ટ હોય છે

(B) ગોળમાં લોહતત્વ વિપુલ પ્રમાણમાં હોય છે અને લીંબુમાં રહેલું વિટામિન C લોહતત્વના શોષણમાં મદદ કરે છે

(C) લીંબુથી લોહી ચોખ્ખું થાય છે.

(D) તેનાથી તાવ ઉતરી જાય છે.

150. મીનાનો હિમોગ્લોબિન રિપોર્ટ જૂન મહિનામાં ૮ gm/dl હતો અને સપ્ટેમ્બરમાં ૧૨.૫ gm/dl થયો. આ ત્રણ મહિનામાં તેના આહારમાં શું ફેરફાર થયો હશે?

(A) તેણે જંક ફૂડ ખાવાનું વધાર્યું હશે

(B)તેને માત્ર આરામ  કર્યો હશે

(C) તેણે પાલક, બીટ, ગોળ વધુખાવાનું ચાલુ કર્યું હશે.

(D) તેણે પાણી પીવાનું બંધ કર્યું હશે

151. શાળાના મધ્યાહ્ન ભોજન (Mid-day Meal) માં લીલા પાંદડાવાળા શાકભાજી શા માટે ફરજિયાત ઉમેરવામાં આવે છે?

(A) બાળકો ને વધુ પસંદ હોઈ છે તે માટે

(B) રસોઈનો સ્વાદ વધારવા માટે

(C) બાળકોમાં કુપોષણ અને પાંડુરોગ (એનિમિયા) ની સમસ્યા અટકાવવા માટે

(D) માત્ર દેખાવ માટે

152. તમારા પડોશી તેમના ઘરનું ગંદુ પાણી શેરીમાં ખુલ્લામાં છોડે છે. પર્યાવરણીય જાગૃતિના નાતે તમે તેમને સૌપ્રથમ શું સમજાવશો?

(A) ગંદુ પાણી શેરીમાં એકઠું થવાથી મચ્છર અને ગંદકી વધશે જે સૌના આરોગ્ય માટે હાનિકારક છે.

(B) તેમની સામે પોલીસ ફરિયાદ કરીશ.

(C) હું મારું ઘર બદલી નાખીશ.

(D) હું પણ મારું ગંદુ પાણી શેરીમાં છોડીશ.

153. ગામના તળાવમાં શેવાળ અને કચરો વધી ગયો છે. આ સમસ્યાના ઉકેલ માટે કયો પર્યાવરણીય ઉકેલ સૌથી ટકાઉ છે?

(A) તળાવને માટીથી પૂરી દેવું.

(B) તળાવની નિયમિત સફાઈ કરવી અને ગંદકી અટકાવવી.

(C) તળાવમાં કેમિકલ નાખવું.

(D) તળાવ દવા નાખી ને સફાઈ કરવી.

154. જો તમને તમારી શાળામાં "મચ્છર મુક્ત કેમ્પસ" અભિયાન ચલાવવાનું કહેવામાં આવે, તો તમે નીચેનામાંથી કઈ પ્રવૃત્તિ સૌથી પહેલાં કરશો?

(A) શાળાના ઝાડ કાપી નાખવા.

(B) માત્ર વર્ગખંડ ની સફાઈ કરવી.

(C) બધા બાળકોને રજા આપી દેવી.

(D) શાળા કેમ્પસમાં ભરાયેલા પાણીના ખાડા પૂરી દેવા અને પાત્રો સાફ કરવા.

155. તમારા ગામના પંચાયત ઘરમાં રોગચાળા અટકાવવા માટેનું સભા આયોજન છે. તમે કયો પ્રસ્તાવ મૂકશો?

(A) ગામની ગટરો ઢાંકવી અને ખાબોચિયા પૂરી દેવા.

(B) પાણી બચાવવા જ્યાં ત્યાં ખાડા કરવા

(C) તળાવના પાણી થી ઢોર તથા કપડાઓ ધોવા માટે ખુલ્લું મુકવું

(D) વૃક્ષો કાપી બેસવા માટે જગ્યા બનાવવી

156. કયા પ્રકારના ખોરાકને જંક ફૂડ (Junk Food) કહેવામાં આવે છે જે શરીરને પૌષ્ટિકતા આપતો નથી?

(A) દાળ, ભાત, શાક, રોટલી

(B) ચણા , મગ, મઠ

(C) દૂધ, ફળો, સલાડ

(D) ચાઉમીન, બર્ગર, ચિપ્સ, કોલ્ડડ્રિંક્સ

157. તમારા ઘરમાં પક્ષીઓ માટે મુકેલા પાણીના પરબ (કુંડા) માં મચ્છર ન થાય તે માટે શું કરવું જોઈએ?

(A) પરબ કાયમ માટે હટાવી દેવું.

(B) દર ૨-3 દિવસે પાણી બદલીને કુંડુ સાફ કરી નવું પાણી ભરવું.

(C) તેમાં મચ્છર ની દવા નાખવી  નાખવું.

(D) પાણીમાં મીઠું નાખવું.

158. એક ગામમાં લોકો મચ્છરોથી બચવા માટે દરરોજ રાસાયણિક કીટનાશકનો છંટકાવ કરે છે. ૬ મહિના પછી એવું જોવા મળ્યું કે મચ્છરો પર આ દવાની અસર થતી બંધ થઈ ગઈ. આનું સંભવિત કારણ શું હોઈ શકે?

(A) મચ્છરોએ દવા પીવાનું શરૂ કર્યું.

(B) દવા ની અસર પૂરી થઇ ગઈ.

(C) દવા બનાવનારે દવા નકલી બનાવી.

(D) મચ્છરોમાં સમય જતાં દવાની સામે પ્રતિકારક શક્તિ વિકસી ગઈ.

159. એક શાળામાં બપોરના ભોજનમાં સફાઈ રાખવામાં આવતી નથી. ખોરાક પર માખીઓ બેસે છે. આ પરિસ્થિતિ ચાલુ રહેશે તો વિદ્યાર્થીઓમાં કયા લક્ષણો જોવા મળશે?

(A) વારંવાર ઝાડા, ઉલટી અને પેટમાં દુખાવો થવો

(B) પગ ભાંગી જવા

(C) ત્વચા પર દાદર થવી

(D) દાંત દુખવા

160. મચ્છરો દ્વારા ફેલાતા રોગોથી બચવા માટે સૌથી સસ્તો અને અસરકાર  વ્યવહારુ રસ્તો કયો છે?

(A) મચ્છર મારવા  માટે મોંઘા સ્પ્રે ખરીદવા

(B) કેમિકલ વાળી મચ્છર-અગરબત્તીઓ સળગાવવી

(C) ઘરમાંથી બહાર જ ન નીકળવું

(D) ઘર અને આસપાસ સ્થિર પાણી ન રહેવા દેવું

161. જો તમારી શાળાના વોશરૂમ (શૌચાલય) પાસે પાણી ભરાતું હોય, તો એક જાગૃત વિદ્યાર્થી તરીકે તમારું પગલું શું હોવું જોઈએ?

(A) આચાર્યશ્રી કે શિક્ષકને સ્થિતિથી માહિતગાર કરી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા કરાવવી.

(B) ત્યાં જઈને રમવું.

(C) શૌચાલયનો ઉપયોગ બંધ કરવો.

(D) કોઈને કંઈ ન કહેવું.

162 નીચે આપેલા વિધાનો પર વિચાર કરો:

વિધાન (A): એનિમિયા ધરાવતા બાળકના લોહીમાં અતિશય આયર્ન હોય છે.

કારણ (R): લીલા પાંદડાવાળા શાકભાજી ખાવાથી હિમોગ્લોબિનનું પ્રમાણ વધે છે.

(A) (A) અને (R) બંને સાચા છે.

(B) (A) સાચું છે પણ (R) ખોટું છે.

(C) (A) ખોટું છે પણ (R) સાચું છે.

(D) બંને ખોટા છે

163. જો લોહીના નમૂનાની તપાસમાં પ્લાઝમોડિયમ નામના પરજીવી ન મળે, પરંતુ પ્લેટલેટ્સ કૌન્ટ ૪૦,૦૦૦ (ખૂબ ઓછા) આવે, તો દર્દીને કયો રોગ હોવાની તીવ્ર શંકા જાય?

(A) મલેરિયા

(B) કમળો

(C) એનિમિયા

(D) ડેન્ગ્યુ

164. નીચેનામાંથી કઈ જોડી પર્યાવરણીય શુદ્ધતા અને આરોગ્ય સુધારણા વચ્ચેનો સાચો સંબંધ દર્શાવે છે?

(A) વધુ ગંદકી ➔ ઓછી માખીઓ ➔ શ્રેષ્ઠ આરોગ્ય

(B) ઉત્તમ ગટર વ્યવસ્થા ➔ સ્થિર પાણીનો અભાવ ➔ મચ્છર નિયંત્રણ અને સાફ આરોગ્ય

(C) ખુલ્લો કચરો ➔ વધુ પાણી ➔ મલેરિયા મુક્તિ

(D) વૃક્ષોનું છેદન ➔ વધુ વરસાદ ➔ મચ્છર નાશ

165. સંગીતા અરોરાએ જૂથના નાયક તરીકે કઈ બાબતની ખાસ કાળજી લીધી હતી?

(A) સભ્યોનો સામાન ઊંચકવામાં અને માર્ગદર્શન આપવામાં મદદ કરવી

(B) ફક્ત આદેશો આપવા

(C) સભ્યોને એકલા ચઢવા દેવા

(D) પોતાના ચિત્રો દોરવા

166. જૂથના કોઈ સભ્યથી ભૂલથી રસ્તો ભૂલી જવાય, તો એક આદર્શ જૂથ નાયકે શું કરવું જોઈએ?

(A) તેને ખીજાવું

(B) સીટી વગાડી કે અવાજ કરીને તેને ઓળખ આપવી અને એકઠા થવું

(C) આગળ ચાલ્યા જવું

(D) પોલીસને ફોન કરવાની રાહ જોવી

167. શાળા પ્રવાસ દરમિયાન વિદ્યાર્થી નાયક (Class Monitor) ની ભૂમિકા પર્વતારોહણ જૂથના નાયકથી કેવી રીતે મળતી આવે છે?

(A) કોઈ સામ્યતા નથી

(B) બંનેએ માત્ર રમતો રમવાની હોય છે

(C) બંનેએ પૈસા ભેગા કરવાના હોય છે

(D) બંનેએ શિસ્ત અને સભ્યોની સુરક્ષા જાળવવાની હોય છે

168. કેમ્પ દરમિયાન રાત્રે સભ્યો ભેગા મળીને સાંસ્કૃતિક કાર્યક્રમ (Campfire) શા માટે કરે છે?

(A) માત્ર સમય પસાર કરવા

(B) દિવસનો થાક દૂર કરવા અને એકબી
જાને વધુ સારી રીતે જાણવા

(C) ઠંડી ભગાડવા માટે લાકડાં સળગાવવા જ

(D) શિક્ષકની આજ્ઞાથી

169. પર્વતારોહણ કરતી વખતે શરીરનો ખૂણો કેટલા અંશનો હોવો જોઈએ?

(A) ૯૦ અંશ

(C) ૧૮૦ અંશ

(B) ૪૫ અંશ

(D) ૧૨૦ અંશ

170. પર્વત ચઢતી વખતે પીઠ કેવી રાખવી જોઈએ?

(A) આગળ ઝૂકેલી

(C) પાછળ નમેલી

(B) સીધી (Straight)

(D) ગોળાકાર

171. પર્વતારોહણમાં 'હાર્નેસ' (Harness) નો ઉપયોગ શું છે?

(A) શરીરના કમરના ભાગે દોરડું સુરક્ષિત રીતે બાંધવા માટે

(B) માથા ના રક્ષન માટે

(C) પગના રક્ષણ માટે

(D) સામાન ઊંચકવા માટે

172. પર્વતીય વિસ્તારોના ઘરોના છાપરાં ઢાળવાળા શા માટે હોય છે?

(A) સુંદર દેખાવા

(B) બરફ અને વરસાદનું પાણી સહેલાઈથી નીચે સરી જાય તે માટે

(C) હવા વધુ આવે તે માટે

(D) ધાબુ ન બનાવવું પડે એટલે

173. બચેન્દ્રી પાલે માઉન્ટ એવરેસ્ટ પર ભારતનો રાષ્ટ્રધ્વજ લહેરાવ્યો. એવરેસ્ટ કયા દેશમાં આવેલું છે?

(A) ભારત

(B) ભૂતાન

(C) ચીન

(D) નેપાળ

174. પર્વતીય જંગલોમાં કયા પ્રકારના વૃક્ષો વધુ જોવા મળે છે?

(A) નળિયા જેવા પહોળા પાંદડાવાળા

(B) શંકુ આકારના  અને સોય જેવા પાંદડાવાળા

(C) માત્ર થોર

(D) વડ અને પીપળો

175. જો તમે પર્વતીય ગામમાં રહો છો, તો ઈંધણ માટે કયો શ્રેષ્ઠ પર્યાવરણપ્રેમી વિકલ્પ પસંદ કરશો?

(A) લીલાં વૃક્ષો કાપી અને તેને સુકવીને

(B) પ્લાસ્ટિક નો કચરો બાળીને

(C) કોલસો બાળવો

(D) સૌર ઉર્જા અથવા સૂકાં ખરેલાં લાકડાં

176 પર્વતીય વિસ્તારમાં વાહનવ્યવહાર માટે કયા પ્રાણીનો ઉપયોગ પરંપરાગત રીતે થાય છે?

(A) ઊંટ

(B) યાક અને ખચ્ચર

(C) હાથી

(D) બળદ

177. માઉન્ટ એવરેસ્ટને નેપાળમાં કયા નામે ઓળખવામાં આવે છે?

(A) ગૌરીશંકર

(B) સાગરમાથા

(C) કંચનજંઘા

(D) કે-૨

178. બચેન્દ્રી પાલનું જીવન આપણને કયો મુખ્ય સંદેશ આપે છે?

(A) છોકરીઓએ ઘરમાં જ રહેવું જોઈએ

(B માત્ર ભણતર જ જરૂરી છે

(C) પર્વતારોહણ બહુ ખતરનાક છે એટલે ન કરવું

(D) ) દ્રઢ નિશ્ચય, કઠોર પરિશ્રમ અને હિંમતથી સ્ત્રીઓ પણ અશક્ય લક્ષ્ય પ્રાપ્ત કરી શકે છે

179. બચેન્દ્રી પાલે એવરેસ્ટ પર કેટલો સમય વિતાવ્યો હતો?

(A) ૧ કલાક

(B) ૪૩ મિનિટ

(C) ૫ મિનિટ

(D) આખી રાત

180. બચેન્દ્રી પાલને ભારત સરકાર દ્વારા કયા નાગરિક સન્માનથી નવાજવામાં આવ્યા છે?

(A) પદ્મશ્રી અને પદ્મભૂષણ

(B) ભારત રત્ન

(C) વીર ચક્ર

(D) પરમવીર ચક્ર

181. વિભાગ 'અ' માં આપેલા સાધનને વિભાગ 'બ' માં દર્શાવેલા તેના સાચા વ્યવહારિક ઉપયોગ સાથે જોડો:

| **વિભાગ 'અ' (સાધન)** | **વિભાગ 'બ' (વ્યવહારિક ઉપયોગ)** |
|---|---|
| (૧) પિટોન (Pitons) | (A) શરીરની ગરમી જાળવી રાખવા અને રાત્રે ઊંઘવા માટે |
| (૨) સ્લીપિંગ બેગ | (B) ખડકોમાં ઠોકીને દોરડું બાંધવા માટે |
| (3 ) ક્રેમ્પોન્સ (Crampons) | (C) તીવ્ર સૂર્યપ્રકાશ અને બરફના અંધાપાથી બચવા |
| (૪) યુવી ગોગલ્સ | (D) બરફ પર લપસ્યા વગર મજબૂત પકડ જાળવવા માટે |

(A) (૧ - B), (૨ - A), (3 - C), (૪ - D)

(B)(૧ - C), (૨ - B), (3 - D), (૪ -A)

(C) (૧ - B), (૨ - A), (3 - D), (૪ - C)

(D)(૧ - B), (૨ - D), (3 - A), (૪ - C)

182. નીચે આપેલા વિધાનો ચકાસો અને સાચો વિકલ્પ પસંદ કરો:

૧. વિધાન ૧: તંબુની આસપાસ ખાડો (Trench) ખોદવાથી રાત્રે ઝેરી જીવજંતુઓ અંદર આવતા અટકે છે.

૨. વિધાન ૨: પર્વતો પર પાણીના સહેલાઈથી નિકાલ માટે સીડીદાર ખેતી (Terrace Farming) કરવામાં આવે છે.

(A) માત્ર વિધાન ૧ યોગ્ય છે.

(B) માત્ર વિધાન ૨ યોગ્ય છે.

(C) વિધાન ૧ અને વિધાન ૨ બંને યોગ્ય છે.

(D) વિધાન ૧ અને વિધાન ૨ બંને અયોગ્ય છે.

183. જો તમે જૂનાગઢના ઉપરકોટના કિલ્લાની મુલાકાતે જાઓ અને તેની વિશાળ દીવાલો જુઓ, તો પ્રાચીન સમયમાં આટલી બધી જાડી અને ઊંચી દીવાલો બનાવવાનું મુખ્ય તાર્કિક કારણ શું હોઈ શકે?

(A) કિલ્લાની શોભા વધારવા માટે

(B) દુશ્મનોના હુમલા સામે રક્ષણ મેળવવા અને દૂરથી દુશ્મનો પર નજર રાખવા માટે

(C) કિલ્લાની અંદર ઠંડક જાળવી રાખવા માટે

(D) પથ્થરોનો ઉપયોગ પૂરો કરવા માટે

184. કિલ્લાની દીવાલોમાં નાના-નાના કાણાં (ઝીંખો) રાખવામાં આવતા હતા. જો આ કાણાં ન હોત તો સૈનિકોને યુદ્ધ વખતે કઈ મુશ્કેલી પડત?

(A) પોતે સુરક્ષિત રહીને દુશ્મન પર નિશાન તાકી શકત નહીં

(B) કિલ્લામાં પૂરતો પ્રકાશ ન આવત

(C) કિલ્લામાં તાજી હવા ન આવી શકત

(D) સૈનિકો બહાર સંદેશો મોકલી શકત નહીં

185. કિલ્લાની અંદર વાવ, કૂવા અને તળાવો બનાવવામાં આવ્યા હતા. આ પરથી પ્રાચીન સમયના રાજાઓની કઈ દૂરદર્શિતા સ્પષ્ટ થાય છે?

(A) કિલ્લામાં સ્વિમિંગ પૂલની સુવિધા ઊભી કરવી

(B) લાંબા સમય સુધી ઘેરાબંધી થાય તો પણ પાણીની અછત ન સર્જાય

(C) કિલ્લાની સુંદરતામાં વધારો કરવો

(D) આસપાસના ગામડાઓને પાણી પૂરું પાડવું

186. પુરાતત્વશાસ્ત્રીઓ જૂના કિલ્લાઓ અને અવશેષોનું ખોદકામ કરીને અભ્યાસ કરે છે. આ અભ્યાસ આપણને કઈ રીતે ઉપયોગી થાય છે?

(A) તે સમયના લોકોનું જીવન, સંસ્કૃતિ, તકનીક અને ઇતિહાસ જાણવામાં મદદ કરે છે

(B) આપણને ભવિષ્ય ની આગાહી કરવામાં મદદ કરે છે

(C) નવો કિલ્લો કેવી રીતે બનાવવો તે શીખવે છે

(D) કિલ્લામાં છુપાયેલો ખજાનો શોધવામાં મદદ કરે છે

187. પ્રાચીન સમયમાં કાંસા (Bronze)ના વાસણો અને મૂર્તિઓ બનાવવામાં આવતી હતી. કાંસું એ કઈ બે ધાતુઓનું મિશ્રણ છે?

(A) લોખંડ અને સોનું

(B) તાંબુ અને ટીન

(C) ચાંદી અને પિત્તળ

(D) એલ્યુમિનિયમ અને જસત

188. નીલમ તોપ કઈ ધાતુ માંથી બનાવામાં આવી હતી ?

(A)લોખંડ
(B)તાંબુ
(C)કાંસુ
(D)આધુનિક સ્ટીલ

189. નીચે આપેલા વર્ણન પરથી ઓળખો:

"હું ઉપરકોટના કિલ્લામાં આવેલી એક વિશાળ તોપ છું. મારો ઉપયોગ મુસ્તફાબાદ (જૂનાગઢ) પર આક્રમણ વખતે થયો હતો અને મને દમણથી અહીં લાવવામાં આવી હતી." - આ કઈ તોપ છે?

(A) સુલતાન તોપ
(B) વિજય તોપ
(C) નીલમ તોપ
(D) સમ્રાટ તોપ

190. નીચેનામાંથી કઈ જોડી યોગ્ય રીતે જોડાયેલી છે?

(A) અડી-કડી - તોપ
(B) નીલમ - વાવ
(C) નવઘણ - કૂવો
(D) ઉપરકોટ - સુરતનો કિલ્લો

191. નીચે આપેલા વિધાનો ચકાસો અને સાચો વિકલ્પ પસંદ કરો:

વિધાન ૧: કિલ્લાની દીવાલો પર બનાવેલા 'ગઢ' કિલ્લાની શોભા વધારવા માટેના સુશોભન માત્ર હતા.

વિધાન ૨: ગઢની મદદથી સૈનિકો કિલ્લાની દીવાલ નજીક આવેલા દુશ્મનોને પણ સુરક્ષિત રીતે જોઈ શકતા હતા.

(A) વિધાન ૧ યોગ્ય છે અને વિધાન ૨ અયોગ્ય છે
(B) વિધાન ૧ અયોગ્ય છે અને વિધાન ૨ યોગ્ય છે
(C) બંને વિધાનો યોગ્ય છે
(D) બંને વિધાનો અયોગ્ય છે

192. પર્યાવરણીય અને જળ વ્યવસ્થાપનના સંદર્ભમાં નીચેના વિધાનોમાંથી કયું/કયા વિધાન યોગ્ય છે?

વિધાન A: પ્રાચીન સમયની વાવ એ માત્ર પાણી ભરી રાખવાની જગ્યા નથી, પરંતુ વરસાદી પાણીના સંચય (Rainwater Harvesting) ની ઉત્તમ પદ્ધતિ હતી.

વિધાન B: રેંટ દ્વારા પાણી ખેંચવામાં કોઈ પણ પ્રકારના બળતણ કે વીજળીનો વપરાશ થતો ન હોવાથી તે પ્રદૂષણમુક્ત પદ્ધતિ હતી.

(A) માત્ર વિધાન A યોગ્ય છે

(B) માત્ર વિધાન B યોગ્ય છે

(C) વિધાન A અને B બંને યોગ્ય છે

(D) વિધાન A અને B બંને અયોગ્ય છે

193. નીચેનામાંથી કઈ જોડી (વિધાન) અયોગ્ય છે તે ઓળખો:

(A) અડી-કડી વાવ - બે બહેનોના નામ પરથી ઓળખાતી વાવ

(B) કાંસું - તાંબા અને ટીનમાંથી બનતી મિશ્ર ધાતુ

(C) નીલમ તોપ - જૂનાગઢના ઉપરકોટ કિલ્લામાં આવેલી તોપ

(D) નવઘણ કૂવો - નદીમાંથી પાણી ખેંચવા માટે બનાવેલી નિક

194. પ્રાચીન સ્થાપત્ય અને તેની વ્યવહારિક ઉપયોગિતા:

| **વિભાગ 'અ' (સ્થાપત્ય)** | **વિભાગ 'બ' (વ્યવહારિક ઉપયોગિતા)** |
|---|---|
| (૧) અડી-કડી વાવ | (A) કિલ્લામાં અનાજનો લાંબા સમય સુધી સંગ્રહ કરવા |
| (૨) નવઘણ કૂવો | (B) પગથિયાં દ્વારા પાણી સુધી પહોંચવાની સુવિધા |
| (3) અનાજના કોઠાર | (C) ફરતે ઈંટોના પગથિયાં ધરાવતો ઊંડો કૂવો |
| (૪) રાણકદેવી મહેલ | (D) રાજપરિવારના નિવાસ અને વહીવટ માટેની જગ્યા |

(A) ૧-A, ૨-C, 3-B, ૪-D

(B) ૧-D, ૨-C, 3-A, ૪-B

(C) ૧-C, ૨-B, 3-D, ૪-A

(D) ૧-B, ૨-A, 3-C, ૪-D

195. કિલ્લાના નિર્માણ અને વ્યવસ્થા અંગે નીચેના વિધાનો ચકાસો:

વિધાન ૧: કિલ્લાના દરવાજા પર લોખંડના ખીલા દુશ્મનના હાથીઓને દરવાજો તોડતા અટકાવવા માટે જડવામાં આવતા હતા.

વિધાન ૨: કિલ્લાની અંદર માત્ર રાજા અને તેમના સૈનિકો જ રહેતા હતા, સામાન્ય પ્રજાને કિલ્લાની અંદર પ્રવેશ મળતો ન હતો.

(A) વિધાન ૧ અને ૨ બંને યોગ્ય છે

(B) વિધાન ૧ યોગ્ય છે અને વિધાન ૨ અયોગ્ય છે

(C) વિધાન ૧ અયોગ્ય છે અને વિધાન ૨ યોગ્ય છે

(D) બંને વિધાનો અયોગ્ય છે

196. પર્યાવરણીય સંચાલન અને પાણીના સ્ત્રોતો અંગે નીચેના વિધાનો ધ્યાને લો:

વિધાન A: વાવમાં પાણી સુધી પહોંચવા માટે પગથિયાં બનાવવામાં આવતા હતા જેથી પાણીનો બગાડ અટકે અને શિસ્તબદ્ધ ઉપયોગ થાય.

વિધાન B: કિલ્લામાં રેંટનો ઉપયોગ પાણીને નીચેથી ઊંચાઈ પર પહોંચાડવા માટે કરવામાં આવતો હતો.

(A) માત્ર વિધાન A યોગ્ય છે

(B) માત્ર વિધાન B યોગ્ય છે

(C) વિધાન A અને B બંને યોગ્ય છે

(D) બંને વિધાનો અયોગ્ય છે

197. નીલમ' અને 'માણેક' તોપ બાબતે કયું વિધાન તાર્કિક રીતે સાચું છે?

(A) આ તોપો માત્ર પ્રદર્શની માટે બનાવવામાં આવી હતી

(B) આ તોપો સુલતાન બહાદુરશાહના હુકમથી દમણથી લાવીને ઉપરકોટમાં ગોઠવવામાં આવી હતી

(C) આ તોપો પ્લાસ્ટિક અને લાકડામાંથી બનેલી હતી

(D) આ તોપનો ઉપયોગ માત્ર કિલ્લાની અંદર પાણી પહોંચાડવા થતો હતો

198. નીલમ તોપ જૂનાગઢના કિલ્લામાં ક્યાંથી લાવવામાં આવી હતી?

(A) સુરતથી

(B) દીવથી

(C) દમણથી

(D) ખંભાળિયાથી

199. ગીરનાર પર્વત પ્રાચીન સમય માં ક્યાં નામે ઓળખતા તો હતો ?

(A)અરવલ્લી

(B)રૈવતક

(C)ધોલાગીર

(D)વિંધ્ય

200. જો તમે પૃથ્વી પરથી અવકાશયાનમાં જાઓ છો, તો તમારા શરીરમાં નીચેનામાંથી કયો ફેરફાર અનુભવાશે?

(A) તમારું વજન વધી જશે

(B) તમારા વાળ નીચે તરફ લટકશે

(C) પાણીનો ગ્લાસ ઊંધો કરવા છતાં પાણી ઢોળાશે નહીં પણ ટીપાં રૂપે તરશે

(D) તમે જમીન પર સરળતાથી દોડી શકશો

201. પૃથ્વીના ગોળા (Globe) પર ભારત અને બ્રાઝિલ સામસામે આવેલા છે. છતાં બ્રાઝિલના લોકો નીચે પડી જતા નથી. આનું કારણ શું છે?

(A) પૃથ્વીના કેન્દ્ર તરફ લાગતું ગુરુત્વાકર્ષણ બળ

(B) ત્યાંના લોકો જમીન સાથે ચોંટેલા રહે છે

(C) પૃથ્વી ખૂબ ઝડપથી ફરે છે

(D) અવકાશનું દબાણ

202. પૂનમના દિવસે ચંદ્ર પૂરો ગોળ દેખાય છે, જ્યારે અમાસના દિવસે ચંદ્ર બિલકુલ દેખાતો નથી. આનું મુખ્ય પર્યાવરણીય કે વૈજ્ઞાનિક કારણ શું છે?

(A) ચંદ્ર પોતે પ્રકાશ ગુમાવે છે

(B) પૃથ્વી અને સૂર્ય સાપેક્ષે ચંદ્રનું સ્થાન બદલાતાં તેના પર પડતો સૂર્યપ્રકાશ પૃથ્વી પરથી અલગ-અલગ દેખાય છે

(C) અમાસના દિવસે વાદળો વધારે હોય છે

(D) ચંદ્ર પૃથ્વીની પાછળ છુપાઈ જાય છે

203. મનાલી કે લેહ-લદ્દાખ જેવા ખૂબ જ ઠંડા અને પહાડી વિસ્તારોમાં ઘરોની છત ઢાળવાળી અથવા સપાટ અને લાકડાની કેમ બનાવવામાં આવે છે?

(A) માત્ર સુંદરતા માટે

(B) બરફ અને વરસાદનું પાણી સરળતાથી વહી જાય અને લાકડું ઘરને ગરમ રાખે

(C) પહાડી પવનોથી ઘર તૂટી ન જાય માટે

(D) પથ્થર મોંઘા હોય છે માટે

204. ચાંગપા જાતિના લોકો 'રેબો' નામના શંકુ આકારના તંબુ બનાવે છે, જે યાકના વાળમાંથી વણેલી પટ્ટીઓથી બને છે. આ રચનાનો મુખ્ય ફાયદો શું છે?

(A) તે તંબુને અત્યંત ઠંડા પવનથી રક્ષણ આપે છે

(B) તે વરસાદમાં ઓગળી જાય છે

(C) તે વજનમાં ખૂબ ભારે હોવાથી ખસેડી શકાતો નથી

(D) તે માત્ર ઉનાળામાં વપરાય છે

205. તાસ્સીના બે માળના ઘરમાં નીચેના માળે બારીઓ હોતી નથી. આ સ્થાપત્ય પાછળનું તાર્કિક કારણ શું છે?

(A) ચોરી થવાનો ડર

(B) અંધારું રાખવા માટે

(C) શિયાળામાં પ્રાણીઓ અને ઘરને તીવ્ર ઠંડીથી બચાવવા

(D) દીવાલો નબળી ન પડે માટે

206. પશ્મિના શાલ બનાવવામાં ૬ સામાન્ય સ્વેટર જેટલી ગરમી હોય છે અને તે ખૂબ જ પાતળી હોય છે. આ શાલ કયા પ્રાણીના ઊનમાંથી બને છે જે ખૂબ ઊંચાઈ પર રહે છે?

(A) ઘેટું

(B) ખાસ પ્રકારની પહાડી બકરી

(C) ઊંટ

(D) યાક

207. ધરતીકંપ (ભૂકંપ) આવે ત્યારે જો તમે મકાનની અંદર ફસાઈ જાઓ, તો સુરક્ષાની દ્રષ્ટિએ તાત્કાલિક શું કરવું જોઈએ?

(A) લિફ્ટનો ઉપયોગ કરીને નીચે ભાગવું

(B) ઘરના કોઈ મજબૂત ટેબલ કે પલંગ નીચે બેસી જવું અને માથું ઢાંકવું

(C) બારી પાસે ઊભા રહેવું

(D) કાચના કબાટ પાસે ઊભા રહેવું

208. ધરતીકંપ પછી પુનઃવસન માટે આર્કિટેક્ટ્સ (ઈજનેરો) એવા ઘરોની ડિઝાઈન સૂચવે છે જે ભૂકંપ-અવરોધક હોય. આવા ઘરોમાં મુખ્યત્વે કઈ બાબતનું ધ્યાન રખાય છે?

(A) ઘર ખૂબ ઊંચા બનાવવામાં આવે છે

(B)માત્ર સિમેન્ટ અને કાચ વાપરવા માં આવે છે

(C) હળવા મટિરિયલ, લાકડું અને વાંસનો ઉપયોગ કરી લવચીક માળખું બનાવાય છે

(D) દીવાલો ખૂબ જાડી અને ભારે બનાવાય છે

209. આપત્તિ સમયે રાહત છાવણીઓમાં ચેપી રોગો ન ફેલાય તે માટે આરોગ્ય વિભાગે સૌપ્રથમ કઈ વ્યવસ્થા કરવી જોઈએ?

(A) મનોરંજનના સાધનો પૂરા પાડવા

(B) પીવાના સ્વચ્છ પાણી અને વિષસંક્રમિત (Sanitized) શૌચાલયોની વ્યવસ્થા કરવી

(C) બધાને નવા કપડાં આપવા

(D) મોંઘી દવાઓ વહેંચવી

210. શિયાળામાં જ્યારે તમે કાચના ચશ્મા પર મોં વડે ફુંક મારો છો, ત્યારે કાચ ઝાંખો થઈ જાય છે. આ ઘટના પાછળનું વૈજ્ઞાનિક કારણ શું છે?

(A) ઉચ્છવાસમાં રહેલી વરાળ ઠંડા કાચ પર ઠરીને પાણીના સૂક્ષ્મ ટીપાં બનાવે છે

(B) મોંમાંથી ધૂળના કણો બહાર આવે છે

(C) કાચ ગરમ થઈ જાય છે

(D) શ્વાસમાં રહેલો ઓક્સિજન કાચ સાથે પ્રક્રિયા કરે છે

211. કઠોળ કે ચા ને ઝડપથી ઠંડી કરવા માટે આપણે તેના પર ફૂંક મારીએ છીએ. અહીં ફૂંક મારવાથી શા માટે પ્રવાહી ઠંડુ થાય છે?

(A) મોંમાંથી બહાર આવતી હવાનું તાપમાન ગરમ ચા કરતાં ઓછું હોય છે

(B) મોંમાંથી બરફના કણો નીકળે છે

(C) ફૂંક મારવાથી વાસણ મોટું થઈ જાય છે

(D) પ્રવાહી ઉકળવા લાગે છે

212. ડૉક્ટર તમારા છાતીના ધબકારા માપવા માટે 'સ્ટેથોસ્કોપ' નો ઉપયોગ કરે છે. આ સાધન કયા સિદ્ધાંત પર કામ કરે છે?

(A) અવાજનું પ્રસારણ અને અવાજનું મોટું થવું

(B) લોહીનું તાપમાન માપવું

(C) ફેફસાંની હવા બહાર ખેંચવી

(D) હૃદયની ગતિ રોકવી

213. ગાંધીજીના મતે "સ્વચ્છતા એ સેવા છે". આ વિધાનને આધારે સમાજમાંથી કઈ સામાજિક બદી દૂર કરવી અનિવાર્ય છે?

(A) ગરીબી

(B) જાતિ આધારિત ભેદભાવ અને અસ્પૃશ્યતા

(C) મોંઘવારી

(D) બેરોજગારી

214. તમારી શાળાના શૌચાલય અને વર્ગખંડને સ્વચ્છ રાખવા માટે વિદ્યાર્થી તરીકે તમારી શ્રેષ્ઠ ભૂમિકા કઈ હોઈ શકે?

(A) સફાઈ કામદારની રાહ જોવી

(B) કચરો ગમે ત્યાં ફેંકવો

(C) કચરો સંગ્રહ કરવા માટે કચરાપેટીનો જ ઉપયોગ કરવો અને ઉપયોગ પછી શૌચાલયમાં પાણી રેડવું

(D) વર્ગખંડ સાફ કરવાની ના પાડવી

215. કચરાના યોગ્ય નિકાલ માટે લીલી અને વાદળી કચરાપેટીનો ઉપયોગ થાય છે. તો શાકભાજીના છોતરાં અને ફળોની છાલ કઈ કચરાપેટીમાં નાખવા જોઈએ?

(A) વાદળી (સૂકો કચરો)

(B) લીલી (ભીનો કચરો - જૈવ વિઘટનીય)

(C) લાલ (જોખમી કચરો)

(D) કાળી કચરાપેટી

216. નાગપાડા બાસ્કેટબોલ એસોસિએશનની ટીમમાં છોકરીઓએ રમત રમીને સમાજની કઈ રૂઢિચુસ્ત દીવાલ તોડી?

(A) આર્થિક અસમાનતા

(B) વાય મર્યાદા

(C) ભાષાકીય ભેદભાવ

(D)લિંગ ભેદભાવ (જેન્ડર અસમાનતા)

217. એક ટીમ તરીકે રમતી વખતે વિજય મેળવવા માટે સૌથી મહત્વનું પરિબળ કયું છે?

(A) ખેલાડીઓનું વ્યક્તિગત પ્રદર્શન

(B) ટીમ ભાવના (Team Spirit) અને પરસ્પર સહયોગ

(C) મોંઘા રમતગમતના સાધનો

(D) કેપ્ટનનો દબદબો

218. રમતો રમવાથી બાળકમાં કયા સામાજિક મૂલ્યનો વિકાસ થાય છે?

(A) એકબીજાને હરાવવાની ઈર્ષ્યા

(B) માત્ર નિયમો તોડવાની વૃતિ

(C)શિસ્ત, સહનશીલતા અને જૂથભાવના

(D) એકલા રહેવાની ટેવ

219. સુગણાના ગામમાં પીવાના પાણીની અછત હતી, છતાં વોટરપાર્કમાં પાણીનો ભવ્ય બગાડ થઈ રહ્યો હતો. આ પરિસ્થિતિ શું દર્શાવે છે?

(A) પાણીનું સમાન વિતરણ

(B) જળ સંસાધનોનું અસમાન વિતરણ અને વ્યવસ્થાપનની ખામી

(C) વોટરપાર્કનું આર્થિક મહત્વ

(D) વરસાદની અછત

220. ઝાડા અને ઉલટી થાય ત્યારે શરીરમાંથી પાણી અને ક્ષારો ખૂબ ઓછાં થઈ જાય છે. આ સમયે પ્રાથમિક ઉપચાર તરીકે દર્દીને શું આપવું જોઈએ?

(A) માત્ર ઠંડુ દૂધ

(B) ઓ.આર.એસ. (ORS - ઉકાળેલા પાણીમાં ખાંડ અને મીઠાનું મિશ્રણ)

(C) ઘન ખોરાક

(D) સાદો સોડા

221. દૂષિત પાણી પીવાથી નીચેનામાંથી કયો રોગ થવાની શક્યતા સૌથી વધુ છે?

(A) મેલેરિયા

(B) ટીબી

(C) ડેન્ગ્યુ

(D) કમળો અને ટાઈફોઈડ

222. ચોમાસામાં કૂવા કે બોરના પાણીને પીવા યોગ્ય અને જીવાણુમુક્ત બનાવવાની સૌથી સુરક્ષિત અને સરળ ઘરગથ્થુ પદ્ધતિ કઈ છે?

(A) પાણીને કપડાથી ગાળવું

(B) પાણીને ૧૦-૧૫ મિનિટ ઉકાળીને ઠંડુ પાડવું

(C) પાણીમાં ખાંડ ઉમેરવી

(D) પાણીને તડકામાં રાખવું

223. જૂના જમાનામાં ખેડૂતો બીજને સાચવવા માટે કિંગરી (દૂધી) ના સૂકા પોલાણમાં બીજ ભરીને તેના પર શેનું પડ લગાવતા હતા?

(A) સિમેન્ટનું

(B) લીંપણ (માટી અને છાણ) નો ગારો

(C) પ્લાસ્ટિકનું

(D) મીણનું

224. રાસાયણિક ખાતરો અને કીટકનાશકોનો વધુ પડતો ઉપયોગ કરવાથી જમીન પર લાંબા ગાળે કઈ વિપરીત અસર થાય છે?

(A) જમીનની ફળદ્રુપતા ઘટે છે અને જમીન અનુપજાવ બને છે

(B) જમીન વધુ નરમ બને છે

(C) પાકને ક્યારેય પાણીની જરૂર પડતી નથી

(D) જમીનમાં અળસિયાં વધે છે

225. અળસિયાંને "ખેડૂતના મિત્ર" શા માટે કહેવામાં આવે છે?

(A) તે પાકને ખાનાર જીવડાંને ખાઈ જાય છે

(B) તે જમીનમાં પોલાણ બનાવી જમીનને છિદ્રાળુ અને ફળદ્રુપ બનાવે છે

(C) તે પાકને રક્ષણ આપે છે

(D) તે જમીનમાંથી પાણી શોષી લે છે

226. 'ભાસ્કરભાઈની સેન્દ્રીય ખેતી (ઓર્ગેનિક ફાર્મિંગ)' માં કચરા માંથી ખાતર બનાવવાની કઈ પદ્ધતિ વપરાય છે?

(A) રાસાયણિક પ્રક્રિયા

(B) પાંદડા, છાણ અને અળસિયાં દ્વારા દેશી કમ્પોસ્ટ ખાતર

(C) પ્લાસ્ટિક સળગાવીને

(D) ફેક્ટરીમાં બનાવેલું ખાતર

227. સૂર્યમણિનું 'તોરાંગ' કેન્દ્ર કઈ આદિવાસી સંસ્કૃતિ અને ભાષાને બચાવવા માટે કાર્યરત છે?

(A) કુકડી

(B) કુડુક (Kuduk)

(C) ભીલી

(D) સંથાલી

228. 'જંગલ હક્ક કાયદો - ૨૦૦૭' (Forest Rights Act 2007) અનુસાર જે લોકો જંગલમાં ઓછામાં ઓછા કેટલા વર્ષથી રહે છે, તેમને જંગલની જમીન પર હક્ક મળે છે?

(A) ૧૦ વર્ષ

(B) ૨૫ વર્ષ

(C) ૫૦ વર્ષ

(D) ૫ વર્ષ

229. મિઝોરમમાં થતી 'ઝૂમ ખેતી' (Jhoom Farming) ની મુખ્ય ખાસિયત કઈ છે?

(A) દર વર્ષે એક જ જમીન પર રાસાયણિક ખાતર નાખીને ખેતી કરવી

(B) એક પાક લીધા પછી જમીનને થોડા વર્ષો માટે પડતર રાખવી અને ઉગેલા વાંસ/ઘાસને બાળીને રાખ ખાતર તરીકે વાપરવી

(C) ટ્રેક્ટરથી ઊંડી ખેડ કરવી

(D) માત્ર બારમાસી પાક લેવા

230. જંગલો ઘટી જવાને કારણે નીચેનામાંથી કઈ પર્યાવરણીય આપત્તિનું જોખમ વધી જાય છે?

(A) ગ્લોબલ વોર્મિંગ (વૈશ્વિક તાપમાન વૃદ્ધિ)

(B) જમીનનું ધોવાણ

(C) અનિયમિત વરસાદ

(D) ઉપર આપેલ તમામ

231. આંખનો રંગ, વાળનું બંધારણ કે અવાજ જેવા લક્ષણો બાળકોને તેમના માતા-પિતા કે પૂર્વજો તરફથી મળે છે. આ લક્ષણોને શું કહેવાય છે?

(A) અર્જિત લક્ષણો

(B) અનુવંશિક (આનુવંશિક) લક્ષણો

(C) સામાજિક લક્ષણો

(D) પર્યાવરણીય લક્ષણો

232. ગ્રેગર મેન્ડલે વટાણાના છોડ પર પ્રયોગો કરીને જનીનશાસ્ત્રના નિયમો આપ્યા. તેમણે વટાણાના છોડમાં કઈ ખાસિયત જોઈ હતી?

(A) વટાણાના છોડમાં લક્ષણો જોડમાં હોય છે (જેમ કે છોડ ઊંચો કે છોડ છોટો)

(B) તે ખૂબ મોંઘા હોય છે

(C) તે માત્ર શિયાળામાં થાય છે

(D) તેના છોડ ક્યારેય મરતા નથી

233. પોલિયો એ વાયરસથી થતો રોગ છે. તે કોઈને વારસામાં મળતો નથી. તો પોલિયોથી બચવા માટે બાળકોને બાળપણમાં શું આપવું જરૂરી છે?

(A) વિટામિનની ગોળીઓ

(B) પોલિયો રસીના ટીપાં (OPV)

(C) માત્ર પૌષ્ટિક આહાર

(D) એન્ટિબાયોટિક્સ

234. ધાણુનો પરિવાર અને ગામના અન્ય લોકો શેરડીના ખેતરોમાં કામ કરવા માટે સ્થળાંતર કરે છે. આ સ્થળાંતરની સૌથી મોટી માઠ અસર કોના પર પડે છે?

(A) ઘરના બુઝુર્ગો પર

(B) બાળકોના શિક્ષણ પર (શાળા છૂટી જવી)

(C) ફેક્ટરીના માલિકો પર

(D) વાહન વ્યવહાર પર

235. મુકાદમ (મુકાદમ/એજન્ટ) ખેડૂતોને દેવું આપે છે અને બદલામાં તેમની પાસે શું કરાવે છે?

(A) વેપાર

(B) વેતન વિના કે ઓછા વેતને મજૂરી

(C) સરકારી નોકરી

(D) શિક્ષણ પૂરું પાડવું

236. સ્થળાંતર કરતા મજૂરોના બાળકો માટે સરકારે કઈ શૈક્ષણિક વ્યવસ્થા ઊભી કરવી જોઈએ જેથી તેમનો અભ્યાસ ન બગાડે?

(A) ઘરે ઘરે જી શિક્ષણ આપવું

(B) બસ મોકલવી

(C) ઓનલાઈન શિક્ષણ અથવા મોબાઈલ સંજીવની શાળા/રાત્રી શાળા

(D) તેમને શાળામાંથી નામ કમી કરવું

237. આપણી કુદરતી સંપત્તિ જળ, જંગલ અને જમીનને બચાવવા માટે '3 R' (Reduce, Reuse, Recycle) નો સિદ્ધાંત ઉપયોગી છે. કચરામાંથી નવી વસ્તુ બનાવવી એ કયા 'R' નો અર્થ છે?

(A) Reduce (ઘટાડો)

(B) Reuse (પુનઃઉપયોગ)

(C) Recycle (પુનઃચક્રણ)

(D) Refuse (ના પાડવી)

238. ખોરાકનો બગાડ અટકાવવા માટે નીચેનામાંથી કઈ ટેવ યોગ્ય છે?

(A) થાળીમાં જરૂર જેટલું જ ભોજન લેવું

(B) વધેલો ખોરાક કચરાપેટીમાં ફેંકી દેવો

(C) વધારે પડતો ખોરાક રાંધવો

(D) હોટેલમાંથી લાવેલો ખોરાક ખુલ્લો રાખવો

239. એક ટ્રાફિક જંકશનનું ચિત્ર છે જ્યાં ગાડીઓનો ધુમાડો અને હોર્નનો અવાજ છે]

આ  પરિસ્થિતિ કયા બે પ્રકારના પ્રદૂષણનું પ્રતિનિધિત્વ કરે છે?

(A) જળ અને જમીન પ્રદૂષણ

(B) હવા અને ધ્વનિ (અવાજ) પ્રદૂષણ

(C) કિરણોત્સર્ગી અને તેલીય પ્રદૂષણ

(D) માત્ર વાયુ પ્રદૂષણ

240. પાણીની બોટલ, પ્લાસ્ટિકની કોથળી અને શાકભાજીના છોતરાં દાટેલા ખાડાનું ચિત્ર બાળક ને બતાવામાં આવે છે. ૬ મહિના પછી ખાડો ખોદતાં કઈ વસ્તુ તેના મૂળ સ્વરૂપમાં જ જોવા મળશે?

(A) શાકભાજીના છોતરાં

(B) સૂકા પાંદડા

(C) પ્લાસ્ટિકની કોથળી અને બોટલ

(D) કાગળના ટુકડા

241. એક છોડને કાળા કાગળથી સંપૂર્ણ ઢાંકી દેવામાં આવ્યો છે અને બીજા છોડને તડકામાં રાખ્યો છે]

૧ અઠવાડિયા પછી કાળા કાગળથી ઢાંકેલા છોડમાં કયો ફેરફાર જોવા મળશે?

(A) છોડ વધુ લીલો થશે

(B) પ્રકાશસંશ્લેષણ ન થવાથી છોડ પીળો પડી જશે અને મુરઝાઈ જશે

(C) છોડની ઊંચાઈ બમણી થશે

(D) છોડ પર વધુ ફૂલો આવશે

242. સોલાર કૂકર અને એલપીજી ગેસ સ્ટવનું ચિત્ર બાળક ને બતાવ માં આવે છે.

સોલાર કૂકરનો ઉપયોગ કરવાથી કયા ઊર્જા સ્ત્રોતની બચત થાય છે?

(A) અશ્મિભૂત બળતણ (એલપીજી/ગેસ)

(B) સૂર્યપ્રકાશ

(C) પવન ઊર્જા

(D) પાણી

243. લદ્દાખના પહાડી ઘરોની દીવાલો માટી અને પથ્થરથી બનેલી હોય છે. આ બાંધકામ પાછળનું મુખ્ય કુદરતી કારણ શું છે?

(A) ત્યાં સિમેન્ટ મળતો નથી

(B) તે ભૂકંપ અને અતિશય ઠંડી સામે કુદરતી ઇન્સ્યુલેશન (ગરમી) પૂરું પાડે છે

(C) પથ્થરો મફતમાં મળે છે

(D) ત્યાં માત્ર ઉનાળો હોય છે

244. નીચેનામાંથી કઈ જોડી પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્ય માટે સૌથી વધુ હાનિકારક છે?

(A) જૈવિક ખાતર અને કમ્પોસ્ટ

(B) સિંગલ-યુઝ પ્લાસ્ટિક અને થર્મોકોલ

(C) સુતર કાપડ અને શણની થેલીઓ

(D) માટીના વાસણો અને કાગળ

245. જ્યારે ભૂકંપ આવે ત્યારે બહુમાળી મકાન (Apartment) માં રહેતા વ્યક્તિએ શા માટે લિફ્ટનો ઉપયોગ ન કરવો જોઈએ?

(A) લિફ્ટમાં ગરમી લાગે છે

(B) લિફ્ટમાં ફસાઈ જવાનું કે નીચે પડવાનું જોખમ રહે છે

(C) લિફ્ટ ધીમે ચાલે છે

(D) સીડીઓ વાપરવી મોંઘી છે

246. મિઝોરમમાં 'ચિરાઉ' (Cheraw) ડાન્સ ક્યારે કરવામાં આવે છે?

(A) લગ્ન પ્રસંગે

(B) લણણી (પાક કાપણી) ના ઉત્સવ ઉજવવા માટે

(C) ભૂકંપ આવ્યા પછી

(D) વરસાદ લાવવા માટે

247. પહાડી વિસ્તારોમાં ઓક્સિજન સિલિન્ડર સાથે રાખવું પડે છે, કારણ કે:

(A) ઊંચાઈ પર જતાં હવાનું દબાણ અને ઓક્સિજનનું પ્રમાણ ઘટે છે

(B) ત્યાં હવા વધારે હોય છે

(C) ત્યાં ખૂબ ગરમી હોય છે

(D) પહાડો પર વાદળો હોય છે

248. રમેશે એ નોંધ્યું કે તેના ઘરમાં દૂધ ખુલ્લું રાખવાથી ઝડપથી બગડી જાય છે, પરંતુ તેને ઉકાળીને ફ્રીજમાં રાખવાથી ર દિવસ સારું રહે છે. આ પ્રક્રિયા સૂક્ષ્મજીવો વિશે શું દર્શાવે છે?

(A) સૂક્ષ્મજીવો ઊંચા અને નીચા તાપમાને નિષ્ક્રિય થાય છે કે નાશ પામે છે

(B) દૂધમાં બરફ બની જાય છે

(C) ફ્રીજમાં પ્રકાશ નથી હોતો

(D) દૂધ પાણી બની જાય છે

249. ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં મીઠું પકવવામાં આવે છે. મીઠું બનાવવાની આ પ્રક્રિયા કઈ ભૌતિક ઘટના પર આધારિત છે?

(A) ઘનીભવન

(B) બાષ્પીભવન (સૂર્યપ્રકાશથી પાણી વરાળ બની ઊડી જાય છે)

(C) ગલન

(D) ઉત્સર્જન

250. 'પર્સનલ પ્રોટેક્ટિવ ઇક્વિપમેન્ટ' અથવા સફાઈ કરતી વખતે હાથમોજાં (Gloves) અને માસ્ક પહેરવું શા માટે જરૂરી છે?

(A) ફેશન માટે

(B) ઠંડી થી બચવા

(C) હાથ ગંદા ન થાય તે માટે માત્ર

(D) ચેપ, જીવાણુઓ અને ઝેરી વાયુઓથી રક્ષણ મેળવવા

**ANSWER KEY**

| પ્રશ્ન | જવાબ | પ્રશ્ન | જવાબ |
|---|---|---|---|
| 1 | (C) તેના મનને તે ગંધની આદત પડી ગઈ છે. | 2 | (B)ખોરાકમાંથી અસામાન્ય ગંધ કે વાસ આવે છે કે નહીં તે ચકાસવું |
| 3 | (C) 6 મીટર | 4 | (B) મોટાભાગના પક્ષીઓની આંખોની કીકીઓ (Pupils) સ્થિર હોય છે અને હલી શકતી નથી, તેથી આજુબાજુનો વિસ્તાર જોવા માટે તેમને ગરદન જ ફેરવવી પડે છે |
| 5 | (C) ઘુવડ | 6 | (B) તેમની દ્રષ્ટિ મનુષ્ય કરતાં ચાર ગણી વધુ શક્તિશાળી અને તીક્ષ્ણ હોય છે. |
| 7 | (D) તેઓ પોતાના સાથી પ્રાણીઓને સંકટ વિશે ચેતવણી આપે છે. | 8 | (A) ) વન્ય જીવોનું શિકારીઓથી રક્ષણ કરવા અને તેમના કુદરતી નિવાસસ્થાનને બચાવવા. |

| | | | |
|---|---|---|---|
| 9 | (D) ગીર રાષ્ટ્રીય ઉદ્યાન | 10 | (B) તે વસ્તુનું ચોક્કસ અંતર અને ઊંડાઈ પારખી શકે છે. |
| 11 | (A) પ્રાણીઓ તથા પર્યાવરણ બંને ને નુકશાન થશે. | 12 | (B) તેઓ જમીન પર પડેલા મૃત પ્રાણીઓ (સડેલા માંસ) ને ખાઈને પર્યાવરણને રોગચાળાથી બચાવે છે. |
| 13 | (A) પક્ષીઓના આ કુદરતી સંકેત (ચેતવણી) ને સમજીને સુરક્ષિત જગ્યાએ જતા રહેવું જોઈએ | 14 | (D) ઝૂ માં પ્રાણીઓ પાંજરામાં કેદ હોય છે, જ્યારે અભયારણ્યમાં તેઓ મુક્ત કુદરતી વાતાવરણમાં ફરે છે. |
| 15 | (C) મરીન નેશનલ પાર્ક (જામનગર) | 16 | (D) ચિત્ર ૪ |
| 17 | (B) પતંગિયા દિવસ દરમિયાન જાગતા પ્રાણી/કીટક છે, જ્યારે ચામાચીડિયાં નિશાચર (રાત્રે જાગનારા) છે | 18 | (B) ઘુવડ, ચામાચીડિયું, અજગર |
| 19 | (C) સાપ - મોટો બહારનો કાન | 20 | (A) ત્વચાની સંવેદના ચેતા ક્ષણિક ધીમી પડે છે |
| 21 | (C) તેમની આંખોની કીકીઓ ખૂબ ઝડપથી ગોળ ગોળ ફરે છે | 22 | (A) ૧-C, ૨-D, 3-A, ૪-B |
| 23 | A) ૧-C, ૨-D, 3-A, ૪-B | 24 | (A) માત્ર ૧ અને ૨ |
| 25 | (B) માત્ર ૧ અને 3 | 26 | (B) માત્ર ૧, ૨ અને ૪ |
| 27 | (C) સાંપ જમીન દ્વારા આવતા કંપનો અનુભવે છે અને બીનની ગતિવિધિ પર નજર રાખે છે | 28 | (A) ઉંદરના શરીરની ગરમી (તપમાન) અને કંપન અનુભવવાની સંવેદના દ્વારા |
| 29 | (B) જીભ દ્વારા તે વાતાવરણમાં રહેલા ગંધના કણો એકત્ર કરી ગંધ પારખે છે | 30 | (D) કરડેલી જગ્યાએ મો વડે સાંપ નું ઝેર ચૂસી બહાર કાઢવું. |

| | | | |
|---|---|---|---|
| 31 | (A) તેમાં સાંપ જેવા વળાંકો અને સરકવાની હલનચલન હોય છે | 32 | (D) સુકાયેલી દૂધી માંથી |
| 33 | (B) ના, કારણ કે તેના સુધી બીનના અવાજના કંપનો પહોંચતા નથી | 34 | (A) ૪ પ્રકારના |
| 35 | (B) નાગ , કરૈત , રસેલ વાઈપર (ખડચિતળો), સો-સ્કેલ્ડ વાઈપર (ફુરસા) | 36 | (B) કરૈત (Krait) |
| 37 | (C) રસેલ વાઈપર (ખડચિતળો) | 38 | (C) તે પાકને નુકસાન પહોંચાડતા ઉંદરોને ખાઈ જાય છે |
| 39 | (C) તીતીઘોડો | 40 | (a) માત્ર આકૃતિ A |
| 41 | (C) સાંપ અને ગરુડ | 42 | (B) શાંતિથી પાછળ ખસી જવું અને સાંપને તેનો રસ્તો કરવા દેવો |
| 43 | (B) સાંપ એક પેઢીથી બીજી પેઢીને વારસામાં મળતી આજીવિકા અને જ્ઞાનનો સ્રોત છે | 44 | (C) સાંપ |
| 45 | (D) તેમાં સાંપના સરકવાના અને હલનચલન જેવા વળાંકો અને સ્ટેપ્સ હોય છે | 46 | (D) રોગોના ઉપચાર માટેની કુદરતી ઔષધિઓ |
| | | | |
| 47 | (C) કરૈત (Krait) | 48 | (B) તેની આંખો પર પારદર્શક સ્તર (પડદો) હોય છે અને પાંપણો હોતી નથી |
| 49 | (A) દેશ-વિદેશમાં સાંસ્કૃતિક લોકનૃત્ય અને સંગીતના પ્રોગ્રામ યોજે છે | 50 | (C) સાંપ પ્રત્યેનો ભય, માનસિક ગભરાટ અને અંધશ્રદ્ધા |

| | | | |
|---|---|---|---|
| 51 | (B) (૧)-(ii), (૨)-(iii), (૩)-(i) | 52 | (D) સાંપના ડંખથી બચવા માટેની 'એન્ટી-વેનમ' દવા સાંપના ઝેરમાંથી જ બનાવવામાં આવે છે. |
| 53 | (B)શરદીમાં નાક બંધ હોવાથી ગંધ પારખી શકાતી નથી. | 54 | (A) રોટલી/ભાત (કાર્બોહાઇડ્રેટ) |
| 55 | (C) ગળ્યો, ખારો, ખાટો, કડવો | 56 | (D) જઠરની દીવાલોનું સંકોચન અને પાચક રસોની હિલચાલ થાય છે |
| 57 | (A) ચિંતા કે માનસિક તાણ વખતે પાચક રસોનું સ્ત્રાવ અનિયમિત કે ઓછો થઈ જાય છે | 58 | (B) ખાંડ અને મીઠું યોગ્ય પ્રમાણમાં |
| 59 | (C) નાનું આંતરડું | 60 | (B) અપાચિત ખોરાકમાંથી પાણી અને ક્ષારોનું શોષણ |
| 61 | (B) મોં -> અન્નનળી -> જઠર -> નાનું આંતરડું > મોટું આંતરડું | 62 | (C) એનિમીયા (પાંડુરોગ) |
| 63 | (B) દરેક બાળકને સાર્વત્રિક પોષણયુક્ત અને સંતુલિત આહાર મળી રહે | 64 | (C) ટેરવા/આગળના ભાગ |
| 65 | (D) જીભના પાછળના ઊંડા ભાગે | 66 | (D) જઠર પર |
| 67 | (C) આમળાં | 68 | (B) વાવણી -> લણણી -> થ્રેશિંગ -> દળવું -> લોટ બાંધવો -> રોટલી વણવી અને શેકવી |
| 69 | (C) મીઠું અને તેલ કુદરતી સંરક્ષક તરીકે કામ કરી શૂક્ષ્મજીવોને પનપવા દેતા નથી | 70 | (C) તેમાં ભેજનું પ્રમાણ નહિવત (નજીવું) હોય છે |
| 71 | (C) ડુંગળી કે ફુદીનો | 72 | (C) દાળ બગડી ગઈ હોવાથી તેને ફેંકી દેવી અને આહારમાં ન લેવી |

| | | | |
|---|---|---|---|
| 73 | (C) દાળ બગડી ગઈ હોવાથી તેને ફેંકી દેવી અને આહારમાં ન લેવી | 74 | (C) લીલા ધાણા ➔ ખુલ્લા અને સૂકા વાતાવરણમાં રાખવા |
| 75 | (A) આ ખોરાક શાકાહારી છે | 76 | (B) આ ખોરાક માંસાહારી છે |
| 77 | (B) સુકી પુરી, ખાખરા અને થાપલી/થેપલા | 78 | (C) ૪ અઠવાડિયા |
| 79 | (B) તાડના ઝાડના પાંદડા અને વાંસના થાંભલા | 80 | (C) નાઈટ્રોજન |
| 81 | (B) તેને ભીના સુતરાઉ કાપડમાં વીંટાળીને રાખવા | 82 | (C) તાપમાન નીચું રાખીને બેક્ટેરિયાની સક્રિયતા ઘટાડીને |
| 83 | (B) શાકભાજીને સુકાઈ જતા અટકાવવા અને તાજા રાખવા | 84 | (A) પર્યાવરણીય જાગૃતિ અને પ્રદૂષણ નિયંત્રણ |
| 85 | (C) પાલક | 86 | (B) બટાટા |
| 87 | (D) અથાણામાં ફુગ ઊગવાની અને બગડી જવાની શક્યતા વધી જશે | 88 | (B) જૈવિક ખાતર (Compost) બને છે |
| 89 | (A) પ્લાસ્ટિક કચરામાં ઘટાડો અને સંસાધનોની બચત | 90 | (C)આ બ્રેડ ખાવા લાયક નથી |
| 91 | (B) (૧-B), (૨-C), (3 -A), (૪-D) | 92 | (C)1-B,2-A,3-D,4-C |
| 93 | (C)તેનો મુખવાસ બનાવા માટે | 94 | (C) ભેજવાળા ભીના કાપડ કે રૂમાં વીંટાળીને ખુલ્લી હવામાં |
| 95 | (B) હવા, પાણી અને અનુકૂળ તાપમાન | 96 | (B) ચણા, તુવેર, મગ, વાલ |
| | | | |
| 97 | (C) મકાઈ, ઘઉં, ચોખા, જુવાર | 98 | (B) પીળાશ પડતો કે પાતળો-નબળો |
| 99 | (D) તલ | 100 | (A) તે કદમાં ખૂબ જ નાના અને લીસા હોય છે |

| | | | |
|---|---|---|---|
| 101 | (B) બટાટા | 102 | (C) પાણીના પ્રવાહ દ્વારા |
| 103 | (B) દક્ષિણ અમેરિકામાંથી પોર્ટુગીઝ વેપારીઓ ભારતમાં લાવ્યા હતા | 104 | (A) કેરી, કેળાં, જાંબુ, કારેલા, રીંગણ |
| 105 | (B) પવન | 106 | (B) ગ્લાસ ૨ |
| 107 | (D) કાળા મરી (મરી) | 108 | (A) ૧-B, ૨-D, ૩-A, ૪-C |
| 109 | (B) ચિત્ર A નો છોડ | 110 | C) નવ તળાવોની શૃંખલા |
| 111 | B) કુદરતી ઢાળ અને નહેરોના માધ્યમથી ગુરુત્વાકર્ષણ દ્વારા | 112 | C) સામાન્ય લોકો, વ્યાપારીઓ અને ધનિક નાગરિકોના સહયોગથી |
| 113 | A) લોકો પ્રાચીન જ્ઞાન ભૂલીને પાણીનો બગાડ કરે છે | 114 | A) પાટણ |
| 115 | B) વર્લ્ડ હેરિટેજ સાઈટ (વિશ્વ વારસો) | 116 | B) કુદરતી ઝરણાં (ધારા) અને નદીઓમાંથી |
| 117 | A) રેઈન વૉટર હાર્વેસ્ટિંગ (વરસાદી પાણીનો સંગ્રહ) | 118 | B) રેઈનવોટર હાર્વેસ્ટિંગ અપનાવવું |
| 119 | A) સોકપીટ (શોષ ખાડો) બનાવીને જમીનમાં ઉતારીશું | 120 | D) ઘરમાં અને શાળામાં પાણીનો કરકસરયુક્ત ઉપયોગ કરવો |
| 121 | B) ઘરની અગાસીને વરસાદી પાણીને પાઇપ દ્વારા ભૂગર્ભ ટાંકીમાં સંગ્રહ કરવો. | 122 | C) વરસાદ |
| 123 | C) દરેક ઘરમાં વરસાદી પાણીનો સંગ્રહ કરવાની ઘરગથ્થુ વ્યવસ્થા હતી | 124 | B) જમીનમાં શોષવાને બદલે વહી જાય. |
| 125 | D) આગામી વરસાદ આવે ત્યાં સુધી. | 126 | C) લોકભાગીદારી થી વરસાદી પાણી રોકવાના તળાવ ચેકડેમ બનાવવા. |

| | | | |
|---|---|---|---|
| 127 | A)તે ભીષણ ગરમીમાં પણ ઠંડું રહેતું હતું તેમજ તે સામાજિક મિલનસ્થળ પણ બનતી | 128 | (C) પ્લાસ્ટિકની ખાલી બોટલ |
| 129 | (A) કમળના પાન / જળકુમ્ભી | 130 | (B) મીઠું નાખવાથી પાણીની ઘનતા વધે છે |
| 131 | (B) દડાનું કદ નાનું થવાથી તે ઓછું પાણી ખસેડે છે | 132 | (C) ખાંડ |
| 133 | (B) તેલ પાણીની ઉપર થર બનાવીને તરે છે | 134 | (C) ક્લોરિનની ગોળીઓ |
| 135 | (A) નાળીયેર નું તેલ | 136 | (A) નવસારી જિલ્લો, ગુજરાત |
| 137 | (B) પાણીમાં (કારણ કે મધની સ્નિગ્ધતા/Viscosity વધુ છે) | 138 | (A) દરિયાના પાણીમાં ક્ષાર વધુ હોવાથી ઘનતા વધુ હોય છે અને ઉત્પ્લવક બળ વધારે મળે છે |
| 139 | (A) સપાટી બરાબર તે જ સ્તરે જળવાઈ રહે છે | 140 | (A) ૧-B, ૨-A, 3 -C |
| 141 | C) કાચી પૂરી ડૂબી જશે, જ્યારે તળેલી (ફૂલેલી) પૂરી શરૂઆતમાં તરશે | 142 | (A) મલેરિયા અને ડેન્ગ્યુ |
| 143 | (A) લીલા પાંદડાવાળા શાકભાજી, ગોળ અને આમળા | 144 | (C) માદા એનોફિલિસ દ્વારા ફેલાતા પ્લાઝમોડિયમ જીવાણુ |
| 145 | (A) કારણ કે આંગળીની નસો ત્વચાની નજીક હોય છે અને સરળતાથી લોહી મળે છે | 146 | (B) હિમોગ્લોબિન (લોહી) ની તપાસ |
| 147 | (C) ના, તે મચ્છર કરડવાથી ફેલાતો ચેપી રોગ છે, વારસાગત નથી | 148 | (D) દિવસના તાપમાન અને સૂર્યપ્રકાશથી બચવા માટે તે રાત્રે બહાર નીકળે છે |
| | | | |

| | | | |
|---|---|---|---|
| 149 | (B) ગોળમાં લોહતત્વ વિપુલ પ્રમાણમાં હોય છે અને લીંબુમાં રહેલું વિટામિન C લોહતત્વના શોષણમાં મદદ કરે છે | 150 | (C) તેણે પાલક, બીટ, ગોળ વધુખાવાનું ચાલુ કર્યું હશે. |
| 151 | (C) બાળકોમાં કુપોષણ અને પાંડુરોગ (એનિમિયા) ની સમસ્યા અટકાવવા માટે | 152 | (A) ગંદુ પાણી શેરીમાં એકઠું થવાથી મચ્છર અને ગંદકી વધશે જે સૌના આરોગ્ય માટે હાનિકારક છે. |
| 153 | (B) તળાવની નિયમિત સફાઈ કરવી અને ગંદકી અટકાવવી. | 154 | (D) શાળા કેમ્પસમાં ભરાયેલા પાણીના ખાડા પૂરી દેવા અને પાત્રો સાફ કરવા. |
| 155 | (A) ગામની ગટરો ઢાંકવી અને ખાબોચિયા પૂરી દેવા | 156 | (D) ચાઉમીન, બર્ગર, ચિપ્સ, કોલ્ડડ્રિંક્સ |
| 157 | (B) દર ૨-3 દિવસે પાણી બદલીને કુંડુ સાફ કરી નવું પાણી ભરવું. | 158 | (D) મચ્છરોમાં સમય જતાં દવાની સામે પ્રતિકારક શક્તિ વિકસી ગઈ. |
| 159 | (A) વારંવાર ઝાડા, ઉલટી અને પેટમાં દુખાવો થવો | 160 | (D) ઘર અને આસપાસ સ્થિર પાણી ન રહેવા દેવું |
| 161 | (A) આચાર્યશ્રી કે શિક્ષકને સ્થિતિથી માહિતગાર કરી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા કરાવવી. | 162 | (C) (A) ખોટું છે પણ (R) સાચું છે. |
| 163 | (D) ડેન્ગ્યુ | 164 | (B) ઉત્તમ ગટર વ્યવસ્થા → સ્થિર પાણીનો અભાવ → મચ્છર નિયંત્રણ અને સાફ આરોગ્ય |
| 165 | (A) સભ્યોનો સામાન ઊંચકવામાં અને માર્ગદર્શન આપવામાં મદદ કરવી | 166 | (B) સીટી વગાડી કે અવાજ કરીને તેને ઓળખ આપવી અને એકઠા થવું |
| 167 | (D) બંનેએ શિસ્ત અને સભ્યોની સુરક્ષા જાળવવાની હોય છે | 168 | (B) દિવસનો થાક દૂર કરવા અને એકબીજાને વધુ સારી રીતે જાણવા |

| | | | |
|---|---|---|---|
| 169 | (A) ૯૦ અંશ | 170 | (B) સીધી (Straight) |
| 171 | (A) શરીરના કમરના ભાગે દોરડું સુરક્ષિત રીતે બાંધવા માટે | 172 | (B) બરફ અને વરસાદનું પાણી સહેલાઈથી નીચે સરી જાય તે માટે |
| 173 | (D) નેપાળ | 174 | (B) શંકુ આકારના અને સોય જેવા પાંદડાવાળા |
| 175 | (D) સૌર ઉર્જા અથવા સૂકાં ખરેલાં લાકડાં | 176 | (B) યાક અને ખચ્ચર |
| 177 | (B) સાગરમાથા | 178 | (D) ) દ્રઢ નિશ્ચય, કઠોર પરિશ્રમ અને હિંમતથી સ્ત્રીઓ પણ અશક્ય લક્ષ્ય પ્રાપ્ત કરી શકે છે |
| 179 | (B) ૪3 મિનિટ | 180 | (A) પદ્મશ્રી અને પદ્મભૂષણ |
| 181 | (C) (૧ - B), (૨ - A), (3 - D), (૪ - C) | 182 | (C) વિધાન ૧ અને વિધાન ૨ બંને યોગ્ય છે. |
| 183 | (B) દુશ્મનોના હુમલા સામે રક્ષણ મેળવવા અને દૂરથી દુશ્મનો પર નજર રાખવા માટે | 184 | (A) પોતે સુરક્ષિત રહીને દુશ્મન પર નિશાન તાકી શકત નહીં |
| 185 | (B) લાંબા સમય સુધી ઘેરાબંધી થાય તો પણ પાણીની અછત ન સર્જાય | 186 | (A) તે સમયના લોકોનું જીવન, સંસ્કૃતિ, તકનીક અને ઇતિહાસ જાણવામાં મદદ કરે છે |
| 187 | (B) તાંબુ અને ટીન | 188 | (C)કાંસુ |
| 189 | (C) નીલમ તોપ | 190 | (C) નવઘણ - કૂવો |
| 191 | (B) વિધાન ૧ અયોગ્ય છે અને વિધાન ૨ યોગ્ય છે | 192 | (C) વિધાન A અને B બંને યોગ્ય છે |
| 193 | (D) નવઘણ કૂવો - નદીમાંથી પાણી ખેંચવા માટે બનાવેલી નિક | 194 | (D) ૧-B, ૨-A, 3 -C, ૪-D |
| 195 | (B) વિધાન ૧ યોગ્ય છે અને વિધાન ૨ અયોગ્ય છે | 196 | (C) વિધાન A અને B બંને યોગ્ય છે |

| | | | |
|---|---|---|---|
| 197 | (B) આ તોપો સુલતાન બહાદુરશાહના હુકમથી દમણથી લાવીને ઉપરકોટમાં ગોઠવવામાં આવી હતી | 198 | (C) દમણથી |
| 199 | (B)રૈવતક | 200 | (C) પાણીનો ગ્લાસ ઊંધો કરવા છતાં પાણી ઢોળાશે નહીં પણ ટીપાં રૂપે તરશે |
| 201 | (A) પૃથ્વીના કેન્દ્ર તરફ લાગતું ગુરુત્વાકર્ષણ બળ | 202 | (B) પૃથ્વી અને સૂર્ય સાપેક્ષે ચંદ્રનું સ્થાન બદલાતાં તેના પર પડતો સૂર્યપ્રકાશ પૃથ્વી પરથી અલગ-અલગ દેખાય છે |
| 203 | (B) બરફ અને વરસાદનું પાણી સરળતાથી વહી જાય અને લાકડું ઘરને ગરમ રાખે | 204 | (A) તે તંબુને અત્યંત ઠંડા પવનથી રક્ષણ આપે છે |
| 205 | (C) શિયાળામાં પ્રાણીઓ અને ઘરને તીવ્ર ઠંડીથી બચાવવા | 206 | (B)પહાડી બકરી |
| 207 | (B) ઘરના કોઈ મજબૂત ટેબલ કે પલંગ નીચે બેસી જવું અને માથું ઢાંકવું | 208 | (C) હળવા મટિરિયલ, લાકડું અને વાંસનો ઉપયોગ કરી લવચીક માળખું બનાવાય છે |
| 209 | (B) પીવાના સ્વચ્છ પાણી અને વિષસંક્રમિત (Sanitized) શૌચાલયોની વ્યવસ્થા કરવી | 210 | (A) ઉચ્છવાસમાં રહેલી વરાળ ઠંડા કાચ પર ઠરીને પાણીના સૂક્ષ્મ ટીપાં બનાવે છે |
| 211 | (A) મોંમાંથી બહાર આવતી હવાનું તાપમાન ગરમ ચા કરતાં ઓછું હોય છે | 212 | (A) અવાજનું પ્રસારણ અને અવાજનું મોટું થવું |
| 213 | (B) જાતિ આધારિત ભેદભાવ અને અસ્પૃશ્યતા | 214 | (C) કચરો સંગ્રહ કરવા માટે કચરાપેટીનો જ ઉપયોગ કરવો અને ઉપયોગ પછી શૌચાલયમાં પાણી રેડવું |

| | | | |
|---|---|---|---|
| 215 | (B) લીલી (ભીનો કચરો - જૈવ વિઘટનીય) | 216 | (D)લિંગ ભેદભાવ (જેન્ડર અસમાનતા) |
| 217 | (B) ટીમ ભાવના (Team Spirit) અને પરસ્પર સહયોગ | 218 | (C)શિસ્ત, સહનશીલતા અને જૂથભાવના |
| 219 | B) જળ સંસાધનોનું અસમાન વિતરણ અને વ્યવસ્થાપનની ખામી | 220 | (B) ઓ.આર.એસ. (ORS - ઉકાળેલા પાણીમાં ખાંડ અને મીઠાનું મિશ્રણ) |
| 221 | (D) કમળો અને ટાઈફોઈડ | 222 | (B) પાણીને ૧૦-૧૫ મિનિટ ઉકાળીને ઠંડુ પાડવું |
| 223 | (B) લીંપણ (માટી અને છાણ) નો ગારો | 224 | (A) જમીનની ફળદ્રુપતા ઘટે છે અને જમીન અનુપજાવ બને છે |
| 225 | (A) જમીનની ફળદ્રુપતા ઘટે છે અને જમીન અનુપજાવ બને છે | 226 | (B) પાંદડા, છાણ અને અળસિયાં દ્વારા દેશી કમ્પોસ્ટ ખાતર |
| 227 | (B) કુડુક (Kuduk) | 228 | B) ૨૫ વર્ષ |
| 229 | (B) એક પાક લીધા પછી જમીનને થોડા વર્ષો માટે પડતર રાખવી અને ઉગેલા વાંસ/ઘાસને બાળીને રાખ ખાતર તરીકે વાપરવી | 230 | (D) ઉપર આપેલ તમામ |
| 231 | (B) અનુવંશિક (આનુવંશિક) લક્ષણો | 232 | (A) વટાણાના છોડમાં લક્ષણો જોડમાં હોય છે (જેમ કે છોડ ઊંચો કે છોડ છોટો) |
| 233 | (B) પોલિયો રસીના ટીપાં (OPV) | 234 | (B) બાળકોના શિક્ષણ પર (શાળા છૂટી જવી) |
| 235 | (B) વેતન વિના કે ઓછા વેતને મજૂરી | 236 | (C) ઓનલાઈન શિક્ષણ અથવા મોબાઈલ સંજીવની શાળા/રાત્રી શાળા |
| 237 | (C) Recycle (પુનઃચક્રણ | 238 | (A) થાળીમાં જરૂર જેટલું જ ભોજન લેવું |

| | | | |
|---|---|---|---|
| 239 | (B) હવા અને ધ્વનિ (અવાજ) પ્રદૂષણ | 240 | (C) પ્લાસ્ટિકની કોથળી અને બોટલ |
| 241 | (B) પ્રકાશસંશ્લેષણ ન થવાથી છોડ પીળો પડી જશે અને મુરઝાઈ જશે | 242 | (A) અશ્મિભૂત બળતણ (એલપીજી/ગેસ) |
| 243 | (B) તે ભૂકંપ અને અતિશય ઠંડી સામે કુદરતી ઇન્સ્યુલેશન (ગરમી) પૂરું પાડે છે | 244 | (B) સિંગલ-યુઝ પ્લાસ્ટિક અને થર્મોકોલ |
| 245 | (B) લિફ્ટમાં ફસાઈ જવાનું કે નીચે પડવાનું જોખમ રહે છે | 246 | (B) લણણી (પાક કાપણી) ના ઉત્સવ ઉજવવા માટે |
| 247 | (A) ઊંચાઈ પર જતાં હવાનું દબાણ અને ઓક્સિજનનું પ્રમાણ ઘટે છે | 248 | (A) સૂક્ષ્મજીવો ઊંચા અને નીચા તાપમાને નિષ્ક્રિય થાય છે કે નાશ પામે છે |
| 249 | (B) બાષ્પીભવન (સૂર્યપ્રકાશથી પાણી વરાળ બની ઊડી જાય છે | 250 | (D) ચેપ, જીવાણુઓ અને ઝેરી વાયુઓથી રક્ષણ મેળવવા |

# ધોરણ 3 અને ધોરણ 6 ની ક્ષમતાઓ અને ટકાવારી

## જિલ્લા • રાજ્ય • રાષ્ટ્રીય પ્રદર્શન સરખામણી

જિલ્લો (District) | રાજ્ય (State) | રાષ્ટ્રીય (National)

## ધોરણ 3 (Foundation Stage)

### ભાષા (Language)

| ક્ષમતા | વિગત | જિલ્લો (District) | રાજ્ય (State) | રાષ્ટ્રીય (National) |
|---|---|---|---|---|
| C-9.7 | રોજબરોજની વાતચીત અને તુતન શબ્દભંડોળનો ઉપયોગ | 62% | 61% | 67% |
| C-10.5 | ટૂંકી વાર્તાઓનું વાંચન અને મુખ્ય વિચારની સમજ | 51% | 52% | 60% |
| C-10.7 | ટૂંકા સમાચારો અને સૂચનાઓનું વાંચન-સમજ | 57% | 55% | 61% |

### ગણિત (Mathematics)

| ક્ષમતા | વિગત | જિલ્લો (District) | રાજ્ય (State) | રાષ્ટ્રીય (National) | |
|---|---|---|---|---|---|
| C-8.1 | વસ્તુઓનું ગુણધર્મોના આધારે જૂથ વિભાજન | 63% | 63% | 68% | 63% |
| C-8.2 | આકારો અને સંખ્યાઓમાં સરળ પેટર્ન વધારવી | 65% | 63% | 69% | 69% |
| C-8.4 | 99 સુધીની સંખ્યાઓને ચડતા-ઉતરતા ક્રમમાં ગોઠવવી | 48% | 55% | 61% | 55% |
| C-8.5 | દશાંસ પદ્ધતિ અને સ્થાનકિંમતની સમજ ( 99 સુધી) | 54% | 57% | 61% | 61% |
| C-8.6 | 2-અંકી સંખ્યાઓના સરવાળા અને બાદબાકી | 42% | 47% | 58% | 58% |
| C-8.7 | ગુણાકાર અને ભાગાકારની પાયાની સમજ | 41% | 43% | 54% | 54% |
| C-8.8 | મૂળભૂત ભૌમિતિક આકારો અને અવકાશીય સંબંધ | 37% | 40% | 50% | 50% |
| C-8.9 | લંબાઈ, વજન અને કદનું સરળ માપન | 55% | 52% | 62% | 62% |
| C-8.10 | સમયનું સામાન્ય માપન (મિનિટ, કલાક, દિવસ) | 50% | 52% | 61% | 64% |
| C-8.11 | 100 રૂપિયા સુધીના નાણાકીય વ્યવહારો | 38% | 41% | 50% | 50% |
| C-8.12 | ગણિતની વિભાવનાઓ વ્યક્ત કરવા યોગ્ય શબ્દભંડોળ | 51% | 51% | 55% | 51% |
| C-8.13 | વ્યવહારિક જીવનના સરળ ગાણિતિક કોયડા ઉકેલવા | 44% | 44% | 55% | |

## ધોરણ 6 (Preparatory Stage)

### ભાષા (Language)

| ક્ષમતા | વિગત | જિલ્લો (District) | રાજ્ય (State) | રાષ્ટ્રીય (National) |
|---|---|---|---|---|
| C-2.1 | લખાણનું સમજવા માટે વિવિધ વ્યૂહરચનાઓનો ઉપયોગ | 54% | 50% | 56% |
| C-2.2 | ગૂખ્ય વિચારો સંજજવા અને તારણી કારયા | 57% | 53% | 68% |

### ગણિત (Mathematics)

| ક્ષમતા | વિગત | જિલ્લો (District) | રાજ્ય (State) | રાષ્ટ્રીય (National) |
|---|---|---|---|---|
| C-1.1 | ભારતીય સંખ્યા લેખન પદ્ધતિ અને મોટી સંખ્યાઓ | 59% | 53% | 54% |
| C-1.2 | રોજિંદા જીવનના અપૂર્ણાંકોની સમજ | 25% | 25% | 29% |
| C-1.3 | મુળભૂત ચાર ક્રિયાઓ અને ઘડિયાનો વ્યવહારિક ઉપયોગ | 50% | 46% | 53% |
| C-1.4 | નકશા (નક્‍ર્જાં શાં) પવી સંખ્યનનીની પેર્ના | | | 49% |
| C-2.4 | નકશા (નજરી નકશા) પર સ્થાન અને દિશા દર્શાવવા | 49% | 45% | 48% |
| C-3.3 | માપનની પ્રણાલીમાં સરળ એકમ પરિવર્તન | 34% | 32% | 38% |
| C-3.5 | અંતર, પરિમિતિ, ક્ષેત્રફળ અને કદની અંદાજ | 37% | 35% | 42% |
| C-4.1 | જાદુઈ ચોરસ જેવા વ્યવહારિક પ્રશ્નો ઉકેલવા | 33% | 31% | 38% |
| C-4.3 | ગણતરી કરવા માટેટ યોગ્ય રીત (મૌખિક કે લેખિત) પસંદ કરવી | 42% | 41% | 49% |

### આપણી આસપાસની દુનિયા (The World Around Us)

| ક્ષમતા | વિગત | જિલ્લો (District) | રાજ્ય (State) | રાષ્ટ્રીય (National) |
|---|---|---|---|---|
| C-1.1 | કુદરતી અને સામાજિક ઘટકોને ઓળખવા | 44% | 44% | 44% |
| C-1.3 | ઋતુ પરિવર્તન અને ચંદ્રની કળાઓ વિશે પ્રશ્નો પૂછવા | 38% | 38% | 38% |
| C-1.4 | સ્થાનિક સંસ્થાઓ (પંચાયત, બેંક, બજાર) ના કાર્યો | 55% | 51% | 56% |
| C-3.2 | કટોકટીની સ્થિતિ (આગ, ઈજા) માં પૂર્વતૈયારી | 40% | 39% | 45% |
| C-4.1 | વનસ્પતિ અને પ્રાણીઓની વિવિધતાનું વર્ણન | 53% | 51% | 54% |
| C-4.3 | કુદરતી સંસાધનોના ઉપયોગ વિશે જણાવવું | 47% | 43% | 50% |
| C-4.7 | સામાજિક મૂલ્યો અને પર્યાવરણ અનુકૂળ વ્યવહારો | 48% | 46% | 51% |
| C-5.3 | સંકેતો સાથે દેશ અને રાજ્યના નકશા વાંચવા | 43% | 41% | 46% |

Grok

# પરખ ટેકસોનોમીના
# સબ-ડોમેન્સ

Awareness • Sensitivity • Creativity

## જાગૃતિ

- જ્ઞાન
- પ્રક્રિયાની સમજ
- રચનાની સમજ

## સંવેદનશીલતા

- સહકાર
- વિવાદ નિરાકરણ
- ખુલ્લું મન

## સર્જનાત્મકતા

- નવીન વિચારો
- લવચીકતા
- બહુવિધ વિચારો
- અન્વેષણ
- વિચારોનું સંયોજન

